R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

VOL.69 ISSUE NO. 7 - OCTOBER 2026 - 52 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org

# શ્રીમતી તારામતી વિશનજી ગાલા
# સાહિત્ય - કલા પુરસ્કાર ૨૦૨૬

મુંબઈ, કચ્છ અને દેશાવરમાં વસતા કચ્છનાં મૂળ વતની એવા સાહિત્યકારોને તેમની સાહિત્ય - સર્જનની પ્રવૃત્તિને ઉત્તેજન આપવાના ઉદ્દેશથી શ્રી.ક.વિ.ઓ.સેવા સમાજ આયોજિત શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય - કલા પુરસ્કાર - ૨૦૨૬ના પારિતોષિક સંદર્ભે કચ્છી ભાષામાં પ્રગટ થયેલા પુસ્તકોને પુરસ્કૃત કરવા માટે જાન્યુઆરી ૨૦૨૫ - ડિસેમ્બર ૨૦૨૫ ની વચ્ચે પ્રગટ થયેલા કચ્છી પુસ્તક (ગદ્ય - પદ્ય) ના સર્જકોએ તેમની કૃતિની બે નકલ અરજી સાથે તા. ૩૧-૧૦-૨૦૨૬ સુધીમાં નીચે જણાવેલ સરનામે મોકલવા વિનંતી.

(**નોંધ:**કચ્છી ભાષાનાં પુસ્તકો માટે ત્રણ વાર પારિતોષિક પ્રાપ્ત કરનારે અથવા કચ્છી ભાષામાં આજીવન પ્રદાન બદલ પારિતોષિક પ્રાપ્ત કરનારે પુસ્તક મોકલવું નહીં.) **સંપર્ક :**

ડો. વિશન નાગડા સરનામું : કોસ્મો હાઉસ, ભૂમિ ટાવર સામે, કલીકુંડ જૈન દેરાસર પાસે, ટી.પી.એસ.૫, રોડ નં ૨, સાંતાક્રુઝ (ઇસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૫. **ફોન : ૯૮૨૦૪ ૫૬૮૯૯**

વિ. શ્રી.ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર






દર મહિનાની નવી **'પગદંડી'** ના પ્રકાશન સાથે આ ગ્રુપમાં તેના રસપ્રદ **Teasers** તથા પસંદગીના લેખોની **Audio/Video Clips** શેર કરવામાં આવશે.

પણ **'પગદંડી'** માત્ર આજની નથી—તેની પાછળ લગભગ આઠ દાયકા નો અમૂલ્ય વારસો છે.

વર્ષો પહેલાંના અંકોમાં આપણા સમાજના વિચારો, પ્રશ્નો, પરિવર્તનો, સાહિત્ય, સંસ્મરણો અને સમયની ધબકાર સચવાયેલી છે.

ડિજિટલી સાચવી રાખેલી આ જૂની **'પગદંડી'** માંથી પસંદગીના અંકો, લેખો અને રસપ્રદ સામગ્રી મહિનાના બાકીના દિબકોમાં ફરી આપણી વચ્ચે જીવંત કરવામાં આવશે—જૂની પગદંડી નાં પાનાં ખૂલશે અને સાથે આપણા સમાજનો ઈતિહાસ પણ બોલતો થશે.

આ ગ્રુપની **Link** વધુ ને વધુ સ્વજનો સુધી પહૉંચાડશો. **'પગદંડી'** આપણા સૌની લાડકી દીકરી છે—ચાલો, તેને દરેકના મોબાઈલ સુધી જ નહીં, દરેકના હૃદય સુધી પહૉંચાડીએ.

https://cutt.ly/KvossPagdandi




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund & Specialized Investment Funds Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- Tax Planning
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India,
- HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
FINANCIAL SERVICES
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Financial Services
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141
www.gadaharia.com
AMFI Registered MF & SIF Distributors - ARN:279933

CA, CFP Rajesh Gada
Village: Bada
98676 23250
rajesh@gadaharia.com

CA Vipul Bheda
Village: Samaghoga
98202 22750
vipul@gadaharia.com

Vikas Vira
Village:Nagalpur
98205 20268
vikas@gadaharia.com

# પગદંડી

ઓક્ટોબર ૨૦૨૬


## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી...... ઉત્સવ અને જવાબદારી | સંજય ચંદનબેન વિસનજી છેડા...... | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ...... ડિજિટલ દુનિયા અને આગળ વધતી પેઢી | બિમલ જવેરબેન લાલજી વોરા ...... | ૯ |
| પગ મેં ભમરી...... ડોંબિવલી | લીલાધર હાંસબાઈ માણેક ગડા 'અધા'...... | ૧૧ |
| મારા પુત્રને શીખવજો...... | રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ...... | ૧૫ |
| શું આપના ઘરમાં એક વાવાઝોડું છુપાયેલું છે ?...... | ડૉ. શિરીષ ભાનુમતીબેન ચુનીલાલ માલદે ...... | ૧૯ |
| 'ટિંગ ટોંગ' રણકાર કે સ્વજનનો કર્ણપ્રિય સાદ...... | પ્રવિણ ખેતબાઈ ઠાકરશી દેઢિયા ...... | ૨૩ |
| પેરેન્ટિંગનું વર્તમાન...... | પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિઃશબ્દ)...... | ૨૪ |
| રમત છૂટી ગઈ, પણ રમતને દીકરીઓથી છૂટવા ન દીધી. | સંકલનઃ સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા...... | ૨૭ |
| સ્મિત પાછળનું મૌન...... | નયન પ્રજ્ઞાબેન હરેશ નિસર...... | ૩૦ |
| સંબંધોનાં બદલાતાં સમીકરણો-સમાજ માટે લાલબત્તી.... | રેખા પ્રવીણ જખ્ખુભાઈ નંદુ ...... | ૩૩ |
| ''સંબંધ''...... | જયંત ગોમીબેન ગણશી જાગાણી ...... | ૩૫ |
| બલિહારી ગુરુ આપકી...... | ગીતા અમૃતબેન નાનજી સત્રા ...... | ૩૭ |
| **પ્રતિભાવ - પ્રતિસાદ** | | |
| પગદંડી ડૉ. ગુલાબભાઈ દેઢિયા લેખ...... | ડૉ. પુષ્પા ગોસર...... | ૩૯ |
| **પગદંડીને પત્ર** | | |
| પગદંડી સાથેની મારી સફર...... | લોપા ઈલેશ ધરોડ (મારુ) ...... | ૪૦ |
| મનગમતું અનોખું - આરોગ્યધામ | જયંતી લક્ષ્મીબેન વાલજી ગોગરી...... | ૪૧ |
| ઉર્મિલહર...... | સંપાદન : વિશન પાનબાઈ દેવરાજ નાગડા...... | ૪૨ |
| ક.વી.ઓ. સેવા સમાજ અપટેડ...... | ...... | ૪૫ |
| સાંત્વન...... | ...... | ૪૮ |
| મુખપૃષ્ઠ ચિત્ર ...... | ChatGPT...... | |



**ટાઈપસેટીંગ : ધીરેન તારાબેન મુરજી ગાલા (કોટડા (રોહા) - ફોર્ટ) મોબાઈલ : ૯૮ ૩૩ ૫૪ ૧૦ ૪૦**

**પગદંડી કાર્યાલય ફોન :૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

**ATUL GALA**
MO. 93 2222 1205
**ROHIT GALA**
MO. 98200 99251

**Gala Caterers®**
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

**RAJESH GALA**
MO. 98200 32010/50
**CHIRAG GALA**
MO. 97 0202 9280

# Catering Services

**Celebrate The Joy Of Togetherness With Flawless Food Catering...!**



- ☑ Birthday Party
- ☑ Wedding Catering
- ☑ Buffet Catering
- ☑ Corporate Catering
- ☑ Business Event
- ☑ Special Occasions

5, Natraj Building, Laxmi Narayan Lane, Matunga (C.R), Mumbai - 400019.
www.galacaterers.in | info@galacaterers.in

# તંત્રીસ્થાનેથી



## ઉત્સવ અને જવાબદારી

**ઉત્સવનો મૂળ ભાવ - લોકોને જોડવાનો**

ઉત્સવ એટલે આનંદ, શ્રદ્ધા, પરંપરા અને લોકોને એકબીજાની નજીક લાવતો પ્રસંગ. દરેક ધર્મ, જ્ઞાતિ અને સંપ્રદાયની પોતાની માન્યતાઓ અને ઉજવણીની રીતો છે. ભારતમાં અનેક જાહેર અને સામૂહિક ઉત્સવોને ***સ્વાતંત્ર્ય પહેલાં વિશાળ સ્વરૂપ આપવાનો એક મહત્ત્વનો હેતુ લોકોને એકત્ર કરવાનો, સામાજિક એકતા વધારવાનો અને સામૂહિક ચેતના ઊભી કરવાનો હતો.***

**એકતામાંથી સ્પર્ધા તરફ ?**

સમય બદલાયો અને ઉજવણીનું સ્વરૂપ પણ બદલાયું. કેટલીક જગ્યાએ એકતા અને સહભાગિતા કરતાં સ્પર્ધા આગળ આવી ગઈ હોય એવું લાગે છે - મોટો પંડાલ કોનો, મોટી મૂર્તિ કોની, વધુ ભવ્ય સજાવટ કોની, વધુ લાઈટિંગ કોનું, વધુ મોટું ડી.જે., વધુ નાસિક ઢોલ કે મોટી લેઝીમ ટીમ કોની? ઉજવણીની સફળતા ધીમે ધીમે તેના મૂળ હેતુ કરતાં તેનાં કદ અને દેખાવથી મપાવા લાગે ત્યારે થોડું અટકીને વિચારવાની જરૂર છે.

**આ વાત કોઈ ધર્મની તરફેણ કે વિરોધની નથી; માત્ર આપણી જાત પ્રત્યે પ્રામાણિક રહીને સમજદારીપૂર્વક વિચારવાની છે.**

**જે જોડવા માટે હતું, તે જ વિખવાદનું કારણ?**

વાત ત્યારે વધુ ગંભીર બને છે જ્યારે લોકોને જોડવા માટેની ઉજવણી જ લોકો વચ્ચે અંતર વધારવાનું કારણ બને. તાજેતરમાં ધાર્મિક સરઘસ દરમિયાન મૂર્તિ પર ઈંડું ફેંકવાની, અન્ય ધર્મની વ્યક્તિની સ્કલકેપ ખેંચવાની અને પંડાલમાં ડી.જે.ના ઉપયોગ જેવા મુદ્દે હરીફ જૂથો વચ્ચે હુમલા સુધી વાત પહોંચ્યાની ઘટનાઓ સમાચારપત્રોમાં નોંધાઈ છે. અહીં પ્રશ્ન કોણ સાચું અને કોણ ખોટું તેનો નથી; વધુ મૂળભૂત પ્રશ્ન એ છે કે જે સામૂહિક ઉજવણીઓનો મૂળ ભાવ લોકોને જોડવાનો હતો, ત્યાં ધર્મના નામે ઉશ્કેરણી, હરીફાઈ કે હિંસા માટે જગ્યા જ કેમ હોવી જોઈએ? ક્યાંક આપણે ઉજવણીનો મૂળ હેતુ ભૂલી રહ્યા છીએ કે શું ?

**આનંદ આપણો - અગવડ કોની ?**

જે વિસ્તારોમાં મોટા પાયે ઉજવણીઓ થાય છે ત્યાં રહેતા લોકો તેની બીજી બાજુ સારી રીતે જાણે છે. કેટલાક દિવસ સુધી ભારે ટ્રાફિક રહે, પોતાની કાર બહાર કાઢવી મુશ્કેલ બને, થોડા અંતર માટે પણ

લાંબો સમય લાગે અને રોજિંદું જીવન ખોરવાય. બહારથી થોડા કલાક માટે ઉત્સવ માણવા આવનારને કદાચ આ મુશ્કેલી ન દેખાય, પરંતુ ત્યાં રહેતા લોકો માટે તે સતત અનેક દિવસની સમસ્યા હોઈ શકે છે.

**ટ્રાફિકમાં ફસાયેલી ઍમ્બ્યુલન્સ**

હવે એ જ ટ્રાફિકમાં ફસાયેલી એક એમ્બ્યુલન્સની કલ્પના કરીએ. અંદરનો દર્દી સમયસર હૉસ્પિટલ પહોંચવા માટે સંઘર્ષ કરી રહ્યો હોય અને તેની સાથે બેઠેલા પરિવારજનો માટે દરેક મિનિટ અત્યંત કિંમતી હોય. બહાર હજારો લોકો આનંદમાં હોય અને એ જ સમયે કોઈ પરિવાર માટે જીવન-મરણનો પ્રશ્ન હોય-ત્યારે આ માત્ર ટ્રાફિકની સમસ્યા નથી રહેતી; આપણી સામૂહિક સંવેદનાની કસોટી બની જાય છે. મોટા આયોજનમાં ઈમરજન્સી વાહનો માટે અવરોધ વગરનો માર્ગ રહે તે વ્યવસ્થાનો પ્રથમ ભાગ હોવો જોઈએ.

**બીજાના સમયની પણ કિંમત છે.**

ટ્રાફિકમાં અટકનાર દરેક વ્યક્તિ ફરવા નીકળેલી નથી. કોઈ કર્મચારી કામે જઈ રહ્યો હોય, વિદ્યાર્થી પરીક્ષા આપવા નીકળ્યો હોય, રિક્ષા કે ટૅક્સી ડ્રાઈવર રોજની આવક કમાઈ રહ્યો હોય કે ડિલિવરી કરનાર સમયસર પહોંચવાનો પ્રયત્ન કરતો હોય. હજારો માણસોની થોડી-થોડી મિનિટો મળીને કેટલા માનવ-કલાકો વેડફાય છે તેનો આપણે હિસાબ કરતા નથી. બીજાના સમયનો બિનજરૂરી બગાડ પણ એક સામાજિક ખર્ચ છે.

**સરઘસમાં છીએ એટલે રસ્તો આપણો નથી**

ધાર્મિક સરઘસ કે ઉત્સવનો ભાગ બન્યા પછી જાણે થોડા સમય માટે આખો રસ્તો આપણો જ છે એવી માનસિકતા ઘણી વાર જોવા મળે છે. જ્યાં અનુકૂળ લાગે ત્યાં વાહન પાર્ક કરી દેવું, જરૂર ન હોય છતાં વાહન સરઘસમાં લઈ આવવું, વાહનની ક્ષમતા કરતાં વધુ લોકોને બેસાડવા કે ટુ-વ્હીલર પર ત્રણ-ચાર વ્યક્તિઓ સવાર થવી - ઉત્સવના ઉત્સાહમાં આ બધું સામાન્ય માની લેવાય છે. શ્રદ્ધા આપણને ટ્રાફિકના નિયમો કે સલામતીની જવાબદારીમાંથી મુક્ત કરતી નથી; ઊલટું બીજાની સલામતી પ્રત્યે વધુ જવાબદાર બનાવવી જોઈએ.

**શ્રદ્ધાનો અવાજ કેટલો મોટો હોવો જોઈએ ?**

મારા ઘરની નજીક એક ધાર્મિક સ્થળ છે જ્યાં કેટલાક પ્રસંગોએ સવારે લગભગ સાડા છ વાગ્યાથી લાઉડસ્પીકર, બેન્ડ અને મોટા અવાજ સાથે કાર્યક્રમો શરૂ થાય છે. તેની બરાબર સામે કૉલેજ છે અને માત્ર ત્રણ બિલ્ડિંગ દૂર સ્કૂલ છે. એ સ્થળ કયા ધર્મનું છે તે લખવું જ અપ્રસ્તુત છે. પ્રશ્ન માત્ર એટલો છે - આપણી શ્રદ્ધા વ્યક્ત કરતી વખતે સામે ભણતા વિદ્યાર્થીઓ, આસપાસના બીમાર લોકો, નાનાં બાળકો અને વડીલોનો વિચાર પણ ન થવો જોઈએ? આપણને આનંદ આપતો અવાજ બીજા કોઈ માટે અસહ્ય ઘોંઘાટ બની શકે છે.

**પ્રકાશ પણ પ્રદૂષણ બની શકે**

હવા અને અવાજના પ્રદૂષણની ચર્ચા ઘણી થાય છે, પરંતુ પ્રકાશ પ્રદૂષણ વિશે બહુ ઓછું વિચારીએ છીએ. આખી રાત ઝળહળતી લાઈટો, અત્યંત તેજ કે સતત ચમકતી લાઈટિંગ અને જરૂર કરતાં અનેક ગણી રોશનીનો પ્રશ્ન માત્ર વીજળીની વપરાશ પૂરતો નથી. આસપાસ રહેતા લોકોની ઊંઘમાં ખલેલ પડવી કે રસ્તા પર વાહન ચલાવનારનું ધ્યાન ભટકવું જેવી બાબતોનો પણ વિચાર થવો જોઈએ. રોશની ઉત્સવની સુંદરતા વધારે, નવી સમસ્યા નહીં.

**ફટાફડા - આનંદ સાથે જોખમ પણ?**

ફટાકડાનો પ્રશ્ન માત્ર હવા અને અવાજના પ્રદૂષણ પૂરતો નથી. અત્યંત મોટા અને ભારે અવાજવાળા ફટાકડા ચાલુ જાહેર રસ્તા પર કે ગીચ રહેણાંક વિસ્તારમાં ફોડવાથી વાહનચાલક અચાનક ગભરાઈ શકે, વડીલો, બીમાર વ્યક્તિઓ અને નાનાં બાળકોને તકલીફ થઈ શકે, પશુ-પક્ષીઓ ભયભીત થાય અને આગ કે અકસ્માતનું જોખમ ઊભું થાય. ચાલુ રસ્તાની વચ્ચે ફટાફડા મૂકીને ટ્રાફિક રોકવો કે વાહનો નજીક હોવા છતાં ફટાફડા ફોડતા રહેવું ઉજવણીનો જરૂરી ભાગ કેવી રીતે હોઈ શકે? આપણા થોડા સેકન્ડના આનંદ માટે કોઈ અજાણ્યા માણસને ડર, ઈજા કે અકસ્માતનું જોખમ આપવાનો આપણને અધિકાર નથી.

**ભવ્યતાની સાથે સલામતી પણ ભવ્ય હોવી જોઈએ**

ભીડ, અસ્થાયી સ્ટેજ અને ગૅટ, ઈલેક્ટ્રિક જોડાણો, ફટાફડા તથા ક્ષમતા કરતાં વધુ લોકો-આ બધામાં નાની બેદરકારી પણ મોટી દુર્ઘટનાનું કારણ બની શકે છે. ભવ્ય આયોજનની સાથે સલામતી, ઈમરજન્સી માર્ગ, ટ્રાફિક વ્યવસ્થા અને સ્થાનિક રહેવાસીઓની સુવિધાનું આયોજન પણ એટલું જ મહત્ત્વનું હોવું જોઈએ.

**ઉજવણી પૂરી - સફાઈ કોની?**

આપણી ઉજવણી રાત્રે પૂરી થઈ જાય છે, પરંતુ ઘણી વાર તેની નિશાનીઓ બીજા દિવસે રસ્તા પર રહી જાય છે - ફૂલો, પ્લાસ્ટિક, કાગળ, થર્મોકોલ, ખાણીપીણીનો કચરો અને સજાવટનો સામાન. બીજા દિવસે સફાઈ કર્મચારીઓ આપણી ઉજવણીનો બાકી રહેલો હિસાબ સાફ કરતા હોય છે. પંડાલ ઊભો કરવા અને ઉતારવા જેટલું જ આયોજન વિસ્તારને સંપૂર્ણ સ્વચ્છ કરવા માટે કેમ ન હોય? આયોજકો અને સ્વયંસેવકો સ્થળને પહેલા જેટલું સ્વચ્છ હતું એટલું જ સ્વચ્છ કરીને જાય, તો એ પણ ઉજવણીનો અભિન્ન ભાગ બની શકે.

**ઉત્સવ પછી આપણે જાહેર જગ્યા કેવી છોડી જઈએ છીએ, એ પણ આપણા સંસ્કારની એક કસોટી છે.**

ફૂલ, ફટાફડા અને લાઈટિંગ પછી શું બચે છે?

મોટી સજાવટ, ફૂલો, ફટાકડા, લાઈટિંગ, હોર્ડિંગ્સ અને અન્ય દેખાવ પાછળ ઘણી રકમ ખર્ચાય છે. આ બધું સંપૂર્ણપણે બંધ કરવાની વાત નથી. પ્રશ્ન પ્રમાણ અને પ્રાથમિકતાનો છે. જે ખર્ચ કરીએ તે સમજદારીપૂર્વક અને શક્ય તેટલો સૌના કલ્યાણમાં થાય એવો વિચાર કેમ ન કરીએ?

**ઉજવણીનો થોડો હિસ્સો સેવાને**

એ જ બજેટનો થોડો હિસ્સો જરૂરિયાતમંદ વિદ્યાર્થીની ફી, કોઈ દર્દીની સારવાર, મેડિકલ સાધનો, વડીલોની સેવા, જાહેર સુવિધા, સ્વચ્છતા, વૃક્ષારોપણ કે અન્ય સામાજિક કાર્ય માટે વપરાય તો? ફૂલ આવતીકાલે કરમાઈ જશે, ફટાકડો થોડી ક્ષણમાં પૂરો થઈ જશે અને લાઈટો થોડા દિવસમાં ઊતરી જશે; પરંતુ એ જ રકમથી કોઈના જીવનમાં આવેલો સારો ફેરફાર વર્ષો સુધી રહી શકે છે. કદાચ શ્રદ્ધાનું આ પણ એક સુંદર સ્વરૂપ બની શકે.

**ઉત્સવનો ઉમંગ ઓછો નહીં - પણ વધુ સમજદારીપૂર્વક**

ઉકેલ ઉત્સવો ઓછા ઊજવવાનો નથી કે ઉત્સાહ ઓછો કરવાનો નથી. ઉકેલ છે, સ્પર્ધા ઓછી કરીને સહભાગિતા વધારવાનો અને દેખાડા કરતાં ઉપયોગિતાને વધુ મહત્ત્વ આપવાનો. સંગીત હોય, પણ મર્યાદામાં; રોશની હોય, પણ બગાડ વગર; સરઘસ હોય, પણ રસ્તાની જવાબદારી સાથે; ભોજન હોય, પણ પાછળ કચરાના ઢગલા વગર; ખર્ચ હોય, પણ તેનો થોડો ભાગ સમાજના કાયમી કલ્યાણ માટે પણ હોય.

**સફળ ઉજવણીની નવી કસોટી**

જે સામૂહિક ઉજવણીનો મૂળ હેતુ લોકોને જોડવાનો હતો તેની સફળતા માત્ર પંડાલની ઊંચાઈ, મૂર્તિનું કદ, લાઈટોની સંખ્યા, ફટાકડાનો ખર્ચ કે ઢોલના અવાજથી ન માપીએ, કેટલા લોકોને સાથે લાવ્યા, કેટલા જરૂરિયાતમંદોને મદદ થઈ, વિસ્તાર કેટલો સ્વચ્છ રાખ્યો, સંસાધનો કેટલાં સમજદારીથી વાપર્યા અને આપણા આનંદને કારણે કેટલા ઓછા લોકોને અગવડ થઈ - એ જ સફળ ઉજવણીની કસોટી બને.

**માત્ર ત્રણ પ્રશ્ન**

કોઈ પણ ઉજવણી પહેલાં આયોજકથી લઈને સામાન્ય સહભાગી સુધી આપણે પોતાની જાતને માત્ર ત્રણ પ્રશ્ન પૂછીએ; શું આ જરૂરી છે? શું આટલું જરૂરી છે? અને મારા આનંદની કિંમત કોઈ બીજું તો નથી ચૂકવી રહ્યું ને?

આપણો ઉત્સવ ઊજવવાનો અધિકાર જ્યાં બીજાના શાંતિથી જીવવાના, ભણવાના, મુસાફરી કરવાના, રોજગાર મેળવવાના કે સમયસર સારવાર મેળવવાના અધિકારને સ્પર્શે છે, ત્યાંથી આપણી જવાબદારી શરૂ થાય છે.

**શ્રદ્ધા + સંવેદના + સામાન્ય = સમજ**

ધર્મ અને પરંપરા આપણને જોડે, એકબીજાથી દૂર ન કરે. શ્રદ્ધા સાથે સંવેદના, ઉત્સાહ સાથે સંયમ અને પરંપરા સાથે સામાન્ય સમજ જોડાય તો ઉજવણી નાની નહીં થાય - વધુ અર્થપૂર્ણ બનશે.

ઉજવણી એવી કરીએ કે આનંદ સૌનો વધે અને કોઈની શાંતિ, સમય, સ્વાસ્થ્ય, સુરક્ષા કે જીવન તેની કિંમત ન બને.

**- સંજય ચંદનબેન વિસનજી છેડા**

- રતાડિયા ગણેશવાલા, **મો.: ૯૮૯૨૮૧૫૩૬૭**

# પ્રમુખશ્રીની કલમે



✲ બિમલ જવેરબેન લાલજી વોરા ✲

## ડિજિટલ દુનિયા અને આગળ વધતી પેઢી

આજે આપણે એક એવી સદીમાં જીવી રહ્યા છીએ જ્યાં ટૅક્નૉલૉજી આપણા જીવનનો અનિવાર્ય હિસ્સો બની ગઈ છે. ડિજિટલ ક્રાંતિએ માત્ર આપણી જીવનશૈલી જ નથી બદલી, પરંતુ નવી પેઢી (જેને આપણે જનરેશન ઝેડ અથવા આલ્ફા કહીએ છીએ)ને વિચારવાની અને કામ કરવાની એક તદ્દન નવી દિશા આપી છે.

આજની પેઢી ડિજિટલ સાધનો સાથે જ મોટી થઈ રહી છે. તેમના માટે સ્માર્ટ ફોન, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા એ રોજિંદી જરૂરિયાત છે.

**શિક્ષણમાં પરિવર્તન :** પુસ્તકોની જગ્યા હવે ટૅબ્લેટ અને ઓનલાઈન ક્લાસે લીધી છે.

**વૈશ્વિક જોડાણ :** સોશિયલ મીડિયાના માધ્યમથી નવી પેઢી વિશ્વભરના લોકો અને વિવિધ સંસ્કૃતિઓ સાથે જોડાયેલ રહે છે જેનાથી દૃષ્ટિકોણ વધુ વ્યાપક બન્યો છે.

**પડકારો અને નકારાત્મક પાસાં :** જેમ સિક્કાની બે બાજુ હોય છે તેમ ડિજિટલ દુનિયાના પણ કેટલાક ગંભીર પડકારો છે.

**સ્ક્રીન ટાઈમ અને સ્વાસ્થ્ય :** કલાકો સુધી સ્ક્રીન સામે બેસી રહેવાને કારણે શારીરિક પ્રવૃત્તિઓ ઓછી થઈ ગઈ છે. જેનાથી આંખો, કાન, ગરદનની સમસ્યા અને માનસિક તણાવ વધી રહ્યો છે.

**સામાજિક અંતર :** ઓનલાઈન દુનિયામાં વ્યસ્ત રહેવાન કારણે યુવાનો વાસ્તવિક સંબંધો અને પરિવારથી દૂર થતા જાય છે.

**સાયબર સુરક્ષા :** ઈન્ટરનેટ પર ખોટી માહિતી , ફેક ન્યૂઝ અને સાયબર ક્રાઈમનું જોખમ હંમેશાં રહેલું છે.

**ઉજ્જવળ ભવિષ્ય તરફ પ્રયાણઃ**

આગળ વધતી પેઢીએ ડિજિટલ દુનિયાનો ઉપયોગ ગુલામ બનીને નહીં, પણ ‘માલિક’ બનીને કરવો પડશે. જરૂર છે માત્ર એક સંતુલન (Balance) જાળવવાની જ્યાં ડિજિટલ પ્રગતિ પણ હોય અને માનવીય મૂલ્યો તથા સંબંધોની ગરિમા પણ હોય.

આગામી વર્ષોમાં Artificial Intelligence (AI)ની કમાલથી ઘણાં કામો ગણતરીના સમયથી પહેલાં થઈ જશે. સો મગજ એકસાથે કામ કરે એવું કૃત્રિમ મગજ એટલે કે AI, આવતાં વર્ષોમાં નવી દુનિયા લાવે તો નવાઈ નહી. વધુ પડતો ડિજિટલ સાધનનો ઉપયોગ, માણસની જરૂરિયાત જ ઓછી અથવા ખતમ કરી દેશે. કૉમ્પ્યુટર, મશીનો વધુ ઝડપી, વધુ સ્માર્ટ અને વધુ અથાક રીતે કાર્ય કરશે, જેને કારણે બેરોજગારી વધી શકે છે.

રોજ નવા નવા મોબાઈલ માર્કેટમાં આવી રહ્યા છે. એને પામવાની ઘેલછામાં આજનો આમ આદમી પોતાની જીવન જીવવાની જરૂરિયાત ભૂલી રહ્યો છે. હપ્તા પર મોંઘા મોંઘા મોબાઈલ લઈ લોકોને સ્ટેટસ બતાવવાની ટૂંકી બુદ્ધિમાં ફસાઈ રહ્યો છે. જો અપડેટેડ ન રહીએ તો આપણે પાછળ રહીશુંના ડરમાં આ સુંદર જીવન જીવવાનું ભૂલી રહ્યો છે.

''ખિસ્સા ભલે ખાલી હો, પણ હાથમાં મોબાઈલ જરૂરી છે,
આજની પેઢીને હવે રૂબરૂ મળવા કરતાં, ઓનલાઈન રહેવાની ખુમારી છે.''

''કાગળની એ ચિઠ્ઠીઓ અને પ્રેમનો એ અહેસાસ ખોવાયો છે,
જ્યારથી આ દુનિયામાં સોશિયલ મીડિયાનો પવન વાયો છે,
માણસ હવે માણસથી દૂર થઈ રહ્યો છે,
કારણકે દરેક જણ ''સ્ક્રીન'' પાછળ મશહૂર થઈ રહ્યો છે.''

**છેલ્લે,**

લાઈફને બેલેન્સ કરતા શીખો, મોબાઈલ, ટેકનૉલૉજી સિવાય પણ આ જીવનમાં ઘણું પામવા જેવું છે. પુસ્તકોનું વાંચન ચાલુ રાખો, મિત્રોને મળો, ફરવા નીકળો અને આ ડિજિટલ વર્લ્ડની માયાજાળમાંથી બહાર આવો.

**ગામ : નવીનાર, મો : ૯૮૨૧૦ ૭૫૭૦૧**

## કચ્છી સુભાષિત

**જિયો તાં ઝેર મ થિયો, સક્કર થિયો સેણ**
**મરી વેંધા માડુઆ, રોંધા ભલેંજા વેણ.**

**ભાવાર્થ :** - જીવન જીવવાની સાચી કળા આ સુભાષિત સમજાવી જાય છે. જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી ઝેર સમાન ન બનીએ, પરંતુ સાકર સમાન મીઠા બનીએ. જીવનમાં નમ્રતા, સ્નેહ, સ્વભાવ, સહકાર, સંપ, દયા આદિ સદ્‌ગુણોનો સંગ્રહ કરીને અમૃતમય બનીએ. છેવટે તો સૌ કોઈ મર્ત્ય છેજ. તો પછી શા માટે સત્પુરૂષોનાં આવાં સુંદર વચનો ગ્રહણ કરીને અમૂલ્ય જિંદગીનો અમૃતભર્યો સ્વાદ માણી ન લઈએ ? - **રા.**

- પગદંડી ઑગસ્ટ ૧૯૬૦

## પગ મેં ભ્રમરી



**લીલાધર હાંસબાઈ માણેક ગડા-અધા**

# ડોંબિવલી

કચ્છીઓએ લગભગ બે સદી પહેલાં મુંબઈમાં પદાર્પણ કર્યું. શરૂઆત ભાટિયા સમાજે કરી અને ત્યાર પછી ક્રમશઃ અન્ય ન્યાતો આવતી ગઈ. સાહસિક ભાટિયાઓ મુંબઈ છોડી પૂર્વ આફ્રિકાના દેશોમાં ગયા. કચ્છથી લુહાણા, દશા ઓસવાલ, વીસા ઓસવાલ, ભાનુશાલી ઈત્યાદિ સમાજોએ વીસમી સદીની શરૂઆતથી મોટા પાયે મુંબઈ સ્થળાંતર કર્યું.

જ્યાં સુધી દશા ઓસવાલ, વીસા ઓસવાલ અને ભાનુશાલી સમાજને નિસબત છે, તેમના સ્થળાંતરનો (મુંબઈમાં) ઈતિહાસ આલેખાયો નથી, પરંતુ જ્યારે પણ આ ત્રણ સમાજનો મુંબઈમાં વસવાટ અંગે ઈતિહાસ લખાશે ત્યારે ભાતબજાર, દાણાબજાર, ચિંચબંદરની સાથે સાથે ડોંબિવલીના વસવાટ વિષેના આલેખન વિના અધૂરો રહેશે.

આપણો મુખ્ય વ્યવસાય અનાજના હોલસેલ વેપારનો હતો જે આપણી મોનોપોલી હતી. દશા ઓસવાલોનો કપાસ અને ભાનુશાલીઓનો બારદાન પટ્ટી એ મુખ્ય ધંધો હતો. મુંબઈમાં અનાજની દુકાન, રિટેલ દુકાનદારોમાં પણ વીસા ઓસવાલોની મોનોપોલી હતી. રિટેલ અનાજની દુકાનમાં નોકરિયાત દુકાનમાં જ રહે જ્યારે હોલસેલ અનાજ, કપાસ કે બારદાન પટ્ટીના નોકરિયાતો પેઢીમાં રહે. દાણાબંદર અને ભાતબજાર - ચિંચબંદરમાં લોજો કે વીશીઓ હતી ત્યાં જમવાનું અને રાત્રે પેઢી પર સુવાનું આ વ્યવસ્થા હતી.

સને ૧૯૪૪ના ઘડિયાલ ગોદી (પ્રિન્સેસ ડોક)માં દારૂગોળા ભરેલી સ્ટીમરમાં થયેલા ધડાકાને કારણે આ વ્યવસ્થા તૂટી પડી. દાણાબંદર, મસ્જિદબંદર, વાડીબંદરમાં ઘણાં મકાનો તૂટી પડ્યાં, જ્યારે ઘણાં મકાનો રહેવાલાયક ન રહ્યાં. આ મકાનોમાં હોલસેલ અનાજ અને કપાસના વેપારીઓની પેઢીઓ, મુકાદમો અને દલાલોની ઑફિસો હતી. ગુમાસ્તાઓનું આશ્રય સ્થાન છીનવાઈ ગયું. કચ્છ તરફ ગયેલા લોકો પાછા મુંબઈ આવવા લાગ્યા. બીજું વિશ્વયુદ્ધ બંધ થયું. ૧૯૪૭માં આઝાદી મળી અને ધંધા-રોજગાર પણ વધવા લાગ્યા.

કપાસની પેઢીઓ, કલીઅરિંગ ફોરવર્ડિંગનું કામકાજ કરતી પેઢીઓ, મુકાદમી વગેરેના રોજગારો પણ વધવા લાગ્યા. દાણાબંદર, મસ્જિદબંદર, ચિંચબંદર પાછા ધમધમવા લાગ્યાં. હવે નોકરિયાત વર્ગ માટે રાતવાસો કરવાની તાણ પડવા લાગી. થોડો સારો પગાર મેળવનાર ઈચ્છતો કે કચ્છમાં રહેતા પરિવારને મુંબઈ બોલાવી લઈએ. બાળકોના ભણતરનો પ્રશ્ન પણ હલ કરવાનો હતો. આ સંજોગોમાં મુંબઈમાં ઓછા ભાડે પાઘડી પર ક્યાં જગ્યા મળે તેની શોધ થવા માંડી.

૧૯૪૭માં મુંબઈ વાંદરા અને કુરલા સુધી હતું. વાંદરાથી બોરીવલી અને કુરલાથી મુલુંડ મુંબઈનાં પરાં હતાં. થાણા, કલ્યાણ, વસઈ, વિરાર બહારગામ જેવું લાગતું, પરંતુ ત્યાં રહેઠાણો પ્રમાણમાં ઘણાં સસ્તાં હતાં. એટલે નિમ્ન મધ્યમ વર્ગની નજર આ

વિસ્તારો તરફ ગઈ. મસ્જિદબંદરના ગુમાસ્તાઓને થાણાથી કલ્યાણ વચ્ચે ડોંબિવલીમાં વસવાટ કરવામાં સરળતા હતી. કિફાયત ભાવે અને ભાડે રહેઠાણો ઉપલબ્ધ હતાં એટલે ૧૯૪૬થી ૧૯૫૦ દરમ્યાન કપાસની પેઢીના ગુમાસ્તાઓ (દશા ઓસવાલ) અને કલીઅરિંગ ફોરવર્ડિંગ એજન્ટ કે મુકાદમોને ત્યાં કામ કરતાં લોકોએ ડોંબિવલીને રહેઠાણ માટે પસંદગી આપી. તેવીજ રીતે હોલસેલ બજારોમાં જેઓ પેટા દલાલી કરતા હતા તેવા નાના દલાલોએ પણ ડોંબિવલી, ભાયંદરને રહેઠાણ માટે પસંદ કર્યાં.

મુંબઈથી દૂર ડોંબિવલી કે વિરાર-વસઈ રહેતા ગુમાસ્તાઓનું જીવન કષ્ટમય હતું. હોલસેલ બજારોના કાંટાઓ, સ્ટીમરોનું લોડિંગ, કાર્ગોનું કાટિંગ, લગભગ સવારે નવ વાગે શરૂ થઈ જતું હતું એટલે એ પેઢીઓમાં કામ કરનાર ગુમાસ્તાઓએ સવારે ૯.૦૦ વાગે કામ પર હાજર થવા માટે ટ્રેન સવારના સાતેક વાગ્યાની આસપાસની પકડવી જોઈએ. સાંજે બધું સમેટી ઑફિસ બંધ થાય એટલે સાંજે સાત પછી ઘરે પાછા ફરવું. રાત્રે નવેક વાગે ઘર ભેગા થાય. લગભગ પંદરેક કલાક ઘરથી બહાર રહેવું. સવારે ડ્યૂટી પર જવા નીકળે ત્યારે બાળકો સૂતાં હોય અને રાત્રે પાછા ઘરે આવે ત્યારે પણ બાળકો સૂતાં હોય એટલે માત્ર રવિવારે અથવા જાહેર રજાના દિવસે પરિવારની મોજ માણવા મળે. બાળકોને ખોળે બેસાડવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય. ૧૯૪૭થી લગભગ ૧૯૬૦ સુધી આ પરિસ્થિતિ હતી. ત્યાર પછી એ સગવડો કે સુધારા થયા જેથી હાડમારી ઓછી થઈ. ગુમાસ્તાઓની નોકરીની શરતો અને સમયમાં ફેરફાર થયા અને ટ્રેનની કનેક્ટિવિટી વધી.

આપણા સમાજનું ધ્યાન ડોંબિવલી તરફ ૧૯૫૦ પછી દોરાયું. દેવપુર ગામના વીરા પરિવારે ડોંબિવલીમાં સૌથી પહેલું રોકાણ કર્યું. તેમણે સ્ટેશનની સામેની પ્રોપર્ટી અને સિનેમાગૃહ હસ્તગત કર્યાં. ૧૯૫૬નાં તોફાનો વખતે ડોંબિવલી જ્યાં મોટા ભાગની વસ્તી મરાઠી હતી (મુખ્યત્વે આગરી કૉમ્યુનિટી) છતાં ત્યાં વાતાવરણ શાંત હતું. ૧૯૫૬નીં તોફાનો પછી આપણા છૂટક દાણાના ધંધામાં ફેરફાર આવ્યા. દુકાનો સવારે પાંચ - છ વાગે ખૂલતી હતી તે હવે આઠ-નવ વાગે ખૂલવા લાગી. માલ ઘરપહોંચની પદ્ધતિમાં ફેરફાર થયો. પૅકિંગ મટીરીઅલ્સનું ચલણ વધવા લાગ્યું. ૧૯૫૦ પછી ઘણી રીટેલ અને હોલસેલ બજારોમાં અન્ય કચ્છી-ગુજરાતી સમાજો સાથે આપણાં સમાજનો પગપેસારો સારા પ્રમાણમાં થયો. આ નવી બજારોના ગુમાસ્તાઓ માટે પેઢીમાં રહેવાની વ્યવસ્થા ન હતી, એટલે વેસ્ટર્ન રેલવે પર મીરા રોડથી વિરાર અને સેન્ટ્રલ રેલવે પર દીવાથી ડોંબિવલી દરેક સ્ટેશન પર આપણાં સમાજના મધ્યમ અને નિમ્ન મધ્યમ વર્ગનો ધસારો થયો. મધ્ય રેલવે પર ડોંબિવલી એ આપણા સમાજનું લેન્ડમાર્ક બન્યું.

૧૯૭૫ પછી આપણા સમાજના બીલ્ડર ભાઈઓએ ડોંબિવલીમાં રોકાણ શરૂ કર્યું. મુંબઈમાં પ્રોપર્ટીના ભાવ વધતા મુંબઈથી અન્ય સમાજના લોકો મુંબઈના પોતાના ફ્લૅટો સારા ભાવે વહેંચી મુલુંડ અથવા ડોંબિવલીમાં રહેઠાણો ખરીદ્યાં અને વધેલી રકમ ભવિષ્યની મૂડી તરીકે બૅન્કમાં રોકી, આમ ડોંબિવલીની વસ્તી વધતાં ત્યાં રિટેલ ધંધાઓની તક ઊભી થઈ અને આપણા સમાજના ઘણા ભાઈઓએ રિટેલ ધંધાઓની દુકાનો શરૂ કરી.

**ડોંબિવલીમાં ગૃહઉદ્યોગ:-**

ગુમાસ્તાઓ કે નોકરિયાત વર્ગ સવારે નોકરી માટે ઘર છોડી જાય અને છેક રાત્રે આવે. પરિવારના સ્ત્રીવર્ગને આખો દિવસ નવરાશ હોય. શરૂઆતમાં

બે-ચાર પરિવારોએ આ નવરાશના સમયનો ઉપયોગ કરવા વિચાર્યું. ડૉંબિવલીમાં શરૂઆતથી જ આપણા અને અન્ય સમાજના પરિવારો વચ્ચે સ ાબંધો ભાઈચારાના હતા, વાટકી વહેવાર ચાલુ હતો, એકબીજાના સારા-નરસા પ્રસંગોમાં બધા ભાગ લેતા હતા. ફ્લૅટમાં રહેનાર પણ ચાલી સિસ્ટમનો આનંદ માણતા. ડૉંબિવલીનું એક જુદું કલ્ચર ઊભું થયું. બે-ચાર પરિવારની બહેનોએ નવરાશના સમયમાં ખાખરા-થેપલાં બનાવી મુંબઈમાં વેચવાનું શરૂ કર્યું. ખૂબ નાના પાયે શરૂ થયેલો આ ગૃહઉદ્યોગ થોડા સમયમાં સારી પ્રગતિ કરી. ત્યાર પછી ખાખરા-થેપલાંનું ઑર્ડર-બુકિંગ શરૂ થયું અને આકસ્મિક શરૂ થયેલા આ ગૃહઉદ્યોગે અસાધારણ પ્રગતિ કરી. સમયાંતરે મીઠાઈઓ, બેકરી આઈટેમો પણ ઉમેરાતી ગઈ. આ સર્વે ખાખરા ઉદ્યોગ તરીકે જાણીતું થયું. આ પ્રવૃત્તિ પશ્ચિમ રેલવેના ભાયંદર, નાલાસોપારા, વિરાર સ્થળે પણ ચાલુ થઈ. આને સમાંતરે ડૉંબિવલી અને નાલાસોપારા, ભાયંદરમાં એક બીજો ગૃહઉદ્યોગ શરૂ થયો. સૌંદર્ય અને શણગારની આઈટમો હવે ડૉંબિવલી અને ભાયંદરમાં બનવાની શરૂ થઈ. ખાખરા ઉદ્યોગમાં મોટા આસંબિયાના એક પરિવારે ડૉંબિવલીનો MIDCમાં પ્લૉટ લઈ ફૅક્ટરી ઊભી કરી છે. ઑટોમેટિક મશીન દ્વારા ખાખરાનું ઉત્પાદન કરે છે અને એની વિદેશોમાં ખાસ કરીને અમેરિકામાં નિકાશ કરે છે.

૧૯૮૦-૮૫ સુધી ડૉંબિવલીમાં કચ્છીઓની વસ્તી ગણનાપાત્ર થઈ ગઈ. હવે ડૉંબીવલીમાં સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ માટે મંદિરો, સાર્વજનિક હૉલ, ઉપાશ્રયો બનતાં ગયાં. ડૉ. મૂળચંદ છેડાની રાહબરી હેઠળ મેડિકલ પ્રવૃત્તિઓ શરૂ થઈ. આપણના સમાજની વ્યક્તિઓ અને પરિવારોએ અન્ય વ્યવસાયો શરૂ કર્યા. ધીકતું ડૉંબિવલી ( હું ડૉંબિવલીનો ઉલ્લેખ કરું છું ત્યારે તેમાં ભાયંદર - નાલાસોપારા - વસઈ - વિરારનો સમાવેશ થઈ જાય છે.) મુંબઈગરાઓ માટે, ખાસ કરીને સાંસારિક સબંધો બાંધવા માટે આ વિસ્તારો ઓછા સ્વીકાર્ય હતા અને હજી પણ છે. તેમાં પણ કન્યાઓ તો પ્રથમ સોપાને નનૈયો ભણતી હતી અને હજી પણ ના પાડે છે.

ડૉંબિવલી અને એવા અન્ય વિસ્તારોમાં કચ્છીયત એના સાચા અર્થમાં સચવાયેલી રહી. વિવિધ સંપ્રદાયો વચ્ચે, દરેક કોમ વચ્ચે ભાઈચારો જળવાઈ રહ્યો. પ્રસંગો અને તહેવારોની ઉજવણી સાલસ રીતે થાય એ આ વિસ્તારોની ખાસિયત રહી. અમુક પરિવારો ફ્લૅટોમાં રહેવા ગયા છતાં ચાલી સિસ્ટમને ભૂલ્યા નહીં. બહેનોના સખીભાવમાં સાચાપણું દેખાતું.

ગૃહઉદ્યોગોને કારણે પરિવારોમાં બચત થવા લાગી. દરેક પરિવારને જુદા જુદા પ્રશ્નો હતા. દીકરા-દીકરીઓ મોટાં થાય છે એટલે રહેઠાણની મોટી જગ્યા લેવી હતી. દીકરાને વધુ અભ્યાસ માટે મુંબઈ બહાર કે પરદેશ મોકલાવવો હતો. અન્ય પારિવારિક પ્રશ્નોના ઉકેલ માટે બચત કરતા હતા, મૂડી જમા કરતા હતા.

૨૬ જુલાઈના મેઘતાંડવમાં મુંબઈમાં ઝૂંપડપટ્ટીઓમાં રહેનાર પરિવારોની હાલત બહુ કફોડી બની ગઈ, જેમાં આપણા સમાજના પરિવારો પણ સામેલ હતા. આપણા સમાજના કાર્યકારોએ એ સ્થળોની મુલાકાત લઈ સર્વે કર્યો ત્યારે પરિવારોની પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ આવ્યો. સમાજના સદ્‌નસીબે આપણા સમાજના શ્રેષ્ઠીઓનું ધ્યાન દોરાયું અને સમાજના રહેઠાણના પ્રશ્નના નિરાકરણ માટે બીડું ઝડપ્યું. એક પછી એક

અંબરનાથ, નાલાસોપારા અને ડોંબિવલીમાં રહેઠાણ યોજનાઓને નક્કર સ્વરૂપ આપવામાં આવ્યું. ડોંબિવલી વેસ્ટમાં લારકિન્સ નગરમાં આપણા સમાજના ભાઈઓને રહેઠાણ મળ્યાં. આપણા શ્રેષ્ઠીઓના મનમાં રહેઠાણનો વિશાળ પ્રોજેક્ટ આકાર લેતો હતો. ખૂબ ખરાબ ઘરોમાં રહેતા પરિવારોના પ્રશ્નોને સમાંતર મધ્યમ અને નિમ્ન મધ્યમ વર્ગના પરિવારોનાં નાનાં રહેઠાણોને કારણે ઊભી થતી સમસ્યાઓના નિરાકરણ પ્રત્યે પણ સૌનું ધ્યાન દોરાયું. ડોંબિવલીમાં દેશલેપાડામાં વિશાળ જમીન ખરીદવામાં આવી. નવનીત પરિવારનો અકલ્પનીય આર્થિક સહકાર મળ્યો અને ડિસેમ્બર, ૨૦૧૦માં આપણો સમાજ ગૌરવ લે તેવી ઘટના બની. નવનીત નગરમાં એકી સાથે ૮૪૨ પરિવારોને રહેઠાણો પ્રાપ્ત થયાં.

હવે ડોંબિવલી સમાજના આબાલવૃદ્ધને જીભે ચઢી ગયું. મુંબઈ રહેતા પરિવારોના ઓછામાં ઓછા બે-ત્રણ સબંધીઓનો વસવાટ ડોંબિવલીમાં થઈ ગયો. નવનીત નગર કે અન્યત્ર ડોંબિવલી, વસઈ, નાલાસોપારા, વિરારમાં રહેવા આવનારમાંથી જેમની જૂની જગ્યાઓ મુંબઈમાં હતી તે સારા ભાવે વેચી અહીં મોટી જગ્યા ખરીદી અને વધારાની બચત થઈ એ નાણાદલાલો મારફત વ્યાજે મૂકી. મુંબઈના નાણાંદલાલો અને બીલ્ડરોની મિલીભગતના કૌભાંડે વિશ્વાસની ઈમારતના પાયા હચમચાવી મૂક્યા અને ક્યાંક તો આખી ઈમારત ધ્વસ્ત થઈ ગઈ. ડોંબિવલી અને અન્ય સ્થળના પરિવારો પર એની વ્યાપક અસર થઈ. કેટલાક પરિવારોની જીવનભરની મૂડી સાફ થઈ ગઈ. સોનેરી સપનાં રોળાઈ ગયાં. કેટલાક રોકાણકારોને અડધીપડધી રકમ પાછી મળી. આપણા સમાજે આ કારમો ઘા ખમી લીધો.

ડોંબિવલીમાં ૧૯૭૫થી આપણી વસ્તી વધવા લાગી તેને સમાંતર સમાજ ઉપયોગી સાર્વજનિક પ્રવૃત્તિ પણ થઈ. ગામ પુનડીના ડૉ. મૂલચંદ છેડાના નેતૃત્વ હેઠળ આરોગ્ય પ્રવૃત્તિઓ શરૂ થઈ. સૌ પ્રથમ રાહત દરે ઓ.પી.ડી. સેન્ટર શરૂ થયું. આજથી દાયકાઓ પહેલાં કે.બી. વીરા હાઈસ્કૂલ શરૂ થઈ જેનું સંચાલન ડોંબિવલી મિત્રમંડળ કરે છે. ટૂંક સમયમાં કૉલેજ શરૂ કરવાનું આયોજન પણ છે. ડોંબિવલીમાં કચ્છી જૈન ફાઉન્ડેશનની પ્રેરણાથી મહાવીર હૉસ્પિટલ શરૂ થઈ છે. એવી જ હૉસ્પિટલ નાલાસોપારામાં પણ છે. આજે ડોંબિવલી, નાલાસોપારા, વસઈ, વિરારમાં અચલગચ્છનાં એકથી વધારે દેરાસરો અને ઉપાશ્રયો છે. ત્યાં મુંબઈની હરોળના મૉલ છે, મલ્ટિકૉમ્પ્લેક્સ થિયેટરો છે. મુંબઈનાં પરાંની જેમ રિક્ષા ટ્રાફિકની સમસ્યા છે. હવે મધ્ય અને પશ્ચિમ રેલવેની કનેક્ટિવિટી ઘણી વધી છે. મુંબઈ સુધી દોડતી લોકલ ટ્રેનોની સંખ્યામાં સારો વધારો થયો છે.

ડોંબિવલીમાં મુંબઈ જેવા આડંબરો, ઝાકમઝાળ વગેરે નથી. ડોંબિવલીનું પોતાનું ગૌરવ છે. સમાજની ઉદાત્ત ભાવનાઓને બખૂબી સાચવી છે. ત્યાં સંપ અને સહકાર છે, સહનશીલતા છે. આજે માત્ર ડોંબિવલીમાં આપણી ખબરપત્રિકા ૪૦૦૦થી વધારે નકલોનું વિતરણ થાય છે. મુંબઈના કોઈ પણ વિસ્તાર કરતાં વધારે વસ્તી ત્યાં છે. ડોંબિવલી, ભાયંદર, નારાસોપારા, વસઈ, વિરારમાં આપણા સમાજના જેટલા પરિવારો રહેતા હશે એટલા મુંબઈમાં હવે નહીં રહેતા હોય. આપણા સમાજનું પ્રતિનિધિત્વ કરતાં આ વિસ્તારોની આગવી સોડમ છે. જય હો ડોંબીવલી, નાલાસોંપાર, વસઈ વિરાર

**મો.: ૯૮૭૯૫૦૬૦૫૯**

# મારા પુત્રને શીખવજો



❋ રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ ❋

**ગુણપત્રકથી આગળનું શિક્ષણ**

તાજેતરમાં NEET સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં થઈ રહેલી કથિત ગેરરીતિઓ અને ખામીઓ સામે યુવાનોનો આક્રોશ જોવા મળ્યો. પરીક્ષા-વ્યવસ્થાની ત્રુટીઓ તરફ સરકાર અને સમાજનું ધ્યાન દોરવું જરૂરી હતું. આંદોલન દરમિયાન અમુક સ્થળે જોવા મળેલી અવિવેકી ભાષા, આક્રમકતા અને અશિસ્ત ચિંતાજનક હતી.

હા, કોઈ એક ઘટનાના આધારે સમગ્ર Gen Z પેઢીને દોષી ઠેરવવી યોગ્ય નથી. આ પેઢી શિક્ષિત, ટેકનૉલૉજીથી સજ્જ અને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત છે. તેની સામે બેરોજગારી, કારકિર્દીની અનિશ્ચિતતા અને તીવ્ર સ્પર્ધા જેવા ગંભીર પડકારો પણ છે. તેમ છતાં આ ઘટનાએ એક મૂળભૂત પ્રશ્ન ચોક્કસ ઊભો કર્યો છે - આપણી શિક્ષણપદ્ધતિ યુવાનોને ગુણ અને સફળતાની સાથે સંયમ, વિવેક, શિસ્ત, સંવાદ અને સામાજિક જવાબદારી પણ શીખવી રહી છે ખરી?

**ગુણ મહત્ત્વના કે ગુણવત્તા**

આજે વાલીઓ પેરેન્ટ-ટીચર મીટિંગમાં હાજર રહીને પોતાના સંતાનના અભ્યાસ અંગે જાણકારી મેળવવાનું મહત્ત્વ સમજે છે. જાણીતી વ્યક્તિઓ પણ આવી મીટિંગમાં હાજરી આપ્યાના ફોટા સોશિયલ મીડિયા પર મૂકે છે. પરંતુ મિટિંગમાં વાલીઓનો મુખ્ય પ્રશ્ન મોટે ભાગે એક જ હોય છે.

**''મારા બાળકને ઓછા માર્ક્સ કેમ આવ્યા?''** માર્ક્સને જ સફળતાનો માપદંડ માની બેઠેલા આપણે શિક્ષકને ભાગ્યે જ પૂછીએ છીએ - **''મારું બાળક પ્રામાણિક, શિસ્તબદ્ધ, સંવેદનશીલ અને જવાબદાર માણસ બની રહ્યું છે કે નહીં?''** શિક્ષણનું લક્ષ્ય માત્ર વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી તૈયાર કરવાનું નથી; સારા અને વિવેકી મનુષ્યનું ઘડતર કરવાનું પણ છે.

આ સંદર્ભમાં **અબ્રાહમ લિંકન**ના નામે વર્ષોથી પ્રચલિત એક સુંદર પત્ર યાદ આવે છે. આ પત્ર વિષે વિશ્વસનીય ઐતિહાસિક પુરાવા ઉપલબ્ધ નથી અને તેની જુદી-જુદી આવૃત્તિઓ પણ જોવા મળે છે. તેમ છતાં તેમાં વ્યક્ત થયેલા શિક્ષણ અને વાલીપણાના વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત અને પ્રેરણાદાયક છે.

**શિક્ષકને એક પિતાની વિનંતી**

**પ્રિય શિક્ષક,**

આજે મારો પુત્ર તમારી પાસે શીખવા આવી રહ્યો છે. તેના જીવનના એક મહત્ત્વપૂર્ણ સમયગાળા માટે હું તેને તમારી સંભાળમાં સોંપું છું.

તેને શીખવજો કે દુનિયામાં બધા લોકો ન્યાયી, સત્યવાદી કે સારા નથી હોતા; પરંતુ દરેક દુષ્ટ માણસની સામે કોઈ સારો માણસ પણ હોય છે. દરેક સ્વાર્થી રાજકારણીની સામે

કોઈ સમર્પિત નેતા અને દરેક દુશ્મનની સામે કોઈ મિત્ર પણ હોય છે.

તેને શીખવજો કે રસ્તામાં મળેલા પાંચ રૂપિયા કરતાં પોતાની મહેનતથી કમાયેલો એક રૂપિયો વધુ મૂલ્યવાન છે. છેતરપિંડી કરીને સફળ થવા કરતાં પ્રામાણિકતાથી મળેલી નિષ્ફળતા વધુ સન્માનજનક છે.

તેને હાર સ્વીકારવાનું અને જીતનો આનંદ વિનમ્રતાથી માણવાનું શીખવજો. તેને ઈર્ષ્યાથી દૂર રાખજો અને શાંત સ્મિતનું રહસ્ય સમજાવજો. ધાકધમકી આપનારાઓથી ડરવાને બદલે હિંમતપૂર્વક તેમનો સામનો કરવાનું શીખવજો.

તેને પુસ્તકોની અદ્ભુત દુનિયાનો પરિચય કરાવજો; પરંતુ સાથે આકાશમાં ઊડતાં પક્ષીઓ, સૂર્યપ્રકાશમાં ગુંજતી મધમાખીઓ અને લીલાં મેદાનમાં ખીલેલાં ફૂલોની સુંદરતા નિહાળવાનો સમય પણ આપજો.

તેને પોતાની ભૂલ સ્વીકારવામાં શરમ ન અનુભવવાનું શીખવજો. જ્યારે તે સાચો હોય ત્યારે પોતાના વિચારો પર મક્કમ રહેવાની શક્તિ આપજો-ભલે આખી દુનિયા તેને ખોટો કહેતી હોય.

તેનો નમ્ર લોકો સાથે નમ્ર અને કઠોર પરિસ્થિતિઓ સામે મજબૂત રહેવાનું શીખવજો. નિરાશાવાદીઓથી પ્રભાવિત ન થવા અને વધુ પડતી મીઠાશ પાછળ છુપાયેલી અસત્યતાથી સાવચેત રહેવાનું પણ સમજાવજો.

તેનો સૌની વાત ધ્યાનથી સાંભળવાનું શીખવજો, પરંતુ સાંભળેલી દરેક વાતમાંથી સત્ય અને સારપને પોતાની બુદ્ધિ તથા અંતરાત્માની કસોટીએ પારખીને સ્વીકારવાનું શીખવજો.

તેને પોતાની શારીરિક શક્તિ, પ્રતિભા અને બુદ્ધિનો યોગ્ય ઉપયોગ કરતાં શીખવજો, પરંતુ પોતાના હૃદય, અંતરાત્મા અને સિદ્ધાંતોની ક્યારેય કિંમત ન લગાવવાનું સમજાવજો. તેને શીખવજો કે પૈસા કમાવવા જરૂરી છે, પરંતુ પોતાની ક્ષમતાનો ઉપયોગ માનવજાતના હિત માટે કરવો પણ એટલો જ જરૂરી છે.

ટોળું ખોટી દિશામાં જતું હોય ત્યારે તેના ઘોંઘાટથી પ્રભાવિત થયા વિના સત્યની તરફેણમાં અડગ રહેવાની હિંમત આપજો. જો તેને વિશ્વાસ હોય કે તે સાચો છે, તો એકલો હોવા છતાં પોતાના વિચારો માટે ઊભા રહેવાનું શીખવજો.

તેને પોતાના પર ઊંડો વિશ્વાસ રાખવાનું શીખવજો, જેથી તે માનવજાત પર પણ વિશ્વાસ રાખી શકે. સંજોગો ગમે તેટલા મુશ્કેલ હોય, હિંમત ક્યારેય ન હારવાનું સમજાવજો.

તેને શીખવજો કે આંસુ વહાવવામાં શરમ નથી અને દુ:ખ વ્યક્ત કરવું નબળાઈ નથી. તેને આતુર બનવાની હિંમત અને બહાદુર બનવાની ધીરજ આપજો. ધીરજ, સંયમ અને સાહસ તેના વ્યક્તિત્વના આધાર બને એવું ઘડતર કરજો.

તેની સાથે સૌમ્ય વ્યવહાર કરજો, પરંતુ વધુ પડતા લાડથી તેને નબળો ન બનાવશો; કારણકે અગ્નિમાં તપ્યા પછી જ લોખંડ મજબૂત બને છે.

મારી આ અપેક્ષા ઘણી મોટી છે, તે હું સમજુ છું. મારા પુત્રના ઘડતરની પ્રથમ જવાબદારી

મારી અને મારા પરિવારની છે. તેમ છતાં મને વિશ્વાસ છે કે તેને જ્ઞાનની સાથે એક સારો માણસ બનાવવામાં તમે અમને સાથે આપશો.

**સાચી સફળતાની વ્યાખ્યા**

આ પત્રનું લગભગ દરેક વાક્ય શિક્ષણ અને વાલીપણાનો અમૂલ્ય પાઠ આપે છે. સાચી સફળતા માત્ર સારા માર્ક્સ, ઊંચી ડિગ્રી, મોટું પદ કે વધુ પગાર મેળવવામાં નથી. તે સંતાનને પ્રામાણિક, સંસ્કારી, સ્વાવલંબી, સંવેદનશીલ અને જવાબદાર માણસ બનાવવામાં છે.

બાળકના ઘડતરની જવાબદારી માત્ર શિક્ષકને સોંપીને વાલી મુક્ત થઈ શકતા નથી. **ઘર તેની પ્રથમ શાળા છે અને માતા-પિતા તેના પ્રથમ શિક્ષક છે. બાળકો આપણી સલાહ કરતાં આપણું વર્તન વધુ ઝડપથી શીખે છે.** તેથી શિક્ષકને વિનંતી કરતાં પહેલાં આપણે પોતાની જાતને પણ પૂછવું જોઈએ-શું ઘરમાં આપણે સંતાન સમક્ષ સત્ય, શિસ્ત, સંયમ, સહાનુભૂતિ અને વિવેકનું જીવંત ઉદાહરણ રજૂ કરીએ છીએ?

જો ઘર અને શાળા સાથે મળીને માર્ક્સની સાથે જીવનમૂલ્યોને પણ સમાન મહત્ત્વ આપે, તો આપણે માત્ર સફળ વ્યક્તિઓ નહીં, પરંતુ સશક્ત, સંસ્કારી અને વિવેકી સમાજ તથા દેશનું નિર્માણ કરી શકીશું.

**ગામ : લુણી,**
**મો.: ૯૮૨૦૫ ૩૫૨૭૧**


# મુલચંદ લાલજી એન્ડ કાં.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai-400001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email:** info@mulchandlalji.co • **Mobile:** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai-400001.

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# શું આપના ઘરમાં એક વાવાઝોડું છુપાયેલું છે ?



✻ ડૉ. શિરીષ ભાનુમતીબેન ચુનીલાલ માલદે ✻

ચોંકી ગયા ને ? હા, આ એક તદ્દન સત્ય હકીકત છે. આમાં કોઈ અતિશયોક્તિ નથી. જો આપના ઘરમાં ૧૯૯૭ થી ૨૦૧૨ ની વચ્ચે જન્મેલ સંતાન છે, તો કદાચ તમારા ઘરમાં એક વાવાઝોડું છુપાયેલું છે જે હજી સુધી કદાચ સુપ્ત અવસ્થામાં છે.

આ સમયગાળામાં જન્મેલ વ્યક્તિ એટલે **GenZ.** બે મહિના પહેલાં દિલ્હીમાં જંતરમંતર પર થયેલ કોક્રોચ જનતા પાર્ટીના નીટ પરીક્ષાના પેપર ફૂટ્યાના પ્રત્યાઘાતરૂપે તથાકથિત આંદોલનમાં GenZ.ની વરવી બાજુ આપણી સમક્ષ આવી હતી. ત્યાર બાદ વિવિધ પ્લૅટફૉર્મ્સ પર તેમના ઉપર ઘણું ચર્ચાયું છે અને ઘણું લખાયું છે.

GenZ આ શબ્દ આમ તો જૂનો છે, પણ ગયા વર્ષે નેપાળમાં થયેલ સામાજિક ચળવળ અને સત્તાપલટ બાદ પ્રચલિત બન્યો હતો. તે ચળવળના સંદર્ભમાં આ પ્રસિદ્ધિ સકારાત્મક હતી. ZenG પાસેથી લોકોએ ઘણી અપેક્ષાઓ રાખી હતી.

ભારતમાં GenZ અને મોબાઈલ ટેક્નૉલૉજી / ITની વૃદ્ધિ લગભગ સાથે થઈ છે. આ પેઢીનો ઉછેર મોટા ભાગે ઓનલાઈન થયો છે એમ કહેવામાં કાંઈ ખોટું નથી. લગભગ 98% લોકો પાસે મોબાઈલ છે. સોશિયલ મીડિયાથી પ્રચંડ પ્રભાવિત છે અને તેમની માટે માહિતીનો મુખ્ય સ્રોત છે. વિશ્વમાં વધતા ઉપભોક્તાવાદ માટે તેઓ જવાબદાર છે. વધતી જતી ડિજિટલ ક્રાંતિના તેઓ ઘડવૈયા છે. રૂબરૂ વાતચીત કરતાં તેઓને સોશિયલ મીડિયા થકી વાર્તાલાપ કરવો વધુ ગમે છે.

ભારતમાં GenZ ની સંખ્યા લગભગ 35 કરોડ જેટલી છે. જેમાંથી લગભગ 40% શહેરોમાં વસે છે. જોબની અનિશ્ચિતતા અને બેરોજગારી હોવા છતાં ખર્ચિક વૃત્તિ, પરંપરાગત કાર્યપદ્ધતિમાં ફેરફાર, ટેકનૉલૉજીને આત્મસાત કરવી જેવા અનેક વિષયો પાછળ તેમનાં પરિબળો કામ કરે છે. બ્રાન્ડેડ કપડાં, ફૂટવેર, કોસ્મેટિક્સ, મૂવી સિનેમા, લક્ઝરી હોલીડે, કેફે રેસ્ટોરન્ટ, હાઈ ઍન્ડ મોબાઈલ, લેપટોપ અને વિવિધ એસેસરી, મ્યુઝિક સિસ્ટમ, લક્ઝરી કાર જેવી માર્કેટ GenZના ખભા પર જ ટકેલી છે.

તેમના જીવનનો મુખ્ય ધ્યેય વધુ ને વધુ આનંદ જલસા કરવા છે. તે માટે જીવનનાં અમુક મૂલ્યોને કોરાણે મૂકીને ધૂમ્રપાન, મદ્યપાન, ડ્રગ્સનું સેવન કે વિવાહપૂર્વ શારીરિક સંબંધ માણી લેવામાં માને છે. બહુ ઓછા પ્રમાણમાં આ લોકો બચત કરવી, આવકનું યોગ્ય મૅનેજમેન્ટ કરવું અને એસેટ્સ ઊભી કરવામાં માને છે. સંકટ સમયે કામ આવે તેવું ઈમરજન્સી ફંડ બહુ ઓછા જણા રાખી શકે છે. તેથી જ કોરોના લોકડાઉન વખતે જેમની નોકરી ગઈ અથવા પગાર બંધ થયા ત્યારે એક કે બે મહિનામાં જ આ લોકોને તેમની લાઈફ સ્ટાઈલ મેન્ટેન કરવું ભારે પડી ગયું હતું.

ટેકનૉલૉજીને આત્મસાત કરવાની ક્ષમતા, નવી બાબતો શીખવાની તૈયારી, ક્રિયેટિવિટી, આંત્રપ્રેન્યોરશિપ, સામાજિક અને પર્યાવરણ જેવા અનેક મુદ્દાઓમાં જાગરુકતા જેવી અનેક બાબતો હોવા છતાં પણ આ GenZની માનસિકતા, વિચારસરણી, ભાષા, સોશિયલ મીડિયા પર ટૂંકા સમયમાં વાયરલ પ્રસિદ્ધિ મેળવવાની ઘેલછા ઈત્યાદિ બાબતોએ સમાજમાં અને તેમના કુટુંબીજનોની ઘણી ચિંતા વધારી દીધી છે. ભારતમાં GenZની ચળવળે ઘણી બધી નકારાત્મક બાજુઓ ખુલ્લી કરેલ છે.

૧. **મોબાઈલ અને સોશિયલ મીડિયાનું અતિશય મહત્ત્વ :** ઈસ્ટા, યુ-ટ્યૂબ, સ્નેપચેટ વગેરે માત્ર મનોરંજન નથી રહ્યાં, પણ સામાજિક ઓળખ અને સ્વીકૃતિનું માધ્યમ બની ગયાં છે. લાઈક્સ, ફોલોવર્સ અને કમેન્ટ દ્વારા પોતાની કિંમત માપવાની વૃત્તિ આત્મવિશ્વાસને અસર કરે છે. સોશિયલ મીડિયા વગરની જિંદગીની કલ્પના પણ કરી શકતા નથી.

   ત્વરિત પ્રસિદ્ધ થવાની ઘેલછામાં અભદ્ર અને અશ્લીલ શબ્દોનો ઉપયોગ કરવો જાણે નિયમ બની ગયો છે. મોટા ભાગના સ્ટેન્ડઅપ કૉમેડિયન જુનવાણી છતાં પરિશ્રમી માતા-પિતાની કે વડીલોની બહુ ગંદી ઠેકડી ઉડાડે છે. તેઓ કાળજી કરવાની વૃત્તિને હાંસીપાત્ર બનાવે છે, પરિણામે એક ઉદ્ધત અને નફ્ફટ પેઢી તૈયાર થાય છે.

૨. **ત્વરિત પરિણામ મેળવવાની ઘેલછા :** ડિજિટલ દુનિયામાં બધું ઝડપથી મળે છે. પરિણામે અભ્યાસ, કૅરિયર અને સંબંધોમાં લાંબા સમય સુધી ધીરજ રાખવી મુશ્કેલ થઈ જાય છે.

૩. **એકાગ્રતાનો અભાવ :** રીલ, નાના વીડિયો અને સતત બદલાતા કન્ટેન્ટને લીધે લાંબા સમય સુધી ધ્યાન કેન્દ્રિત કરવું મુશ્કેલ બની ગયું છે.

૪. **માહિતી ઘણી પણ ઊંડાણ ઓછું :** અગાઉની પેઢીઓની સરખામણીમાં GenZ પાસે માહિતી મેળવવાની અદ્‌ભુત સગવડ છે, પણ દરેક માહિતી વિશ્વસનીય નથી હોતી. સોશિયલ મીડિયા પર ચાલતી અનેક ઝુંબેશ અને અલગોરીધમને લીધે તેઓ અધકચરી માહિતીના શિકાર ઝડપથી બની જાય છે. ઊંડાણપૂર્વક સમજવાને બદલે તેઓ ઈન્ફ્લુએન્સરની અસરમાં તરત આવી જાય છે અને ખોટો મત બનાવી લે છે.

૫. **વ્યક્તિગત સ્વતંત્રતા અને પરિવાર વચ્ચેનો સંઘર્ષ :** GenZ વ્યક્તિગત પસંદગી, પ્રાઈવેસી અને સ્વતંત્રતાને વધારે મહત્ત્વ આપે છે, તેથી પેરેન્ટ્સ જોડે સંઘર્ષના અનેક પ્રસંગો ઊભા થાય છે. સગાં-વહાલાં જોડે કૌટુંબિક મેળાવડા, લગ્ન પ્રસંગ કે પહેડી જેવા પ્રસંગો ટાળીને તેમને પોતાની પસંદના મિત્રો જોડે સમય વિતાવવો વધુ ગમે છે. આમ સામાજિક તાણાવાણા નબળા પડે છે. ઓનલાઈન કનેક્શન હજારો હોવા છતાં પણ રૂબરૂ મળી શકાય તેવાં પાત્રો બહુ ઓછા લોકો પાસે હોય છે. પરિણામે ભાવનિક એકલતા વધી જાય છે.

૬. **નિષ્ફળતા પચાવવામાં પણ નિષ્ફળતા :** જીવનમાં સફળતા હંમેશાં પ્રશંસા પામે છે, પણ તે સફળતા પાછળ છુપાયેલી અનેક નિષ્ફળતાઓ દેખાતી નથી. ત્વરિત સફળતા અને સોશિયલ મીડિયા પર સતત હાજરીને

લીધે વ્યક્તિ પોતાની નિષ્ફળતાને લીધે ઘણો બેચેન થઈ જાય છે.

૭. **સંબંધોમાં બદલાતી અપેક્ષાઓ :** પરિવારજનો, મિત્રવર્તુળ, સહકાર્યકર હોય કે જીવનસાથી બદલાતાં જીવનમૂલ્યો અને વિચારસરણીને લીધે આજે સંબંધો કમિટમેન્ટ (કટિબદ્ધતા) કરતાં કન્વીનિયન્સ (સગવડીયા)વાળા બની ગયા છે. હક બધાને જોઈએ છે, પણ જવાબદારીથી દૂર ભાગે છે. દાંપત્યજીવનમાં પણ એકબીજા ઉપર સંપૂર્ણ ભરોસો રાખી શકતા નથી. ફાઈનાન્સ મૅનેજમેન્ટ માટે અવારનવાર ચડભડ ઊભી થાય છે. પરિવારમાં પુત્ર-પુત્રવધુ માતા–પિતાની ભૂમિકા યોગ્ય રીતે નક્કી ન થાય તો આપસમાં કડવાશ વધતી જાય છે.

૮. આજની GenZના મોટા ભાગનાં માતા-પિતાઓએ પોતે અનેક પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરીને સફળ ધંધાકીય, વ્યાવસાયિક અને સામાજિક ઓળખ ઊભી કરેલ છે. મર્યાદિત સંખ્યામાં એક-કે બે સંતાન હોવાથી તેમને કોઈ ચીજની કમી વર્તાવા દીધી નથી. મર્યાદિત આવકવાળા માતા–પિતા પણ પોતાની જરૂરિયાત સાઈડમાં મૂકીને સંતાનોને જોઈતી વસ્તુ અપાવવામાં માને છે. પરિણામે નવી પેઢીને વગર મહેનતે બધું તૈયાર મળે છે. અમુક પ્રોફેશનમાં શરૂઆતથી જ ઊંચા પગારવાળી નોકરીઓ મળે છે. આમ નવી પેઢી ઝડપથી શ્રીમંત બને છે, પણ ઘણી વાર તેમનામાં સિવિક સેન્સનો અભાવ જોવા મળે છે. ઍરલાઈન્સમાં કે ટ્રેનના એસી ડબ્બામાં કે પછી મૉલમાં તેમની વર્તણૂક સ્વકેન્દ્રી હોય છે. અન્યની ગેરશિસ્ત તેમને અકળાવી મૂકે છે, પણ પોતે તેવી જ વર્તણૂક કરવામાં કોઈ શરમ અનુભવતા નથી. લાઈનમાં વચ્ચે ઘૂસવું, ટ્રાફિક નિયમો તોડવા, વિના ટીકીટ પ્રવાસ વગેરે પરાક્રમ માને છે.

**શું GenZ આપણાં દેશવિરોધી તત્ત્વોની કઠપૂતળી બની રહ્યા છે ?**

કોઈ પણ દેશ અને તેની સંસ્કૃતિનું પતન કરવું હોય તો તે માટે એક પદ્ધતિસર પ્રયત્ન કરવામાં આવે છે. સર્વપ્રથમ શિક્ષણ સંસ્થાઓ અને પારિવારિક કુટુંબ જેવી સંસ્થાઓને ટાર્ગેટ કરવામાં આવે છે. તે માટે સોશિયલ મીડિયા, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાને વિવિધ ફંડના ઓઠા હેઠળ આર્થિક પીઠબળ પૂરું પાડીને નકારાત્મક પ્રચાર કરવામાં આવે છે. રાજકીય, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે અનેક અસંતુષ્ટોને સ્કોલરશિપ જેવા રૂપાળા નામ આપીને ખરીદી લેવામાં આવે છે જેથી તેઓ તેમનો ઍજન્ડા ચલાવે છે. (વડા પ્રધાને તાજેતરમાં તેમને દિમાગી નકસલ કહ્યા છે). આમાં ઘણા સેલિબ્રિટીઓનો પણ સમાવેશ થાય છે. દેશની મહાન સંસ્થાઓ જેવી કે સંસદ, ન્યાય વ્યવસ્થા, ઈન્ટેલિજન્સ ડિપાર્ટમેન્ટ, ચૂંટણી પંચ, ડિફેન્સ ફોર્સ વગેરેને નિશાન બનાવીને એકદમ હલકી કક્ષાના પાયાવિહોણા આરોપ કરવામાં આવે છે.

પરીક્ષામાં નિષ્ફળતા, બેરોજગારી, ખેડૂતોના મુદ્દા, ધાર્મિક ભાવનાઓ, જ્ઞાતિવાદ જેવા સંવેદનશીલ મુદ્દાઓને રાજકીય હાથા બનાવવા બહુ સહેલા છે. ધરણા, ભૂખ હડતાલ કે પ્રદર્શનો આયોજિત કરીને કાયદાનો ભંગ કરવો, પછી વિક્ટિમ કાર્ડ ખેલીને સરકારને ભાંડવી અને મુદ્દાને પદ્ધતિસર પ્રસિદ્ધિ અપાવીને દબાણ ઊભું કરવું. આમ રાજકીય કાવાદાવામાં GenZનો ઉપયોગ સહેલાઈથી થઈ જાય છે.

**જંતરમંતર આંદોલન અને GenZ**

આંદોલનકર્તા દ્વારા મીડિયા સમક્ષ આ આંદોલન એક સુનિયોજિતપણે નેગેટિવ ચલાવવામાં આવ્યું કે દેશની GenZ હાલની પરિસ્થિતિમાં પ્રચંડ અસંતોષ અને આક્રોશ અનુભવે છે. અમુક તત્ત્વો દ્વારા સરકાર અને ખાસ કરીને વડા પ્રધાનને કાનમાંથી કીડા ખરી પડે તેવી ભાષામાં ગાલીગલોચ કરવામાં આવ્યા. તેમના આ વર્તનથી દેશ સ્તબ્ધ થઈ ગયો. ભદ્દી રીલ્સ અને મિમ્સ બનાવવામાં આવ્યા. સોશિયલ મીડિયા પર ત્વરિત પ્રસિદ્ધિ મેળવવાની લાયમાં અમુક લોકોએ મર્યાદાની તમામ સીમાઓ ઓળગી નાખી હતી.

આ અત્યંત નાની ટકાવારીના લોકોને બાદ કરતા મોટા ભાગની GenZ ડાહી અને સમજદાર છે. તેઓ મહેનત કરીને ભણે છે, પ્રમાણિકપણે જોબ કરે છે, પોતાની કારકિર્દી ઘડે છે, કઠિન પરીક્ષાઓની તૈયારી કરે છે, અમુક જણા વિદેશમાં સેટલ થવાની કોશિશ કરે છે.

એક સુનિયોજિત ષડ્યંત્રના ભાગરૂપે GenZના મોહરા હેઠળ દેશવિરોધી તત્ત્વો પોતાનો પોલિટિકલ ઍજન્ડા ધરાવતા હતા. GenZનો ઉપયોગ અરાજકતા ફેલાવવા માટે કરવામાં આવ્યો. કોક્રોચ જનતા પાર્ટી એ GenZ નથી.

**કોણ જવાબદાર ?**

GenZ વંઠી ગઈ છે અને જૂની પેઢી જૂની વિચાર સરણી ધરાવે છે એવું નથી. જનરેશન ગૅપ હવે પ્રમાણમાં વધુ પહોળો થતો જાય છે. માતા-પિતાએ સંતાનોને જોઈતું બધું આપ્યું, પણ મર્યાદાની સીમા આંકી નહીં, સ્કૂલમાં શિક્ષણ તો મળ્યું, પણ મૂલ્યો શીખવ્યા નહીં, એક એવી પેઢી તૈયાર થઈ જે અધકચરા જ્ઞાન ઉપર ગર્વિષ્ઠ થઈ સિસ્ટમ ઉપર ગુસ્સે થઈ અને અસ્વસ્થ રહી, સંયમ રહ્યો નહીં અને ઈતર પ્રત્યે આદર પણ રહ્યો નહીં. કારગિલમાં આર્મી મૂવમેન્ટથી નિલંબ થવાથી એક GenZ છોકરીનો આક્રોશ સોશિયલ મીડિયા પર બધાએ જોયો, દેશના સીમાડાની રક્ષા કરતી આર્મી માટે તેણે વાપરેલ શબ્દોથી બધાને દુઃખ થયું. મૂલ્ય આધારિત શિક્ષણ આપવામાં આપણે પાછળ રહ્યા. સોશિયલ મીડિયા પર થતા આપણી સંસ્કૃતિ ઉપરના આક્રમણનો સામનો કરવામાં આપણે ઊણા ઊતર્યા છીએ.

માતા-પિતા અને સમાજ શું કરી શકે ? આ એક ભગીરથ કાર્ય છે. માત્ર એક–બે સેમિનાર કે વર્કશોપ નહીં, પણ શિક્ષણશૈલીમાં ઘરમૂળથી બદલાવ કરવા જરૂરી છે.

૧. માત્ર નિયંત્રણ નહીં સંવાદ વધારવો

૨. ''મારા સમયમાં આમ હતું, તેમ હતું'' તે કહેવા કરતાં તને શું લાગે છે'' એમ પૂછવું.

૩. નિયમો બનાવતી વખતે તેની પાછળનાં કારણો સમજાવવા.

૪. સોશિયલ મીડિયા પર સંપૂર્ણ પ્રતિબંધ કરતાં ડિજિટલ શિસ્ત શીખવવી.

૫. સંતાનોની પસંદગી સાંભળવી. પછી ભલે તે પોતાની પસંદગીથી અલગ હોય

૬. ભૂલ થાય ત્યારે ટીકાને બદલે ચર્ચા અપનાવવી.

૭. સ્વતંત્રતા સાથે જવાબદારી પણ શીખવવી.

૮. સામાજિક મેળાવડાનું આયોજન કરીને માત્ર આનંદ-પ્રમોદ નહીં, પણ મૂલ્યઆધારિત એક્ટિવિટીને પ્રોત્સાહન આપવું.

(ભુજપુર)

મો. : ૯૮૬૯૦ ૩૦૮૦૯

# ‘ટિંગ ટોંગ’ રણકાર કે સ્વજનનો કર્ણપ્રિય સાદ



પ્રવિણ ખેતબાઈ ઠાકરશી દેઢિયા

આજની આધુનિકીકરણની દુનિયામાં આપણે ‘અનસ્માર્ટ’ પાસે બધું જ ‘સ્માર્ટ’. સ્માર્ટ મોબાઈલ, સ્માર્ટ ટીવી, સ્માર્ટ વૉચ, બસ સબંધો જ દિવસે ને દિવસે ‘ડમ્બ’ અને નબળા થતા જાય છે. આપણે 5Gની હાઈ સ્પીડે આખી દુનિયા સાથે જોડાવા માટે પાગલની જેમ આંધળી દોટ લગાવી રહ્યા છીએ પણ ઘરના ઉંબરે ઉભેલા આપણા પ્રિયજન, સ્વજન કે લોહીના સંબધોથી બંધાયેલા સાથે સંબંધમાં ઓટ વર્તાતી જણાય છે.

પરિવાર સાથે બેઠા હોઈએ ત્યારે આપણી નજર આપણા સ્વજનની જગ્યાએ ખિસ્સામાં રહેલા મોબાઈલ ઉપર હોય છે. વૉટ્સએપનું એક ‘ટિંગ ટોંગ’ આપણને દોડતું કરી દે છે. આપણું સ્ટેટસ તો સદાય ‘ઓનલાઈન’ દેખાય છે, પણ ઘરની વ્યક્તિ સાથે ‘નોટ રિચેબલ’ થઈ ગયા છીએ.

સમયનાં વહાણાં વીતી ગયાં પછી પાછળ વળીને જોઈશું ત્યારે આપણને ક્યારેય યાદ નહીં આવે કે કયા માસ કે વર્ષમાં આપણી કઈ રીલ વાયરલ થઈ હતી ને કેટલી લાઈકસ મળી હતી, પણ એ વાતનો વસવશો કે કાળજું ચીરી નાખે એવો પસ્તાવો ચોક્કસ થશે કે જ્યારે આપણાં સંતાનોને આંગળી પકડવાની, પ્રેમ, સહવાસની કે હૂંફની જરૂર હતી ત્યારે આપણે આંગળીના ટેરવે મોબાઈલમાં મસ્ત અને ખોવાયેલા હતા. આપણાં વયોવૃદ્ધ માતા-પિતાની પાસે બેસીને વાત કરવાના બદલે ‘ચેટિંગ’માં વ્યસ્ત હતા.

થોડી વાર માટે આ ડિજિટલ દુનિયાની માયાજાળમાંથી ‘લોગઆઉટ’ થઈને તો જુઓ, બહારની દુનિયાના. ‘ફેક લાઈક્સ’ પાછળ દોડવાનું છોડીને એક વાર પોતાના પરિવાર સાથે લાગણીઓમાં ‘લોગઈન’ થાઓ. જ્યારે આપણે મુશ્કેલીમાં હોઈશું ત્યારે ફેસબુકના ‘ટેક કૅર’ના ઈમોજી કે ઈન્સ્ટાગ્રામ કે વૉટ્સએપ ઉપર ‘ગેટ વેલ સુન’વાળી સ્ટોરીઓ દવા લેવા કે કાળજી લેવા નહીં આવે. ત્યારે એ જ વહારે કે કાળજી લેશે જેને તમે અવગણ્યા હતા કે ધુતકાર્યા હતા.

ફોનનું નેટવર્ક જતું રહે તો આખું ઘર માથે ઉપાડી લઈએ છીએ, પણ સ્વજનો સાથેના કનેક્શનની પરવા પણ નથી કરતા કે નથી હૃદયમાં કદી ફાડ પડતી.

સાચું સુખ પોતાના પરિવાર સાથે વિતાવીને સંબંધ ‘અપડેટ’ કરવામાં છે. ‘નોટિફિકેશન’નો મોહ છોડી નજર મિલાવીને વાત કરવાનું શરૂ કરીએ. અસલી ‘નેટવર્ક’ તો વહાલાના વહાલમાંને સ્વજનના સાદમાં હોય છે.

આપનો મોબાઈલ તો ક્ષણમાં ચાર્જ થઈ જશે, પણ એકવાર સંબંધ વણસ્યા પછી દુનિયાનું કોઈ પણ ચાર્જર ફરી જીવંત નહીં કરી શકે ને ત્યારે વચ્ચે કાયમની ગાંઠ રહી જશે એની પીડા વર્ષો સુધી હૃદયમાં ધરબાયેલી રહેશે.

ગઢસીસા / ભાયખલા

**મો. : ૯૮૨૧૨૧૮૯૭૯**



# પેરેન્ટિંગનું વર્તમાન

પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિઃશબ્દ)

પેરેન્ટિંગ હાલ ચર્ચામાં છે. દિલ્હી સ્થિત જંતરમંતરમાં ઝેન-ઝી દ્વારા યોજાયેલા પ્રદર્શન અને ધરણાએ દેશભરના લોકોનું ધ્યાન ખેંચ્યું. સોશિયલ મીડિયા ઈન્ફલુઅન્સરોને જાણે મોકળું મેદાન મળ્યું. સહુ પોતાના ફોલોઅર્સને વધારવાની દોડમાં હતા.

સોશિયલ મીડિયાનું વરવું સ્વરૂપ જોવા મળ્યું. આખા દેશે ઝેન-ઝીને બિન્દાસ અને નિઃસંકોચપણે બોલતા જોયા. દરેકને પોતાની રીલ બનાવવી હતી કે પછી પોતાની વાતને બેબાકપણે રજૂ કરવી હતી. આ ધરણા અને પ્રદર્શનો મોટિવેટેડ હતાં કે કુદરતી? એ આજનો વિષય નથી, પરંતુ પ્રદર્શન દરમ્યાન ઝેન-ઝી દ્વારા બોલાતી ભાષા અરુચિકર અને અશોભનીય હતી.

સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પ્રથમ વાર પ્રધાન મંત્રી નરેંદ્ર મોદી માટે જુગુપ્સા આવે એવા શબ્દપ્રયોગ થતા જોયા. વાણી સ્વાતંત્ર્યતાને નામે બોલાતી ભાષા બીભત્સ હતી. ઝેન-ઝી દ્વારા બોલાયેલા શબ્દોએ એક વિચારવંટોળને જન્મ આપ્યો.

અને આ ઝેન-ઝી પ્રજાનાં મા-બાપ, કુટુંબીજનોને આરોપીના કટઘરામાં ઊભા રાખીને સવાલ કરાયા... આ છે તમારું પેરેન્ટિંગ? આ છે તમારા આપેલા સંસ્કારો?

**વર્તમાન સમયમાં પેરેન્ટિંગ સૌથી પડકારરૂપઃ**

હમણાંનાં ૫૦/૬૦ વર્ષનાં માતા-પિતાને પેરેન્ટિંગ વિશે પૂછશો તો એમના વિચારો એક દાયરાના હશે. એ જ વાત ૩૦ થી ૪૦ વર્ષના યંગ પેરેન્ટ્સ સાથે કરશો તો પેરેન્ટિંગ વિશેની એમની પરિભાષા સંપૂર્ણ રીતે જુદી હશે તો ૨૫ થી ૩૦ વર્ષના પેરેન્ટ બનેલા કે બનવા જઈ રહેલાં યંગ કપલ્સના પેરેન્ટલ ગોલ આ બધા કરતાં સાવ અલગ જ હશે. અહીં હાલ ૮૦ વર્ષની આસપાસના વડીલોના સંતાન ઉછેરની વાત આ બધા વર્ગ કરતા જુદી પડે એ સ્વાભાવિક છે.

**૫૦ થી ૬૦ વર્ષના પેરેન્ટની માનસિકતા :**

હાલનાં ૫૦ થી ૬૦ વર્ષની આસપાસનાં માતા-પિતાનો પોતાનો સ્વયં ઉછેર મોટા ભાગે મરજાદી વાતાવરણમાં થયો. કચ્છી-ગુજરાતી પ્રજા માટે એ સ્થળાંતરિત થવાનો સમય હતો. ગામડાંમાં વસતાં મા-બાપ ધંધો કે નોકરી કરવા ગામડેથી શહેર તરફ આવ્યાં. એમની પોતાની શૈક્ષણિક લાયકાતો ફક્ત પ્રાથમિક બની રહી એટલે શહેરમાં આવ્યા પછી અર્થ ઉપાર્જન કરતાં કરતાં બાળકોનું શિક્ષણ એમના માટે પ્રાથમિકતા બની રહ્યું. પેટે પાટા બાંધીને પણ એમણે સંતાનોને ઉચ્ચ શિક્ષણ અપાવ્યું જે આજના સમયનાં મધ્ય વયસ્ક માતા-પિતા છે. એમના ઉપર માતા-પિતાનો કડપ કે દાબ રહેતો.

છોકરીઓએ મોટા ભાગે રાતે નિયત કરેલા સમય પહેલાં આવી જવું પડતું. ખિસ્સાખર્ચ મર્યાદિત હતો. કશેક જવું હોય તો માતા-પિતાની રજા લેવી ફરજિયાત હતી. પહેરવેશ માટે પણ મર્યાદા રહેતી. બહુ પહેલાં શહેરમાં આવી અહીં જન્મેલા લોકોની વાત જુદી હતી.

આંતરજ્ઞાતિય લગ્ન અસામાન્ય લેખાતાં. પરણવાની પણ એક ચોક્કસ વય રહેતી. કૌટુંબિક અવરજવર અને એકબીજાને મળવું એ સામાજિક રીતભાતના ભાગ તરીકે લેખાતું. આવા ઉછેરને કારણે હાલનાં મધ્ય વયસ્ક દંપતીઓ જ્યારે પોતે માતા-પિતા બન્યા ત્યારે એમની પેરેન્ટિંગની પરિભાષા જુદી હતી. તેઓ પોતે ઉચ્ચ શિક્ષિત હોવાથી તેઓ પોતાનાં સંતાનોના શિક્ષણ માટે વધુ સ્પર્ધાત્મક બન્યાં. શાળાકીય શિક્ષણ સિવાય પણ અન્ય પ્રવૃત્તિઓમાં પોતાનાં સંતાનો પાવરધાં થાય એ માટે સતત દોડધામ કરતાં થયાં. બે સંતાનોનું હોવું હજુ સ્વાભાવિક ગણાતું. ઉચ્ચ શિક્ષિત મધર્સ ભલે હોમ મેકર્સ બની રહી, પરંતુ સંતાનોની જરૂરિયાતો પૂરી કરવા ફૂલ ટાઈમ બિઝી રહી. સંતાનો સાથે કડકાઈથી નહિ, પણ ફ્રેન્ડલી ઈન્ટરેકશન થતા. કૌટુંબિક અવરજવર ઘટવા માંડી. કુટુંબો Shrink થતાં ગયાં.

સંતાનોનો શાળાના મલ્ટી કલ્ચરલ મિત્રો સાથેનો ઘરોબો વધતો ગયો. સંતાનોની પાત્ર પસંદગી આંતરજ્ઞાતિય બની. ફૅમિલી વૅકેશન ખર્ચાળ બનતા ગયા. મધ્ય વયસ્ક પેરેન્ટ હવે મહાનગરોમાં વસતા હોવાથી કુટુંબની જરૂરિયાતપૂર્તિ દિવસે દિવસે ખિસ્સા ઉપર મોટો કાપ મૂકતી. સંતાનો અભ્યાસ માટે વિદેશ જતાં થયાં અને ત્યાં જ રહેતાં થયાં. પેરેન્ટિંગ લોંગ ડિસ્ટન્સ વીડિયો કૉલમાં પણ લાંબું અને અસરકારક રહેતું. સંતાનોને પરણાવ્યા પછી પણ એમના જીવનમાં ક્યારેય 'Me Time' આવ્યો નહિ. હા, ધર્મ કે અધ્યાત્મ તરફનો એમનો ઝોક સંતાનોને પણ એ દિશામાં લઈ જતો, પરંતુ ધાર્મિક બનવા સંતાનો પર ક્યારેય કમ્પલશન મુકાયું નહિ. સાસુ-સસરા કે માતા-પિતા તેમ જ સંતાનોની વચ્ચે અટવાતું મધ્ય વયસ્ક દંપતીઓનું પેરેન્ટિંગ સરવાળે સ્થિર અને સુખી રહ્યું, પરંતુ એમના પેરેન્ટિંગ માટે એમને બહુ ઓછા સવાલ કરવામાં આવ્યા.

**૩૦ થી ૪૫ વર્ષના પેરેન્ટસની વસ્તુ પરિસ્થિતિ :**

આ પેઢીનાં દંપતીઓ બેઉ ઉચ્ચ શિક્ષિત છે. સમાન જ્ઞાતિ કે આંતરજ્ઞાતિય લગ્નને કારણે બેઉના Faith કે માન્યતાઓ જુદી જુદી હોઈ શકે છે. બેઉ હાઈ પ્રોફાઈલ કૉર્પોરેટ જોબ કે પ્રોફેશનલ પોઝિશન ધરાવે છે. કટ થ્રોટ કૉમ્પિટિશનમાં જીવતાં આ પેરેન્ટસ પોતાનાં સંતાનોની સંખ્યા મર્યાદિત રાખતાં થયાં છે. બેમાંથી એક જ સંતાનનું હોવું હવે કોમન છે. એક જ સંતાન માટે માતા-પિતા બધું જ કરી છૂટે છે. એક માંગે તો ચાર વસ્તુઓ મળે એવી યંત્રણાઓ કુદરતી રીતે ગોઠવાય છે.

બાળકનો ઉછેર Nanny કે Aaya હસ્તક વધુ થાય છે. સંતાનોની જીદ કે માંગણીને સંતોષવા સિવાય બીજા કોઈ વૈકલ્પિક પ્લાન નથી હોતા. ફૅમિલી વૅકેશન કરતાં મિત્રો/ક્લીગ્સ સાથેના વૅકેશન સામાન્ય થઈ ગયા છે. વ્યક્તિગત નાઈટ આઉટ્સ કે પાર્ટી હવે નિયમિત થતી હોય ત્યારે સંતાનને એકલા મૂકીને જવાનું વારે ઘડીએ બનતું હોય ત્યારે સંતાનની ઈન્ટરનેટ સાથે દોસ્તી બનવી સ્વાભાવિક છે. સંતાનને સ્માર્ટ ફોન કે ટચ સ્ક્રીનના ગૅજેટ બહુ વહેલા મળી જાય છે એટલે સંતાનોની વર્ચ્યુઅલ લાઈફમાં ઘણુંબધું વહેલું પ્રવેશે છે.

ઈન્સ્ટાગ્રામ કે યુ-ટ્યૂબ પર પોતાની રીલ કે સ્ટોરી મૂકવામાં મા-બાપ સંતાનોને પણ સામેલ કરતાં હોવાથી બાળકો માટે એ વાસ્તવિકતા બની જાય છે. સારી-નરસી કે સાચી વાત જાણવા પેરેન્ટસ

પાસે કોઈ ફિલ્ટર્સ નથી હોતા. માતા-પિતા જે બધું જ કરતા હોય એના માટે સંતાનો પાસેથી પાબંધીની અપેક્ષા ક્યાંથી રાખી શકાય? સંતાનોમાં રેબેલિયનપણું બહુ જલદી આવી જાય છે. પેરેન્ટસના ફેઈથ કે માન્યતાઓના મૂળ પોતે મજબૂત ન થયા હોય તો સંતાનોની Righteousness માટેની માન્યતા કઈ રીતે દૃઢ થાય?

એક જ સંતાન નાની વયથી અલગ સૂવાનું શરૂ કરે અને એને પોતાની અલાયદી દુનિયા બહુ વહેલી મળી જાય ત્યારે સંતાન આ ૩૦ થી ૪૦ વર્ષના યંગ પેરેન્ટને કહેવાનું શરૂ કરે કે બેડરૂમમાં આવો તો નૉક કરી આવજો. પૈસા સંતાનને મેરિટ પર નથી મળતા કે Earn નથી કરવા પડતા, એ હક્કથી માંગી લે છે. યંગ પેરેન્ટસ પોતે શિક્ષક ન બની સંતાન માટે અદ્યતન શાળા શોધવાનું વધુ ઉચિત સમજે છે. સંતાનના બહુઅયામી વિકાસ માટે શાળાને જવાબદાર માને ત્યારે આ સંતાનનું કૉલેજમાં દાખલ થવું અનેક પડકારો લાવે છે. જાણે અનિયંત્રિતતાના ફ્લડગૅટ્સ ખૂલી જાય છે. ટૂંકમાં યંગ પેરેન્ટ વર્તમાનમાં જીવી લેવાનો સંતોષ માને છે. ભવિષ્યના પ્લાનિંગ વિશેની અપૂરતી તૈયારી ચિંતા ઉપજાવે.

**૨૫ થી ૩૦ વર્ષના પેરેન્ટની દુવિધાઓ:**

બાઈલૉજિકલ સંતાનો માટે ઉત્સુકતા ઘટે છે. પેરેન્ટસ તરીકે સંતાનોની જવાબદારી લેવાનો ખચકાટ વાચાળ બન્યો છે. લેટ પેરેન્ટિંગ સામાન્ય બન્યું છે. સંતાનોના ઉછેર માટે મૌલિકતાનો અભાવ Palpable હોય છે. સંતાનોના ઉછેરમાં દેખાદેખી કે પછી અન્ય માપદંડ પ્રમુખ બને છે. પારંપરિક સત્યોનો સ્વીકાર ઓછો અને વર્તમાન સમયની અપ્રસ્તુત વાતોનો સ્વીકાર વધુ હોય છે. નાનાં બાળકોને એક કે બે વર્ષ સુધી સુગર ન આપવી... સોલ્ટ ન આપવું... જેવી અનેક બાબતોને અનુભવસિદ્ધ વડીલોથી વિપરીત જઈ પેરેન્ટિંગ કરવામાં માનતાં આ પેરેન્ટસ બાળક જરાક મોટું થાય ત્યારે ચૉકલેટ્સ, Aerated Drinks કે Pizza/ Pasta ખાવાથી અટકાવી શકતાં નથી. સંતાનોને વધુ ને વધુ હેલ્ધી, Pampered કે Secured બનાવવાની લાયમાં સંતાનોને Fearless, Fierte કે Streetsmart બનાવી શકતાં નથી.

અંતે..

પેરેન્ટિંગ કોઈ ટેક્સ્ટબુકમાં આવતો સબ્જેક્ટ નથી. કે નથી કોઈ એનું રેડીમેડ મેન્યુઅલ. પેરેન્ટિંગ એક બારમાસી મોસમ છે જેમાં પેરેન્ટસે સતત Evolve થતા રહેવું પડે છે. પેરેન્ટિંગમાં સખતાઈ પણ હોવી જોઈએ અને કુમાશ પણ... આખરે સંતાનોનું શ્રેષ્ઠ ક્યાં સમાયેલું છે, એની મા-બાપ-થી કોને વધુ ખબર હોય?

પેરેન્ટસ પોતે જો સફળ નહિ પણ સમતોલ, સુખી નહિ પણ સંતોષી.. Reelનું નહિ પણ Real જીવન જીવે તો સંતાનો એમને જ Follow કરશે, કોઈ સોશિયલ ઈન્ફ્લ્યુએન્સર ને નહિ. પ્રમાણભાન... મર્યાદા... પેરેન્ટિંગની આ મૂળભૂત વાત છે. અમર્યાદિત લાઈફ સ્ટાઈલ જીવતાં પેરેન્ટસ માટે સંતાનોમાં સમજદારી જ બદલાવ લાવી શકે.

સિગ્નલ તોડી વાહન ચલાવતાં પેરેન્ટસ માટે સંતાનોમાં જીવન મૂલ્યોનું આરોપણ કે સ્વંય શિસ્તના પાઠ કોણ ભણાવી શકે?

મોટા આસંબિયા-નિઃશબ્દ,
**મો.: ૯૮૨૦૧૪૫૧૪૩**

# રમત છૂટી ગઈ, પણ રમતને દીકરીઓથી છૂટવા ન દીધી



સંકલનઃ સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા

અત્યાર સુધી આપણે Sports, સંરક્ષણ, Trekking અને અન્ય ક્ષેત્રોમાં પોતાની પ્રતિભાથી આગવી ઓળખ ઊભી કરનાર સમાજના વિરલાઓનો પરિચય મેળવ્યો છે. આજે વાત એવી પ્રતિભાની છે, જેની સિદ્ધિ કોઈ Podium કે Medal પૂરતી સીમિત નથી. તેણે પોતાની સાથે જે બન્યું, તે બીજી દીકરીઓ સાથે ન બને એ માટે પોતાની કારકિર્દી જ સમર્પિત કરી દીધી.



**લહેર પિંકી હિતેન ગાલા - દેશલપુર, કિંગ્સ સર્કલ -** આજે સમગ્ર વિશ્વમાંથી પસંદ થયેલા **25 International Olympic Committee (IOC) Young Leaders (2025-2028)** પૈકી એક છે અને તેમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર એકમાત્ર પ્રતિનિધિ છે, પરંતુ અહીં સુધી પહોંચવાની તેની સફર સમજવા માટે થોડા વર્ષો પાછળ જવું પડે.

**રમત અને કલાના વાતાવરણમાં ઉછેર**

માટુંગામાં ઉછરેલી લહેરના ઘરમાં કલા, રમત અને શિક્ષણ જીવનનો સહજ ભાગ હતાં. પિતા હિતેન ગાલા કચ્છી સમાજના નામાંકિત લોકનૃત્યકાર અને માતા પિંકી ગાલા તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક - બંને હૃદયથી શિક્ષક. પરિવાર પાસેથી લહેરને રમત-કલાનો પ્રેમ અને વ્યક્તિનો સર્વાંગી વિકાસ થવો જોઈએ એવી વિચારધારા મળી.

બાળપણમાં તે ગરબા અને લોકનૃત્ય કરતી અને પિતા સાથે લોકોત્સવોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ પણ કરી ચૂકી છે. રાષ્ટ્રીય સ્તરે રમેલા કાકાથી પ્રેરાઈને તેણે જુડોની તાલીમ લીધી અને જિલ્લા તથા રાજ્યસ્તરે Chessમાં શાળાનું પ્રતિનિધિત્વ કર્યું. એ દરેક અર્થમાં મેદાન પર શોભતી દીકરી હતી.

**અને પછી મેદાન છૂટી ગયું...**

તરુણાવસ્થા આવી અને લહેરના જીવનમાં એવો વળાંક આવ્યો, જે અનેક દીકરીઓના જીવનમાં આજે પણ આવે છે. માસિક ધર્મ અને તેના વ્યવસ્થાપન અંગે પૂરતી સમજણ ન મળતાં, બદલાતી શારીરિક પરિસ્થિતિ અને પોતાના સ્વાસ્થ્ય સાથે ઝઝૂમતાં લહેર ધીમે ધીમે રમતથી દૂર થઈ. અંતે રમવાનું છોડી દીધું

અને મેદાનની બહાર ઊભી રહી રમત જોતી રહી. વાર્તા અહીં પૂરી થઈ શકતી હતી, પરંતુ વર્ષો પછી આ જ અનુભવ તેના જીવનકાર્યનું કેન્દ્રબિંદુ બનવાનો હતો.

**મુંબઈથી જર્મની - અને રમતનું ફરી આગમન**

લહેર મુંબઈ યુનિવર્સિટીમાંથી Economicsમાં B.A. અને M.A. કર્યા અને ત્યારબાદ Munich, Germanyની Ludwig Maximilian Universityમાંથી **Economics**માં M.Sc.પૂર્ણ કર્યું. પછી જર્મનીમાં સુખદ્ corporate career શરૂ કરી. યુરોપમાં તેણે એક મહત્ત્વનો ફરક જોયો - ત્યાં રમતને માત્ર Competition કે Medal તરીકે નહીં, પરંતુ સ્ત્રી-પુરુષ સૌના રોજિંદા જીવનના સહજ અને આનંદદાયક ભાગ તરીકે જોવામાં આવતી હતી. રમત ફરી તેને પોતાની તરફ ખેંચવા લાગી. રજાઓ Sports journeyમાં ફેરવાઈ અને Master's thesis પણ Sports Economics તરફ વળ્યો. 2023ના World Cup દરમિયાન દિવાળીની રજામાં મુંબઈ આવી ત્યારે લહેરે આખરે પોતાની જાત સમક્ષ સ્વીકાર્યું - તેને ખરેખર કામ રમતના ક્ષેત્રમાં જ કરવું છે. જર્મનીની સુરક્ષિત corporate career છોડીને તે ભારત પાછી આવી.

**વ્યક્તિગત અનુભવમાંથી રાષ્ટ્રીય પ્રશ્ન સુધી**

ભારતમાં લહેર Sports For All સાથે જોડાઈ. અહીં કામ કરતાં તેને Dataમાં પોતાના બાળપણની જ વાર્તા મોટા પાયે દેખાઈ - દીકરીઓની Sports Participation તરુણાવસ્થાની આસપાસ તીવ્રપણે ઘટતી હતી.

આ દરમિયાન તેણે રાષ્ટ્રીય રમતગમત નીતિ 2025 ઘડવાની પ્રક્રિયામાં મહત્ત્વનું યોગદાન આપ્યું. તેની મોટા ભાગની ભલામણો અંતિમ નીતિમાં સ્વીકારાઈ. આ 24 વર્ષ પછી આવેલી ભારતની નવી રાષ્ટ્રીય રમતગમત નીતિ છે. હવે તેના પોતાના અનુભવ, શિક્ષણ, Economics, Sports અને social development બધું એક જગ્યાએ આવીને જોડાતું હતું. તેમાંથી જન્મ્યું -

**'ખેલેગી'**

'ખેલેગી'એ પાયાના સ્તરે રમત આધારિત સામાજિક વિકાસનો પ્રયાસ છે, જેનો હેતુ છે કે દીકરીઓ તરુણાવસ્થા અને માસિક ધર્મ દરમિયાન પણ ગૌરવ, સલામતી અને આનંદ સાથે રમત રમવાનું ચાલુ રાખી શકે.

'ખેલેગી'ની ખાસિયત એ છે કે તે સીધો ઉપદેશ આપવાથી શરૂઆત કરતું નથી - પહેલાં સાંભળે છે. મુંબઈમાં તેના Research દ્વારા અત્યાર સુધી લગભગ 1,800 દીકરીઓ સુધી પહોંચવામાં આવ્યું છે. તેનો અભિગમ માત્ર દીકરીને બદલવાનો નથી; પરંતુ તેની આસપાસનાં માતા-પિતા coaches, schools અને communitiesને એવા ભાગીદાર બનાવવાનો છે, જે દીકરીને રમત છોડવવાને બદલે રમતમાં ટકી રહેવા મદદ કરે.

આ જ કાર્યને આંતરરાષ્ટ્રીય માન્યતા મળી અને લહેરની IOC Young Leader 2025-2028 તરીકે પસંદગી થઈ. IOC તરફથી 'ખેલેગી'ને Seed funding પણ પ્રાપ્ત થયું.

**સિદ્ધિઓની સફર**

લહેરની અત્યાર સુધીની સફરમાં અન્ય કેટલીક નોંધપાત્ર સિદ્ધિઓ પણ છે:

- ❑ Indian Olympic Association Athlete-365 Champion (2025) તરીકે નિયુક્તિ અને IOAના સૌ પ્રથમ Athletesમાં વક્તવ્ય.

- Brazilમાં યોજાયેલા Sustainability in Sportsના સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય અભ્યાસક્રમમાં, Sports અને United Nations Sustainable Development Goals વિષય પર Guest Lecturer.
- માત્ર ૨૦ વર્ષની વયે Padding Foundation ની સહસ્થાપના, ૪૦થી વધુ ગ્રામ્ય સમુદાયોમાં 10,000થી વધુ લોકો સુધી પહોંચ, 30,000થી વધુ Menstrual Productsનું વિતરણ, 50થી વધુ awareness workshops અને 30,000થી વધુ વાચકો સુધી પહોંચતા સામયિકનું સંપાદન.
- Kutchhi Mahila Federation Woman Achiever Award 2025
- કચ્છ યુવક સંઘના Umang 2025માં Sports for Development ક્ષેત્રના કાર્ય બદલ સન્માન.

**"Passion is Persistence"**

આ સફર જેટલી સુંદર દેખાય છે એટલી સરળ રહી નથી. લહેર કહે છે કે Grassroots sportsનું કાર્ય મહેનતભર્યું અને ખર્ચાળ છે. પુરુષપ્રધાન ક્ષેત્રમાં મહિલા તરીકે પોતાનું સ્થાન વારંવાર સાબિત કરવું પડ્યું છે અને Self-doubt સામે પણ લડવું પડ્યું છે. આ બધાની વચ્ચે તેની સૌથી પ્રિય સલાહ માત્ર ત્રણ શબ્દોની છે.

**"Passion is Persistence" - ધગશ એટલે જ સાતત્ય.** તેના માટે સફળતા માત્ર કોઈ શિખર સર કરવાનું નામ નથી. સફળતા એટલે નિષ્ફળતા/સફળતા - બંનેમાંથી પસાર થતાં પોતાની જાત અને પોતાના ધ્યેય પ્રત્યે વફાદાર રહેવું.

'ખેલેગી' વિશે પણ તેનું કહેવું એટલું જ સુંદર છે: **'ખેલેગી મારું બાળક નથી, સૌનું બાળક છે.'** અને આ સમગ્ર સફરનો યશ લહેર પોતાના પરિવારને આપે છે - મધ્યમવર્ગીય, મહેનતકશ માતા-પિતાને, જેમણે સાધનો મર્યાદિત હોવા છતાં તેના શિક્ષણમાં ક્યારેય પાછી પાની ન કરી; શ્રેષ્ઠ શિક્ષકો માટે તેને આખા શહેરમાં મોકલી અને જ્યારે તેણે વિદેશની સુરક્ષિત જિંદગી છોડીને અનિશ્ચિત પરંતુ અર્થપૂર્ણ માર્ગ પસંદ કર્યો ત્યારે પણ તેની પડખે ઊભાં રહ્યાં.

કદાચ લહેરની વાર્તાની સૌથી સુંદર વાત એ નથી કે આપણા સમાજની એક દીકરી Olympic Movementના આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોંચી, સુંદર વાત એ છે કે - એક સમયે જે કારણથી એક નાની દીકરીએ રમતનું મેદાન છોડવું પડ્યું હતું. આજે એ જ દીકરી પ્રયત્ન કરી રહી છે કે બીજી કોઈ દીકરીને એ કારણથી મેદાન છોડવું ન પડે.

**બેરાજા, મુલુંડ**

**મો.: ૯૩૨૦૧૦૪૩૬૫**

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ વૉટ્સઍપ/સંદેશ**

(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)

**CA સંજય ચંદનબેન વિસનજી છેડા**

**૯૮૯૨૮૧૫૩૬૭**

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ પત્રવ્યવહાર**

પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

- તંત્રી

# સ્મિત પાછળનું મૌન



✻ નયન પ્રજ્ઞાબેન હરેશ નિસર ✻

**જે દેખાય છે, એની પાછળ શું છુપાયેલું છે?**

ક્યારેક માણસની સૌથી મોટી ચીસ અવાજ વગરની હોય છે. તે આપણી સામે હસે છે. આપણી સાથે વાત કરે છે. આપણી સાથે જમે છે. આપણી સાથે કામ કરે છે. કદાચ આપણને કહે પણ છે - બધું સારું છે, અને આપણે માની લઈએ છીએ - હા, બધું સારું જ હશે, પરંતુ શું ખરેખર બધું સારું હોય છે?

**અનેક ઘટનાઓ અને એક અણઉકેલાયેલો સવાલ**

આસપાસ બનેલી અનેક ઘટનાઓ, અનેક અનુભવો અને ખાસ કરીને એક-બે એવી ઘટનાઓએ મનમાં આ સવાલ ઊભો કર્યો - **શું આપણે ખરેખર એકબીજાને ઓળખીએ છીએ?** એક વ્યક્તિ સમાજની અનેક સંસ્થાઓ, સેવાકાર્યમાં સક્રિય હતી. મિત્રો અને પરિચિતોનું વિશાળ વર્તુળ હતું. લોકો વચ્ચે હળીમળીને રહેતી હતી અને બહારથી તેનું જીવન પણ વ્યવસ્થિત અને સામાન્ય લાગતું હતું. પરંતુ એક દિવસ એ વ્યક્તિએ આત્મહત્યા કરી.

આવી ઘટના પછી મન સ્વાભાવિક રીતે અનેક પ્રશ્નો પૂછે છે - એના મનમાં શું ચાલતું હશે? એણે પોતાની પીડા કોની સાથે વહેંચી હશે? શું કોઈ સંકેત હતો જે આપણી નજરે ન પડ્યો? કે કદાચ કોઈ સંકેત હતો જ નહીં?

આ પ્રશ્નોના સરળ જવાબો નથી, કારણકે આત્મહત્યા જેવી ઘટના પાછળ સામાન્ય રીતે એક જ કારણ હોતું નથી. વ્યક્તિના જીવનમાં ચાલતા અનેક આંતરિક સંઘર્ષો, સંબંધો, પરિસ્થિતિઓ અને લાગણીઓ એકબીજાં સાથે જોડયેલાં હોઈ શકે છે. એટલે ઘટનાને કોઈ એક વ્યક્તિ, પરિવાર, મિત્ર કે સમાજની નિષ્ફળતા તરીકે જોવાને બદલે, તેને આપણા સૌ માટે એક સંવેદનશીલ અરીસો માનવો જોઈએ.

કોઈ વ્યક્તિ લોકો વચ્ચે હસતી હોય, એનો અર્થ એ નથી કે તેના જીવનમાં કોઈ આંતરિક સંઘર્ષ નથી અને બીજી બાજુ, દરેક શાંત કે ઉદાસ દેખાતી વ્યક્તિ ગંભીર મુશ્કેલીમાં જ હોય એવું પણ નથી, એટલે આપણે અનુમાન નહીં કરીએ, ધ્યાન આપીશું, પૂછીશું, સાંભળશું અને જરૂર પડે ત્યારે યોગ્ય મદદ સુધી પહોંચવામાં સાથ આપીશું.

**પહેલી મૌન કહાણી - આપણા ઘરમાં રહેલું બાળક**

આપણા ઘરમાં રહેતું બાળક આખો દિવસ આપણી સામે હોય છે, પરંતુ જ્યારે તે રાત્રે પોતોના રૂમનો દરવાજો બંધ કરે છે, ત્યારે તેના મનમાં ક્યા પ્રશ્નો ચાલે છે? ક્યો ડર છે? કઈ નિષ્ફળતાનું દુઃખ છે? કોની સાથે પોતાની તુલના કરે છે? આપણે જાણીએ છીએ? કદાચ નહીં, કારણકે આપણે ઘણી વાર બાળકનું ભવિષ્ય બનાવવામાં એટલા વ્યસ્ત હોઈએ છીએ કે તેનું આજનું મન વાંચવાનું ભૂલી જઈએ છીએ.

આજનું બાળક માત્ર અભ્યાસ નથી કરતું. તે માર્ક્સ માટે દોડે છે. એડમિશન માટે દોડે છે. કારકિર્દી માટે દોડે છે. બીજાથી આગળ નીકળવા માટે દોડે છે. ઘણી વાર આ દોડનું દબાણ આપણી અપેક્ષાઓમાંથી પણ આવે છે. માતા-પિતાને કદાચ આ વાક્યો સામાન્ય લાગે. પરંતુ બાળકના મનમાં તેમાંથી એક ભય ઊભો થઈ શકે - શું મારી કિંમત મારી સફળતા જેટલી જ છે? બાળકને સફળ બનવાનું શીખવીએ, પરંતુ નિષ્ફળ

થવાની હિંમત પણ આપીએ. તેને કહીએ - તું પરીક્ષામાં હારી શકે છે, પણ જીવનમાં નહીં, કારણકે માર્કશીટ બાળકનું પરિણામ બતાવે છે, બાળકની કિંમત નહીં. એટલે બાળકને માત્ર 'તું શું બનશે?' એવું ન પૂછીએ. ક્યારેક પૂછીએ - તું શું બનવા માંગે છે?' અને સૌથી મહત્ત્વનું - 'તું ખુશ છે?'

**બીજી મૌન કહાણી - પતિ-પત્નીનો ઝઘડો અને વચ્ચે ઊભેલું બાળક**

દરેક દાંપત્યમાં મતભેદ હોઈ શકે, બે વ્યક્તિઓની વિચારસરણી અલગ હોય, પસંદગી અલગ હોય, અપેક્ષાઓ અલગ હોય - એ સ્વાભાવિક છે, પરંતુ જ્યારે મતભેદ સતત ઝઘડા, ગુસ્સા, આરોપો અને અશાંતિમાં ફેરવાય છે, ત્યારે તેની અસર માત્ર પતિ-પત્ની પર થતી નથી. બાળકો પણ એ વાતાવરણમાં શ્વાસ લે છે. તેઓ કદાચ કંઈ બોલતાં નથી, પરંતુ બધું અનુભવે છે.

પતિ-પત્ની બંને એકબીજાંને દોષ આપતાં રહે છે - ''મારી પરિસ્થિતિ માટે તું જવાબદાર છે,'' પરંતુ કદાચ સવાલ આ હોવો જોઈએ-આપણે સમસ્યા સામે સાથે લડી રહ્યાં છીએ કે એકબીજાં સામે? ક્યારેક 'કોણ સાચું?' એના કરતાં વધુ મહત્ત્વનો સવાલ હોય છે - 'આપણે આ સંબંધને કેવી રીતે બચાવીએ?' ઘરમાં શાંતિ માત્ર પતિ-પત્ની માટે નથી. એ બાળકના માનસિક અને ભાવનાત્મક વિકાસ માટે પણ મહત્ત્વની છે.

**ત્રીજી મૌન કહાણી - 'હું ક્યાં પાછળ રહી ગયો?'**

સ્કૂલમાં મિત્રો સાથે સરખામણી, કૉલેજમાં સરખામણી, નોકરીમાં સરખાણી, પગારની સરખામણી, ઘરની સરખામણી, કારની સરખામણી, બિઝનેસની સરખામણી, લગ્નની સરખામણી અને પછી સોશિયલ મીડિયા આવ્યું. હવે બીજાના જીવનની સફળતા દિવસમાં અનેક વખત આપણી સામે આવે છે. કોઈ નવી કાર ખરીદે છે, કોઈ નવું ઘર લે છે. કોઈ વિદેશ જાય છે, કોઈને પ્રમોશન મળે છે, કોઈ પોતાનો બિઝનેસ ઊભો કરે છે, કોઈ પોતની સફળતા બતાવે છે અને આપણે પોતાની જિંદગી તરફ જોઈને વિચારીએ છીએ - 'હું ક્યાં પાછળ રહી ગયો?'

આવી સતત સરખામણી વ્યક્તિના આત્મવિશ્વાસ પર અસર કરી શકે છે. વ્યક્તિ પોતાની સિદ્ધિઓ ભૂલીને માત્ર પોતાની ખામીઓ જોવા લાગે એવું પણ બની શકે, પરંતુ આપણે એક વાત ભૂલી જઈએ છીએ - આપણે બીજાના જીવનની 'હાઈલાઈટ્સ' જોઈ રહ્યા છીએ, આખું જીવન નહીં. સોશિયલ મીડિયા પર દેખાતી સફળતા પાછળની નિષ્ફળતાઓ, ચિંતાઓ, સંઘર્ષો અને એકલતા આપણને દેખાતાં નથી. જીવન કોઈ ૧૦૦ મીટરની રેસ નથી. કોઈ વહેલું પહોંચે છે, કોઈ મોડું. કોઈનો રસ્તો સીધો હોય છે. કોઈના રસ્તામાં વધુ વળાંકો હોય છે. મોડું પહોંચવું એટલે હારી જવું નથી. દરેકનો સમય અલગ છે. દરેકની સફર અલગ છે. દરેકની કહાણી અલગ છે.

લાંબા સમય સુધી રહેતી નિરાશા, ગમતી વસ્તુઓમાં રસ ગુમાવવો, ઊંઘ અથવા ભૂખમાં મોટો ફેરફાર, એકાગ્રતામાં મુશ્કેલી, પોતાને નકામા સમજવા લાગવું અથવા જીવન વિશે અત્યંત નિરાશાજનક વાતો કરવી - આવા સંકેતોને ગંભીરતાથી લેવા જોઈએ. ડિપ્રેશનને નબળાઈ તરીકે ન જોવી જોઈએ અને મદદ માંગવી પણ નબળાઈ નથી.

જેમ શરીર બીમાર પડે ત્યારે ડૉક્ટર પાસે જઈએ છીએ. તેમ મનને તકલીફ હોય ત્યારે પણ યોગ્ય મદદ લેવી સ્વાભાવિક છે. આપણે તરત ઉકેલ આપવાની જરૂર નથી. પહેલાં સાંભળવાની જરૂર છે - કોઈ નિર્ણય બાંધ્યા વગર, ટોક્યા વગર અને તુલના કર્યા વગર. જરૂર પડે ત્યારે માનસિક આરોગ્ય નિષ્ણાતની મદદ મેળવવા માટે વ્યક્તિને પ્રોત્સાહિત કરવી જરૂરી છે.

**આત્મહત્યા વિશે વાત - ડરથી નહીં, જાગૃતિથી**

આત્મહત્યા પાછળ સામાન્ય રીતે એક જ કારણ હોતું નથી. સંબંધોની સમસ્યા, આર્થિક તણાવ, શૈક્ષણિક અથવા કારકિર્દીનું દબાણ, એકલતા અને માનસિક આરોગ્યની સમસ્યાઓ જેવાં અનેક પરિબળો એકબીજાં સાથે જોડાઈ શકે છે. એટલે આપણે આવી ઘટનાઓને માત્ર એક કારણ સાથે જોડીને નિર્ણય ન લેવો જોઈએ.

પરંતુ જો કોઈ વ્યક્તિ પોતાને નુકસાન પહોંચાડવાની વાત કરે અથવા જીવન પ્રત્યે ગંભીર નિરાશા વ્યક્ત કરે, તો તેને હળવાશથી ન લેવી. તેને એકલો ન છોડવો. વિશ્વાસુ પરિવારજન અથવા મિત્રને જોડવો અને શક્ય તેટલી વહેલી તકે માનસિક આરોગ્ય નિષ્ણાત અથવા તાત્કાલિક સેવાની મદદ લેવી.

**મદદ માટે હંમેશાં મોટા શબ્દોની જરૂર નથી.**
બાળકને પૂછીએ - 'કેટલા માર્ક્સ આવ્યા?'' એ પહેલાં ક્યારેક પૂછીએ - ''આજે તારો દિવસ કેવો રહ્યો?'' જીવનસાથીને પૂછીએ - 'આ કામ કેમ ન થયું?' એ પહેલાં ક્યારેક પૂછીએ - 'તને મારી પાસેથી શું જોઈએ છે?' મિત્રને પૂછીએ - 'શું ચાલે છે?' અને પછી જવાબ સાંભળવા માટે ખરેખર સમય કાઢીએ. ફોન બાજુ પર મૂકીને, ઘડિયાળ જોયા વગર, સલાહ આપવાની ઉતાવળ કર્યા વગર.

કદાચ સામેનો માણસ વર્ષોથી પોતાના મનમાં દબાવેલી વાત પહેલી વાર કોઈને કહી રહ્યો હોય. કદાચ તેને કોઈ ઉકેલ નહીં જોઈએ. કદાચ તેને માત્ર કોઈ પોતાનો માણસ જોઈએ - એવો માણસ જે કહે - ''હું તારી વાત સાંભળવા તૈયાર છું. તું જે અનુભવે છે એ મહત્ત્વનું છે. તું એકલો નથી''

**સફળતા પહેલાં માણસને બચાવવો જરૂરી છે.**
આપણે બાળકોને ડૉક્ટર, એન્જિનિયર, CA કે CEO બનવાનું શીખવીએ છીએ. યુવાનોને સફળ કારકિર્દી ઘડવાનું શીખવીએ છીએ. પરિવારને વધુ સુખ-સગવડ મેળવવાનું શીખવીએ છીએ. પરંતુ કદાચ સૌથી મહત્ત્વની એક વાત શીખવવાનું ભૂલી ગયા છીએ - મનનું ધ્યાન રાખવું.

કારકિર્દી ફરીથી બનાવી શકાય છે, પૈસા ફરી કમાઈ શકાય છે. પરીક્ષા ફરી આપી શકાય છે, નોકરી ફરી મળી શકે છે, ક્યારેક તૂટલા સંબંધો પણ સુધારી શકાય છે, પરંતુ જીવન પાછું મળતું નથી, એટલે સફળતાની દોડમાં માણસને ગુમાવી ન દઈએ.

**એક અપીલ - સમાજને**

બદલાવની રાહ ન જોઈએ. બદલાવની શરૂઆત આપણે જ કરીએ. કોઈ દુઃખી દેખાય ત્યારે માત્ર 'શુ' થયું? નહીં, 'હું તારી સાથે છું' એટલું પણ કહીએ. કોઈ ચૂપ થઈ જાય ત્યારે તેને અવગણીએ નહીં. કોઈ મદદ માંગે ત્યારે તેને નબળો ન ગણીએ, કારણકે દરેક વ્યક્તિને મદદ કરવા માટે આપણે નિષ્ણાત બનવાની જરૂર નથી. ગંભીર સ્થિતિમાં નિષ્ણાતની મદદ જરૂરી છે, પરંતુ ક્યારેક આપણી ભૂમિકા માત્ર એક સારો માણસ બનવાની હોય છે.

ચાલો, એવો સમાજ બનાવીએ જ્યાં માણસ પોતાનું દુઃખ છુપાવવાને બદલે કહી શકે, જ્યાં મદદ માંગવી શરમ નહીં, હિંમત ગણાય અને જ્યાં મુશ્કેલીમાં માણસને ભીડ નહીં, પોતાના લોકો મળે. માત્ર ચહેરા નહીં, માણસને ઓળખીએ. માત્ર વાત નહીં, મનની વાત સાંભળીએ. માત્ર સફળતામાં નહીં, સંઘર્ષમાં પણ સાથે રહીએ.

**બદલાવની શરૂઆત - મારાથી, તમારાથી, આજથી.**

ગામ : વડાલા

**મો.: ૯૮૩૩૯૨૨૪૮૪**

# સંબંધોનાં બદલાતાં સમીકરણો-સમાજ માટે લાલબત્તી



* રેખા પ્રવીણ જખ્ખુભાઈ નંદુ *

**પરિવર્તનના પ્રવાહમાં સંબંધો**

સમય સાથે જીવનશૈલી બદલાઈ રહી છે અને તેની સાથે સંબંધોનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું છે. નાના પરિવારો, કારકિર્દીની દોડ, આર્થિક સ્વતંત્રતા, સ્થળાંતર અને ટેક્નૉલૉજીના વધતા પ્રભાવને કારણે માણસ પાસે સુવિધાઓ વધી છે, પરંતુ સંબંધો માટેનો સમય, ધીરજ અને સંવેદના ઘટતાં જાય છે. સંબંધો હવે સહજ લાગણીથી જીવવાને બદલે ઘણી વાર જરૂરિયાત, સગવડ અને અપેક્ષાના આધારે જાળવવામાં આવે છે.

**નાના પરિવારની મોટી ચિંતા**

એક કે બે સંતાનવાળા નાના પરિવારમાં બાળકને માતા-પિતાનું પૂરતું ધ્યાન અને સારી સુવિધાઓ મળે છે, પરંતુ ભાઈ-બહેન, દાદા-દાદી, કાકા-કાકી, મામા-મામી અને અન્ય સ્વજનો સાથે જીવવાથી મળતી વહેંચણી, સહનશીલતા અને સામૂહિકતાની સમજ તેને ઘણી વાર મળતી નથી. બાળકના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ અને આર્થિક સગવડ જેટલાં જ પ્રેમાળ સંબંધો તથા વડીલોનો અનુભવ પણ જરૂરી છે. સંયુક્ત પરિવાર જ તેનો એકમાત્ર ઉકેલ નથી; પરિવાર નાનો હોય તોપણ સ્વજનો સાથેનો જીવંત સંપર્ક જાળવી શકાય છે.

**માતા-પિતા અને સંતાન વચ્ચે વધતું અંતર**

માતા-પિતા બાળકના શિક્ષણ, કારકિર્દી અને સુખી ભવિષ્ય માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કરે છે, પરંતુ બાળક મોટું થતાં તેની પોતાની દુનિયામાં વ્યસ્ત થઈ જાય અને માતા-પિતા પાછળ રહી જાય. માતા-પિતાએ બાળકને સુવિધાઓની સાથે સમય અને સંસ્કાર આપવા જોઈએ, જ્યારે સંતાનોએ પણ તેમનાં ત્યાગ, લાગણી અને એકલતાને સમજવા જોઈએ બંને પેઢી વચ્ચે નિયમિત અને ખુલ્લો સંવાદ જ આ અંતરને ઘટાડી શકે છે.

**પતિ-પત્ની : સ્પર્ધા નહીં, સહયાત્રા**

આજના સમયમાં પતિ-પત્ની બંનેનું આર્થિક રીતે સ્વતંત્ર હોવું સકારાત્મક બાબત છે, પરંતુ સ્વતંત્રતા જ્યારે અહંકાર, સરખામણી અથવા એકબીજા પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાની દોડમાં ફેરવાય ત્યારે સંબંધમાં કડવાશ જન્મે છે. લગ્નજીવન માત્ર જવાબદારીઓની વહેંચણી નથી; તેમાં પરસ્પર આદર, વિશ્વાસ, સંવાદ અને સમર્પણ પણ જરૂરી છે. મતભેદ સ્વાભાવિક છે, પરંતુ દરેક મતભેદને જીત અને હારનો પ્રશ્ન બનાવવાથી સંબંધ નબળો પડે છે. પતિ - પત્નીએ પ્રતિસ્પર્ધી નહીં, પરંતુ જીવનસાથી બનીને જીવવું જોઈએ.

**સ્ક્રીન નજીક, સ્વજનો દૂર**

મોબાઈલ અને સોશિયલ મીડિયાએ દૂર રહેલા લોકોને નજીક લાવ્યા છે, પરંતુ ઘણી વાર એક જ ઘરમાં રહેતા લોકોને એકબીજાથી દૂર પણ કરી દીધા છે. આભાસી દુનિયાના દેખાડા, સતત સરખામણી અને અવિચારી ખર્ચને કરણે અસંતોષ, તણાવ અને એકલતા વધે છે. એક જ છત નીચે રહેતા સભ્યો અલગ-અલગ સ્ક્રીનમાં ખોવાયેલા રહે ત્યારે સંબંધોની હૂંફ ધીમેધીમે ઓછી થાય છે. ટેક્નૉલૉજી પોતે સમસ્યા નથી; તેનો અતિરેક અને અસંતુલિત ઉપયોગ સમસ્યા છે.

**મિત્રતાનો બદલાતો અર્થ**

સાચી મિત્રતા એ છે જેમાં વ્યક્તિ મન ખોલીને વાત કરી શકે, મુશ્કેલીમાં નિઃસંકોચ માર્ગદર્શન મેળવી શકે અને આનંદની પળો વહેંચી શકે, પરંતુ સોશિયલ મીડિયાની અનેક ઓળખાણોને સાચી મિત્રતા માની લેવી જોખમી છે. બીજી તરફ, નવી પેઢીને જ દોષ આપવાથી કોઈ ઉકેલ નહીં આવે. વડીલોએ માત્ર ઉપદેશ આપવાને બદલે યુવાનો સાથે સંવાદ સાધવો જોઈએ અને યુવાનોએ પણ વડીલોના અનુભવને જૂનો કે નિરર્થક ગણીને અવગણવો ન જોઈએ. બંને પેઢીઓ એકબીજાને સાંભળશે તો જ તેમની વચ્ચેનું અંતર ઘટશે.

**વિશ્વાસનું સ્થાન લેતો સ્વાર્થ**

આર્થિક અને વ્યાવસાયિક સંબંધોમાં પણ વિશ્વાસનું સ્થાન ધીમેધીમે કરાર, શંકા અને સ્વાર્થ લઈ રહ્યાં છે. નજીકના ગણાતા લોકો તરફથી થતો વિશ્વાસઘાત વ્યક્તિને આર્થિક નુકાસાનની સાથે માનસિક આઘાત પણ આપે છે. પરિણામે અનેક લોકો તણાવ, નિરાશા અને હતાશાનો ભોગ બને છે. સંબંધમાં સાવચેતી જરૂરી છે, પરંતુ સતત શંકા અને માત્ર સ્વાર્થના આધારે જીવવાથી માનવીય આત્મીયતા ખોવાઈ જાય છે.

**પૈસા સફળતાનો એકમાત્ર માપદંડ નથી**

સમાજમાં જ્યારે પૈસાદાર વ્યક્તિને જ વિશેષ માન-સન્માન આપવામાં આવે અને તેણે સંપત્તિ કયા માર્ગે મેળવી છે તેની અવગણના કરવામાં આવે ત્યારે નવી પેઢી સુધી ખોટો સંદેશ પહોંચે છે. યુવાનોને એવું લાગવા માંડે છે કે ગમે તે રીતે વધુ પૈસા કમાવવા એ જ સફળતા છે. આ માનસિકતા તેમને અનૈતિક માર્ગે દોરી શકે છે. પૈસા જીવન માટે જરૂરી છે, પરંતુ તેના માટે નીતિ, વિશ્વાસ, સંબંધો અને માનવતા ગુમાવવા એ સફળતા નહીં, સામાજિક પતન છે.

**સંબંધોને ફરીથી જીવંત બનાવીએ**

સંબંધો આપ મેળે ટકતા નથી; તેમને સમય, સંવાદ, વિશ્વાસ, આદર અને સંવેદનાથી સાચવવા પડે છે. બદલાતો સમય અટકાવી શકાતો નથી, પરંતુ બદલાવની દિશા ચોક્કસ નક્કી કરી શકાય છે. વિકાસની દોડમાં જો પરિવારની હૂંફ, મિત્રતાની નિષ્ઠા, વડીલોનો અનુભવ અને માનવીય મૂલ્યો પાછળ રહી જશે, તો ભવિષ્યની પેઢી સુવિધાસંપન્ન હોવા છતાં ભાવનાત્મક રીતે એકલી પડી જશે. સંબંધોના બદલાતાં સમીકરણોને સમયસર સમજવાં અને તેમાં સંતુલન સ્થાપવું એ આજે સમગ્ર સમાજની સામૂહિક જવાબદારી છે.


નાના ભાડીયા

**મો. : ૯૮૭૦૨ ૫૬૫૬૦**



**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૯

# પગદંડી

અંક : ૭ ઑક્ટોબર ૨૦૨૬

**તંત્રી : અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે**

**સંકલન : CA સંજય ચંદનબેન વિસનજી છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
pagdandi.kvoss.org. - email:pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**

૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# ''સંબંધ''



જયંત ગોમીબેન ગણશી જાગાણી

સંબંધ એટલે સાચું બંધન. બંધન સાચું હોય તો જ ટકે. સંબંધની પહેલી શરત, જ્યાં કોઈ સ્વાર્થ ન હોય, બન્ને પક્ષે નિસ્વાર્થતા હોય.

સંબંધ વૃક્ષ અને ધરતી જેવા હોય, જે એકબીજા સાથે અતૂટ રીતે બંધાયેલા હોય. પૂર આવે તો પણ બન્ને સાથ નિભાવે છે. સંબંધ નદી અને કિનારા જેવાં હોય, જેમાં બન્ને પક્ષે મર્યાદાથી બંધાયેલા રહે.

સંબંધોમાં લવચીકતા હોય છે. સંકટ સમયે નમી જશે પણ તૂટશે નહીં. સંબંધ વટવૃક્ષ જેવા હોય કે નિસ્વાર્થ ભાવે રાહગીરને છાયડો આપે છે. રાહગીર પણ વૃક્ષને હાની પહોંચાડતો નથી.

સંબંધોમાં સંજોગોનુસાર ઘટ-વધ થઈ શકે છે, પણ સાવ ભૂંસાતા નથી. સંબંધથી બંધાયેલા વ્યક્તિઓ વચ્ચે ભૌગોલિક અંતર આવી શકે, પણ સંબંધ પ્રેમના તાતણે બંધાયેલ હોય છે. એમાં ઘનિષ્ટતા ઓછી વધુ થાય પણ બંધન સાવ તૂટતું નથી.

સંબંધ પિતા-પુત્ર, પિતા-પુત્રી, માતા-પુત્ર/પુત્રી, ભાઈ-બહેન, ભાભી-દેવર/નંણદ, આદી ના હોઈ શકે. સંબંધ ગુરૂ-શિષ્ય, બે મિત્રો, ભાઈ-ભાઈ, બહેન-બહેન, દાદા-પૌત્ર/પોત્રી, દાદી-પૌત્ર/પૌત્રી વગેરેના હોઈ શકે.

સંબંધ માં વધારો માન્ય છે પણ ઘસારો માન્ય નથી હોતો. ઉપર છલ્લાં સગપણે વ્યવહારીક રીતે બંધાય છે. પણ એમા ધનિષ્ટતા નથી હોતી. કારણ એ ક્ષણીક રીતે સંબંધ છે, પણ એમાં નિકટતા નથી હોતી. સાચા સંબંધમાં સ્વાર્થને સ્થાન નથી હોતું. જેમાં હોય છે ત્યાગની મહેક, પરસ્પર ત્યાગની ભાવના હોય છે, એજ સંબંધ અકબંધ રહે છે.

જેમાં હૃદય ભાવ ન હોય, મીઠાશ ન હોય એવા સંબંધ બાંધવા નહિ. એમાં સરવાળે પશ્ચાતાપ સિવાય કંઈ નહિં મળે. જે સંબંધ જાળવવા મુશ્કેલ હોય એવા સંબંધ બાંધવા નહિં.

ગુરૂ-શિષ્યના સંબંધ પુ. ભગવાન મહાવીર અને પુ. ગુરૂ ગૌતમસ્વામી વચ્ચેનો સંબંધ, સંબધની પરાકાષ્ટાનું પ્રમાણ છે. ગૌતમ સ્વામી પ્રશ્નો પુછતાં થાકતાં નથી તો સામે પક્ષે પુ. ભગવાન મહાવીર એના ઉત્તરો આપતાં થાકતાં નથી.

ભગવાન મહાવીરને પોતાના અંતકાળની ખબર હતી. એમને ખબર હતી ગૌતમ સ્વામી એમની વિદાયને સહન નહિં કરી શકશે, એટલે પોતાનાથી દૂર એક શ્રાવકને પ્રતિબોધ આપવા મોકલી આપ્યા.

સંબંધ શ્રી કૃષ્ણ અને સુદામા જેવા હોય. ગુરૂના આશ્રમમાં બન્નેની મિત્રતા થઈ. શ્રીકૃષ્ણને ખબર હતી કે સુદામા એક નિર્ધન બ્રાહ્મણનો પુત્ર છે, તો પણ એમણે એમની સાથે મિત્રતા કરી. ભૌગોલિક અંતરના કારણે મૈત્રીમાં થોડી શીથીલતા આવી પણ જ્યારે ઘણા સમય પછી ભેટ્યા ત્યારે પોતાની વ્યસ્તતાને લીધે મિત્રની વિસ્મૃતિ થઈ ગઈ હતી. એના પશ્ચાતાપના આંસુઓએ બધું અંતર ધોઈ નાખ્યું.

સંબંધ શ્રીકૃષ્ણ અને દ્રૌપદી જેવા હોય, માનેલી બહેન પર જ્યારે-જ્યારે સંકટ આવ્યું ત્યારે શ્રીકૃષ્ણે એને સંકટ મુક્ત કરી.

શ્રીકૃષ્ણના હાથે કાપો પડ્યો ત્યારે કાંઈ પણ વિચાર્યા વગર પોતાના મોંઘા ચીરમાંથી પાટો કાપી શ્રીકૃષ્ણના હાથે પાટો બાંધી આપ્યો હતો.

શ્રીકૃષ્ણે ફોઈના દિકરાઓ પાંડવોને ભાઈના નાતે સદા સહાય કરી. દરેક સંકટમાં શ્રીકૃષ્ણ એમને પડખે રહ્યા અને પોતાનો સંબંધ નિભાવ્યો.

અર્વાચીન સમયમાં પુ. ગાંધી બાપુ અને શ્રી મહાદેવભાઈના સંબંધનો દાખલો જોવા જેવો છે. શ્રી મહાદેવભાઈ બાપુના સદૈવ પડછાયા બનીને રહ્યા દરેક પરિસ્થિતીમાં મહાદેવભાઈએ પોતાની ફરજ અચૂક રીતે બજાવી.

આજના સ્વાર્થભર્યા સમયમાં સાચા સંબંધો એ છે, જ્યાં જરૂર હોય કે ના હોય, લાગણી અને સાથ અકબંધ રહે.

માપર - (સોલાપૂર)
**મો. : ૮૧૪૯૨ ૦૦૫૯૦**

આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

**cutt.ly/pagdandi**



# બલિહારી ગુરુ આપકી

✲ ગીતા અમૃતબેન નાનજી સત્રા ✲



**યાદ રહી જાય એવા શિક્ષકો**

હમણાં અષાઢી પૂનમે ગુરુપૂર્ણિમા અને ૫ સપ્ટેમ્બરે શિક્ષક દિન ઉજવાઈ ગયા. આવા પ્રસંગોએ આપણને પોતાના પ્રિય શિક્ષકોની યાદ જરૂર આવે. કોઈ શિક્ષકની શિખામણ. કોઈએ આપેલો યોગ્ય ઠપકો કે કોઈએ વધારેલો આત્મવિશ્વાસ જીવનના પડકારો ઝીલવામાં વર્ષો પછી પણ મદદરૂપ બનતો હોય છે. પાઠ્યપુસ્તકના ઘણા પાઠ ભુલાઈ જાય, પરંતુ જીવનનો કોઈ પાઠ શીખવનાર શિક્ષક ઘણી વાર જીવનભર યાદ રહી જાય છે.

**'તારે જમીન પર' - શિક્ષણના બે અભિગમ**

'તારે જમીન પર' ફિલ્મ શિક્ષણના બે તદ્દન જુદા અભિગમ આપણી સામે મૂકે છે. એક તરફ કડક શિસ્ત, ડર અને સજા દ્વારા બાળકને સુધારવાનો પ્રયાસ કરતા શિક્ષકો છે. તો બીજી તરફ રામશંકર નિકુંભ સર છે, જે બાળકને સજા કરતાં પહેલાં તેની મુશ્કેલી સમજવાનો પ્રયાસ કરે છે. એક જ ફિલ્મમાં જોવા મળતો આ વિરોધાભાસ આપણને એક અગત્યનો પ્રશ્ન પૂછે છે - બાળકને બદલવાની જરૂર છે કે તેને સમજવાની રીત બદલવાની?

**એક સમયની સજાની પદ્ધતિ**

જૂના સમયની શાળાઓ યાદ કરીએ તો સ્કેલ કે ડસ્ટરથી મારવું, અંગૂઠા પકડાવી ઊભા રાખવા, બેન્ચ પર ઊભા રાખવા કે ક્લાસની બહાર કાઢી મૂકવા જેવી સજાઓ અસામાન્ય નહોતી. ક્યારેક સજા એટલી વધી જતી કે બાળકના શરીર પર ઉઝરડા કે મન પર લાંબા સમય સુધી રહી જાય એવો ઘા પણ પડી શકતો. ક્લાસમાં અવાજ થયો હોય તો કારણ જાણ્યા વગર કોઈ વિદ્યાર્થીને સજા કરવી કે પોતાનો રોફ જાળવવા માટે કઠોરતા દાખવવી જેવી બાબતો પણ જોવા મળતી.

**શિસ્ત અને સજા વચ્ચેની રેખા**

અલબત્ત, જૂના સમયના દરેક કડક શિક્ષકને ખોટા ગણવા યોગ્ય નથી. અનેક શિક્ષકો કડક હતા, પરંતુ તેમની કડકાઈ પાછળ વિદ્યાર્થીનું હિત અને તેને શિસ્તબદ્ધ બનાવવાની ભાવના હતી. જરૂર પડે ત્યારે શિક્ષકે આપેલો ઠપકો પણ વર્ષો પછી વિદ્યાર્થીને પ્રેમથી યાદ આવતો હોય છે. મુશ્કેલી ત્યારે ઊભી થાય છે જ્યારે શિસ્ત જાળવવાને બદલે ડર કે રોફ ઊભો કરવો મુખ્ય બની જાય. કડકાઈ અને ક્રૂરતા વચ્ચે તથા શિસ્ત અને અપમાન વચ્ચેની રેખા જળવાઈ રહેવી જરૂરી છે.

**બાળકના મન પર પડતી અસર**

અતિશય સજા બાળકને સુધારે એ જરૂરી નથી. ક્યારેક તેનાથી બાળક શિક્ષક કે શાળાથી જ ડરવા લાગે, આત્મવિશ્વાસ ગુમાવે અથવા શિક્ષણથી દૂર થવા લાગે. બાળકના કોમળ મન પર સતત ડર કે અપમાનની અસર કેટલી ઊંડી થઈ શકે છે તેનો વિચાર પણ જરૂરી છે. શાળાનું કામ બાળકને શિક્ષણ સાથે જોડવાનું છે. શિક્ષણથી દૂર કરવાનું નહીં. ભૂલ સુધારવી જરૂરી છે, પરંતુ બાળકને તોડી નાખીને નહીં.

### નિકુંભ સર - પહેલા બાળકને સમજીએ

એ જ 'તારે જમીન પર'ના રામશંકર નિકુંભ સર શિક્ષણનો બીજો રસ્તો બતાવે છે. ઈશાનને આળસુ કે નબળો વિદ્યાર્થી માનીને વધુ સજા કરવાને બદલે તેઓ પહેલા તેની મુશ્કેલી સમજવાનો પ્રયત્ન કરે છે અને પછી તેને અનુકૂળ રીતે શીખવવાની રીત અપનાવે છે. બાળક એ જ છે, તેની મુશ્કેલી પણ એ જ છે, પરંતુ શિક્ષકનો અભિગમ બદલાય ત્યારે બાળકનું જીવન બદલાવા લાગે છે. કદાચ ફિલ્મનો શિક્ષણ માટેનો સૌથી સુંદર સંદેશ પણ આ જ છે.

### બદલાતી શિક્ષણપદ્ધતિ

આજે બાળક કઈ રીતે સરળતાથી સમજી અને શીખી શકે, તેની રુચિ શું છે અને તેની અંદર રહેલી ક્ષમતાને કેવી રીતે પ્રોત્સાહન આપી શકાય તેના પર પહેલાં કરતાં વધુ ધ્યાન આપવામાં આવે છે. શાળાનો માહોલ માત્ર ડર અને સજાથી ચાલે તેના બદલે બાળક શિક્ષક સાથે સહજતાથી વાત કરી શકે એવો બનાવવાનો પ્રયાસ થાય છે. મારવાને બદલે સમજાવવું અને બાળકની નબળાઈ શોધવાને બદલે તેની શક્તિ ઓળખવી - આ બદલાવ આવકારવા જેવો છે.

### આજના શિક્ષકના પડકારો પણ ઓછા નથી

પરંતુ તેનો અર્થ એવો નથી કે આજની શિક્ષણવ્યવસ્થા સંપૂર્ણ બની ગઈ છે કે શિક્ષકની જવાબદારી સરળ થઈ ગઈ છે. મોબાઈલ અને ડિજિટલ દુનિયાનું આકર્ષણ, બાળકોની બદલાતી રુચિઓ, ધ્યાન કેન્દ્રિત રાખવાનો પડકાર, માતા-પિતાની અપેક્ષાઓ અને દરેક બાળકની અલગ શીખવાની રીત - આજના શિક્ષક સામે નવા પ્રકારના પ્રશ્નો છે. બાળકને ડરાવ્યા વગર શિસ્ત શીખવવી અને સાથે તેની વ્યક્તિગત ક્ષમતાને વિકસાવવી શિક્ષકની ભૂમિકાને વધુ સંવેદનશીલ બનાવે છે.

### પ્રિય શિક્ષક એટલે માત્ર નરમ શિક્ષક નહીં.

પ્રિય શિક્ષક એટલે હંમેશાં પ્રેમથી બોલનાર કે ક્યારેય ઠપકો ન આપનાર શિક્ષક એવું પણ નથી. જરૂર પડે ત્યારે ભૂલ બતાવનાર, શિસ્તનો આગ્રહ રાખનાર અને સાચી દિશા બતાવનાર શિક્ષક પણ વર્ષો પછી ખૂબ યાદ આવે છે - જો વિદ્યાર્થીને અનુભવાય કે તેની કડકાઈ પાછળ પોતાનું હિત હતું. શિક્ષકની કડકાઈ વિદ્યાર્થીને ઘડવા માટે હોય, ડરાવવા કે અપમાનિત કરવાં માટે નહીં.

### શિક્ષકની સાચી ઓળખ

સમય બદલાય, શિક્ષણની પદ્ધતિ બદલાય અને શિક્ષક-વિદ્યાર્થીનો સંબંધ પણ બદલાય, પરંતુ સારા શિક્ષકની ઓળખ કદાચ આજે પણ એ જ છે - જે માત્ર પાઠ ન ભણાવે, પરંતુ વિદ્યાર્થીને સમજવાનો પ્રયત્ન કરે, જરૂર પડે ત્યારે શિસ્ત શીખવે, પરંતુ તેનો આત્મવિશ્વાસ ન તોડે અને તેની અંદર રહેલી ક્ષમતાને બહાર લાવવામાં મદદ કરે.

શિક્ષક દિન કે ગુરુપૂર્ણિમા આવે ત્યારે આવા શિક્ષકો સાથેની સુંદર યાદો ફરી તાજી થાય છે અને તેમના પ્રત્યે પ્રેમ તથા અહોભાવનું ઝરણું વહી નીકળે છે. આખરે શિક્ષકની સૌથી મોટી સફળતા કદાચ માર્કશીટમાં નહીં, પરંતુ વર્ષો પછી પણ વિદ્યાર્થીના જીવનમાં જીવતી રહેલી તેમની એક શિખામણમાં હોય છે.

**તમારો પુત્ર કે પુત્રી અરીસા વિના માથું ન ઓળી શકે ત્યારે જાણવું કે હવે તે વયમાં આવેલ છે. જ્યારે ફરીથી તે અરીસા વિના માથું ઓળી શકે ત્યારે જાણવું કે, તેમની યુવાની ઓસરી ગઈ છે.**

- પગદંડી મે, ૧૯૬૦

# પ્રતિભાવ – પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં – તંત્રીઓ**

**પગદંડી ડૉ. ગુલાબભાઈ દેઢિયા લેખ**

ક.વી.ઓ. સમાજના માસિક અંક પગદંડીમાં ડૉ. ગુલાબભાઈ દેઢિયા દ્વારા મહિલાઓને બિરદાવતો લેખ વાંચીને ખૂબ આનંદ અને ગૌરવની લાગણી અનુભવી. મહિલાઓના જીવનમાં રહેલા સહનશીલતા, ત્યાગ, શક્તિ, સકારાત્મક અભિગમ અને વિવેકપૂર્ણ જીવનશૈલી જેવા ગુણોનું ગુલાબભાઈએ ખૂબ જ સુંદર અને અસરકારક રીતે વર્ણન કર્યું છે.

એમનો આ લેખ માત્ર પ્રેરણાદાયક નહીં પરંતુ સમાજ માટે માર્ગદર્શક પણ છે. મહિલાઓના યોગદાનને આ રીતે ઉજાગર કરવાના એમના પ્રયત્ન માટે દિલથી અભિનંદન અને શુભેચ્છાઓ.

તેઓ આવા જ ઉત્તમ અને પ્રેરણાદાયક લેખો દ્વારા સમાજને માર્ગદર્શન આપતા રહે એવી શુભેચ્છાઓ સાથે...

સાદર,

**ડૉ. પુષ્પા ગોસર, મુલુંડ (ગોધરા)**

**મો. : ૯૯૬૯૦ ૧૯૪૧**


Since 2000
100% Pure Vegetarian

श्री गणेश श्री
मिठाई फरसाण बेकरी

**Our Products**

*Bakery & Confectionery • Cakes & Patisserie*

*Indian Sweets • Hot Farsan*

*Dry Farsan • Low Calorie Food (Diet Food)*

**100% PURE JAIN PRODUCTS**

3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092

72 77 88 33 55 / 800 9955 443

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

## પગદંડી સાથેની મારી સફર

લગભગ ચાર વર્ષના વિરામ બાદ, કલમ ફરી હાથમાં લીધી ત્યારે એક જ વિચાર આવ્યો. પ્રથમ 'પગદંડી સાથે વિતાવેલી સફર'થી જ જરૂઆત કરું. મારા માટે પગદંડી મારા સ્વની ઓળખ છે. કહેવાય છે, તમે કેટલા વર્ષ જીવન જીવ્યા તે કરતાં કેવું જીવ્યા તે મહત્ત્વનું છે. મારા જીવનમાં મહત્ત્વનાં વર્ષ પગદંડીની સફરમાં ઉમેરાયાં છે. અંદાજે ૧૩ વર્ષની વયમાં મેં, પગદંડીમાં મારા સ્વરચિત કાવ્યથી લખવાની શરૂઆત કરી. સાહિત્ય પ્રત્યેનો પ્રેમ તો ઘરના વાતાવરણથી, શાળામાં મળ્યો હતો. વર્તમાનપત્રમાં આવતી નાની મોટી સ્પર્ધામાં ભાગ લેતા, વધતો ગયો. પગદંડી સાથેની સફર અવિરત રીતે શરૂ થઈ ગઈ.

એક અબુધ બાળકી, અજાણતા જ લેખન તરફ ખેંચાતી ચાલી. પગદંડી પરિવારના તંત્રી શ્રી રમેશભાઈ દેઢિયા, અશ્વિનભાઈ માલદે, અશ્વિનભાઈ ગાલા, શાંતિભાઈ રાંભિયા, ચંદ્રકાન્તભાઈ નંદુએ મને હંમેશાં પ્રોત્સાહન આપ્યું. પગદંડી પરિવારની એક ખાસિયત છે. માત્ર ફોન પર અવાજ સંભળાય છતાં પરિવાર પોતીકો લાગે. લગભગ ૩૦++ વર્ષની આ સફરમાં કદાચિત જ સામસામે મળ્યા છતાં આત્મીય ભાવ એવો જ અકબંધ રહ્યો છે. સ્ત્રીઉત્કર્ષ સમિતિ દ્વારા લોન આપી સમાજની બહેનોને પગભર થવાની તક આપવામાં આવે છે. તેમાંથી કેટલીક બહેનોની સફર, તેમના ઘરે જઈ, પગદંડીમાં સમાવેશ કરવામાં આવી હતી. ત્યારે મને તે સમયનાં સ્ત્રીઉત્કર્ષ સમિતિનાં ડૉ. હસુમતીબેન છેડા, તારાબેન સાવલા, સુશીલાબેન ગાલા અને રેખાબેન ગડા સાથે, માર્ચ ૨૦૧૨થી ફેબ્રુઆરી ૨૦૧૩ સુધી, મુખ્યત્વે લોન લેનાર દરેક બહેનોની પગભર થવાની સફરનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સ્ત્રીઉત્કર્ષ સમિતિની આ હસ્તીઓ સાથે મને મૂળ પાયો શીખવ્યો, તમારા પગ જમીન પર કઈ રીતે રાખવા. એક વર્ષ તેમની સાથેની આ સફર મારા માટે, અદ્ભુત અનુભવ હતો.

ડૉ. ઈલાબેન હોય કે નરેડીવાળા પ્રવીણભાઈ, તેમની સાદગી અને હંમેશાં હસતું વ્યક્તિત્વ મારી આ સફરના મૂક સ્તંભ છે. જેમણે મને સતત પ્રોત્સાહન આપ્યું છે. કહેવાય છે તમે બે વર્ષે મળો છતાં સંબંધની સુવાસ ઓછી ન થાય તો સમજવું તમે સંબંધને પામ્યા છો પગદંડી પરિવાર સાથે હોય કે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ સાથે હોય, આ સંબંધ અમૂલ્ય છે, આ પરિવાર તો મારું પિયર લાગે છે. સમય સાથે હોદ્દા બદલાય, નામ બદલાય પણ મીઠાશ એ જ છે. સંબંધોમાં મોકળાશ પણ એ જ છે. મારા વાચક મિત્ર, જેમણે મને, ફોન, મેઈલ કે રૂબરૂમાં મળી સતત પ્રેરણા આપી. તેમના પ્રોત્સાહન આપ્યા વગર આ શબ્દોને પાંખ ન મળી હોત.

મેં ઉપરોક્ત નામનો ઉલ્લેખ કર્યો છે અને તેમની કાર્યશૈલીનો અનુભવ કર્યો છે. પોતપોતાના

વ્યવસાયમાંથી સમય ફાળવી. ઘર-પરિવારની જવાબદારી સાથે, પોતાના પદનું માન જાળવીને, માત્ર સમાજને પરત કરવાની ભાવના સાથે જ્યારે ફરજનું પાલન થાય, ત્યારે જ સમાજ સમૃદ્ધ બને. મારી અત્યાર સુધીની સફરમાં મને કંડારનાર તે દરેકની હું આભારી છું.

કદાચ વાચકોને થશે, આ શરૂઆત કેવી? પણ આ તો ઋણ છે. મારા હવે પછી વણથંભીત શબ્દોના રણકારમાં મારા પાયાના ઘડતરને મહત્ત્વ આપવું જ રહ્યું. તો મારા વાચક મિત્રો, તૈયાર થઈ જજો મારી સાથે શબ્દની જાળમાં, સમાજના વિશ્વના અવનવા પ્રશ્ન અને તેના નિરાકરણને પામવા. થોડી મસ્તીમાં નવી દિશા મેળવવા મારા વિચારોને પ્રોત્સાહન આપવા.

- લોપા ઈલેશ ધરોડ (મારુ)

**મો. : ૯૯૮૭૭૨૩૬૯૭**

# મનગમતું, અનોખું - આરોગ્યધામ

શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન સંચાલિત - શ્રી દેવજી ખેતશી આરોગ્યધામ, રોડ ટચ - દેવલાલી, લેમ રોડ ઉપર આવેલું, આ આરોગ્યધામ સૌને ગમતું સુંદર, સ્વચ્છ અને રળિયામણું છે. મુંબઈથી નજદીક છે.

શ્રી દેવશી ખેતશી આરોગ્યધામ - દેવલાલીની મઢૂલી, સવાર-સાંજ નોટરમ - અંતાક્ષરી - હાઉઝી - વન મિનિટ ગૅમ વગેરે પ્રવૃત્તિઓથી અને મૈત્રીની મહેફિલોથી ગાજતી રહે છે.

ગામેગામોનાં સિનિયર સિટીઝનો ભાઈ-બહેનો મૈત્રીના માંડવે એક પરિવાર બની અવનવી ચર્ચાના ચકડોળે - હસી-મજાક સાથે વાતાનો વડા અને ચાની ચૂસકી લેતાં લેતાં શારીરિક - માનસિક દુઃખ-દર્દોથી મુક્ત થઈ પોતાનું બાળપણ વાગોળી રહ્યાં છે.

બધી જંજાળોથી મુક્ત થઈ - એક પરિવાર બની ''ખાલીપા ને ખો આપી'' બધા વડીલો ગાર્ડનની આસપાસ આનંદ-ખુશીથી ફરી રહ્યા છે. નાના-મોટા બધા એકલવાઈ જિંદગીને તિલાંજલિ આપી હસતાં-હસતાં અહીં સુખ-ચેન-શાંતિ અનુભવી રહ્યા છે.

આ આરોગ્યધામમાં ગાર્ડનમાં વાવેલા ફૂલ-ઝાડની સંભાળ-માવજત બહુ સારી રીતે થઈ રહી છે. અહીંના કામદારો સવાર-સાંજ દિલથી કામ કરી રહ્યા છે. મૅનેજરો પણ બધા સાથે હળીમળી - ચૌતરફ ધ્યાન રાખી આ આરોગ્યધામની સારી રીતે સંભાળ લઈ રહ્યા છે.

એક ખુશખબર... દેવલાલીના આપણા આ આરોગ્યધામમાં દરેક બ્લૉકમાં લોકપ્રિય આપણી ''ખબર-પત્રિકા''નું આગમન ફ્રી - મફત થઈ ગયું છે. ચાની ચૂસકી લેતાં લેતાં - ''ખબર-પત્રિકા''નું વાંચન કરતાં કરતાં કુદરતી વાતાવરણમાં બાલ્કનીમાં બેસી પરિવાર સાથે વાર્તાલાપ કરવાની બહુ મજા આવે છે.

સારી મૅનેજમેન્ટ માટે... જાગૃત, ઉત્સાહી કમિટીના મહાશયો અને કમિટીના સર્વે કાર્યકરોની સંપૂર્ણ ટીમને હાર્દિક અભિનંદન.

**લિ. જયંતી લક્ષ્મીબેન વાલજી ગોગરી**

ભુજપુર - ઘાટકોપર

**મો. : ૯૯૬૭૨૮૬૨૦૮**

# ઊર્મિલહર



**સંપાદક : વિશન પાનબાઈ દેવરાજ નાગડા**

જાની,

કાનો-મંતર વિગરજેં શબ્દેં જે પંધમેં પાં અગીયા પગ મંઢીઉં તૅનૂં મૉર ઑગસ્ટ મેણો જેં શબ્દેંતે હિકડી નજર ! (૧) સખત = સખત, (૨) સગ = શક્તિ, (૩) સગત = આર્થિક બળ, (૪) સગત = સગત માતા, એક દેવી વિશેષ. ઈની ચંઈ જી પા ગાલ કિઈ. હાણે ઈગીયા નૅર્યૂં:

(૧) સગડ (પુ.) - શેરડો, કેડી, પગદંડી (પયાર્યઃ ઘસ) (m) narrow path (in forest etc.) footpath

(હી અરથ શ્રી દુલેરાય કારાણી જે શબ્દકોશ મેં નોંધેલો આય.)

(વાક્ય) હી સગડ ગિની હલ્યા વિઓ ત ખારીવાડી તેં પુજી વિઞધા.

(૨) સગડ (સ્રી) - સગડ, સર-સમાચાર, ખબર (f) news

(હી શબ્દ શ્રી પ્રતાપરાય જે કોશમેં આય)

(વાક્ય) ભલા મેમાણ કડેં અચીંતા તેંજી કીં સગડ?

(૩) સગન (સ્રી) - ગાડાના ઊંટડાને ધૂંસરી સાથે બાંધવાનો લોખંડનો ખીલો કે કોઈ પણ ખેત સાધનને ધૂંસરી સાથે બાંધવાની લાકડા (સીસમ)ની પટ્ટી.

અજ જુકો શબ્દ આયા અઈં ઈ હાણે પાંજે આધુનિક કે શહેરી જીવન જે વપરાશમેં નઈં! (નાંય સગડ, નાંય સગન)

**પનપટી :** સગડ જે કુટમજો પ્રચલિત શબ્દ **ઘસ** પાં લા નઉં નાંય (ઘસ - કેડી).

ઘસ જાધ પ્યો ત ઈન મથા હિકડી સાવ સરલ ચૉવક સાંભરઈ આય.

'ઘસ લજંધે ગડાવાટ જુડી વિઈ!' કેડી શોધતાં ગાડાવાટ - મુખ્ય માર્ગ જડી ગયો! અર્થાત આપણે શોધતા હોઈએ કોઈ નાનકડી વસ્તુ કે નાનકડી પ્રાપ્તિ ને આપણું નસીબ બળૂકું હોય તો મોટી પ્રાપ્તિ મળી જાય ત્યારે આ કહેવત (કચ્છી ચૉવક) સિધ્ધ થાય છે.

ભલેં તડેં આકે ઍડે કો શબ્દ જો સગડ કેં વટા સગડ મિલે ત વેસલો મ કજા જિરા **૯૮૨૦૪૫૬૮૯૯** તેં ઠકા કરાઈજા!

ચૉવકૂં આં વટે પણ હૂન્યૂં, સુણીને પાંજા ભા-ભેણ રાજી થીયેં ઍડી કો ચૉવક હથ ચડેં ત જરૂર હલાઈજા.

ભલે તડેં, અચીંજા !

**- આંજો વિશન નાગડા**

---

દુખીયેંજા દુખ હિત ન્યારીંધલ કિતરા?
પાયમાલ વેં તેંકે પારીંધલ કિતરા?
પિંઢજે જીયણકે જાગંધો રખજે 'તેજ'
હિત મરધલ પુઆ રૂંગા સારીંધલ કિતરા?

---

પાંધીએં મિંજા કેં પુછા ન કિઈ 'તેજ'
તડેં કાંધીએં વેસા ડિનોં ખરો.

## ''पढ़ ले खुदको''

तेरे सपनो में मत बुन भौतिकताका शहर,
मत पी ये झूठे पुद्‌गलों का ज़हर।

हटा दे मनसे वो धूप की दोपहर,
फिर सिसकती साँसो में न कभी आहें भर ।

अगर, मगर की बात मत कर,
ठहर जरा अपने ही अंदर ।

स्व पर रख दे पर से हटा दे नज़र,
अब खुदके ही अनुभव से गुज़र ।

पढ़ ले खुदको ईतना न कभी जमाने से डर,
प्रेम का बीज बोकर पा ले खुशियों की लहर ।

'प्रेम' कहे एक मरदानी भरा एसा काम कर,
छोटा ही सही बना ले गाँव में एक अपना घर ।

फिर तेरे सपनों में मत बुन भौतिकताका शहर ।

**પ્રવીણ જવેરબેન દામજી ગોગરી (પ્રેમ) -**
**દહિંસર - ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

## મિઠા વૅણ

વૅણ મિઠા કુછજે રે બાઈ, વૅણ મિઠા કુછજે
બોલ વલપજા કઢજે રે બાઈ, બોલ વલપજા કઢજે.

મિઠડે વૅણે બધજેં, મિઠડા સબંધ રે,
તુટેં વૅરજૅર, ધરધજા મિડે બંધ રે,
હીયેં સન લાગણીયેંજા ઉપજેં રે બાઈ... વૅણ મિઠા..

ખેતર કાગરજે સબધ થિઈ પોખજેં રે,
અખીયેં આગણ પ્રીતજા આગજેં રે,
પંધ જીયણમેં સુખજા વઢજેં રે બાઈ... વૅણ મિઠા...

ગીત રૂપારા ચિતમેં વિઠા ચુણકેં રે,
ધિલ ચમનમેં થિઈ ફુલડા મુરકેં રે,
જીયણ-અભમેં તારલા ચમકેં રે 'કુસુમ'...વૅણ મિઠા...

**કુસુમ ગાલા... 'કુસુમ'**
ભોજાય... મુલુંડ.

## હથમેં જૅર કલમ હૂએ

હથમેં જૅર કલમ હૂએ,
નેં, કીંક સ્ફૂરે
ત કર,
એકાંધી લાટ કવિતા લિખાજી પ વિએ!
પ એડો કિંડા થીએ તો ?
વિઈકાલજો સાગજે વિધારમેં રાઈ તિતડઈ,
નેં ભેરા થોડા સબધ પ તિતડયા...
પ ઈ કીં ચૂલ છડીનેં કલમ ખણેલા ધૉડાંધો હુંધો?
બિપોરજો,
કપડાં સુકાયાતે તૅર
મસોતેજી કોરનું બ-ચાર સબધ ટિપકયા
નેં,
ઘડીમેં ત સામેવારે પિપર તે રોંધલ જિરકલી
હરેંનું આવઈ નેં મિડેં પી વિઈ...ચૉયો !
રાતજી ગાલ કરીયાં,
વીયારૂ ટાંણે, માંજીનેં અછીભિડંગ કરેલ થારીમેં
ના ચિઈ તોંય અમૂક સબધ ધરાર પિરસાણા.
નેં પોય,
કૂસી કૂસી ખિચડી ને ઘીજી બુસ્કારમેં ભિરીનેં ઉડી વ્યા.
છાલ,
કૅરક ઍડૉ પ થીએ
ક,
હથમેં કલમ હૂએ નેં કીંક સ્ફૂરે !

**રાજૂલ ભાનુશાલી**

માણસાઈ ન વૅ અંધરમેં, ત પોય ધરમ કેઆ ?
નેં 'તેજ' ભોગવે ન સમજ્યા, ત પોય કરમ કેઆ?

ભુલ પાંજી પધરી, નેં ભુલ પાંજી ઈ જ
કિતરા પાણી ચૂસ્યા, નેં કિતરા કઢ્યા ખનીજ
તડેં કુધરત કઢેં ખીજ, ધરા કે ધુબાયને.

## બાબુનું પતંગિયું

બાબુભાઈ બેઠા 'જિગ્શો' પઝલ રમવા!
એમાં ખોવાયા પતંગિયા ભાઈ!
બાબુ તો ચિત્ર જુએ ને ટુકડા જુએ!
રંગ રંગિત ટુકડા લાગ્યા ગમવા!

લાલ, પીળા, કેસરી, નીલા અસલ જેવા!
ટુકડા ઉપાડી બાબુ કરે વિચાર!
ક્યાં ક્યાં ગોઠવું આના આકાર!
બાબુભાઈ લાગ્યા માથું ખંજવાળવા!

એક એક ટુકડાને ખાનાં લાગ્યાં મળવા!
ખિલખિલ હસતા બાબુને પડી મોજ!
જાણે કરી એણે કેવડી મોટી ખોજ!
સાંજે દાદા ને બાબુ ગયા ગાર્ડનમાં ફરવા

ફૂલડે ફૂલડે પતંગિયાની ફોજ,
બાબુભાઈ કરે ગમતાનો ગુલાલ,
બગીચો જાણે પતંગિયાનો ફાલ,
પતંગિયાને મળવા બાબુ બગીચે જાય રોજ રોજ.

**ભાનુબેન સાવલા 'ભદ્રા'**

## પાનબાઈ

નિસીભકે ન રૂઓ હાણે પાનબાઈ!
હથ કર્યો હથીયાર ટાણે પાનબાઈ!

સંજોગ જા પણ ખેલ ન્યાર્યો કૈક ઐ
જોખ્યો ન માણસાઈ નાણે પાનબાઈ!

ડૅયો જ હિકડે હથ જુકો, બે હથ ગિનો
ઈ નીયા જગ જે મંઢાણે પાનબાઈ

મન કરમ મેં ઊ પ્રગટ થીંધો જ રૅ
વૅ જુકો પિરસેલ ભાંણે પાનબાઈ!

જિધ છડે બુજધલ, ભિરી ત્રાંસા લંગે
વઈંધલ નિકા ત વિને ત્રાણે પાનબાઈ!

આય ઑખો જાત ઘસે જગ જીતણું
પુતર ન થીએં માઁ વખાણે પાનબાઈ!

**-જયેશ ભાનુશાલી 'જયૂ'**

## બપ્પોર ચઢે ને...

**(ગીત)**

બપ્પોર ચઢે ને મને પૂછે છે સખિયું
જીવતરનો ખોલ જૂનો નાતો;
પરસેવે હળજોડી થાકેલી હોઉ તોય
પથરાવે પાથરણે વાતો.

મારાને ભૂલીને મારામાં દેખું તો
અજવાળે ઊઠે અંધારું;
થાપટ મારીને હડસેલું બા'ર પણ
નિસાસો રોકે ના બારું!

ચૂડલાના સમ્મ મને વાગે છે
વેઢમાંને ડંખીલો ડાઘ ના રુઝાતો...
બપ્પોર ચઢે ને મને પૂછે છે સખિયું
જીવતરનો ખોલ જૂનો નાતો.

વરસોથી નાર કોઈની લઈ ગયો નાથ પણે
મારે તો શીદ તાળાં વાખવાં?
જાણું છું હું મને સંભાળું ના છતાં
છોરાં મૂકી ઘર અવર કાં માંડવાં?

કોઈ મારી ભીત્યુંને જરી તો
પૂછી જુઓ કાઢું છું કેમ કરી રાતો?
બપ્પોર ચઢે ને મને પૂછે છે સખિયું
જીવતરનો ખોલ જૂનો નાતો.

**– મંગળ રાવળ 'સ્નેહાતુર'**
મુ.પો. અંબાલા, જિ મહેસાણા

મા જો ખૉરો ભૂલજા મ,
અના ગરજ ઘણોં બાકી આય.
રખે ધાવણજા ધુસમણ થીઑ,
અના ફરજ ઘણોં બાકી આય.
ભલાઈજો ભાર પાં મથે ઘણોં પ્યો આય 'તેજ'
ભલા ઈં કી છૂટી વૅબો,
અના કરજ ઘણોં બાકી આય.

# શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
## અપડેટ

**તા. ૧ જુલાઈ ૨૦૨૬ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬** (માનદ મંત્રીઓ)

✤ **પેરેન્ટિંગ સેમિનારઃ**

તા. ૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ બોરીવલી ખાતે ૮ થી ૧૪ વર્ષનાં બાળકો અને તેમના વાલીઓ માટે આ પેરેન્ટિંગ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શોર્ટ ફિલ્મ દ્વારા બાળકોની સમજણશક્તિ અને ભણતર વિષે, વાર્તા અને પાત્રો દ્વારા સામાજિક વર્તન અને કાર્યશક્તિ વધારવા અવનવી એક્ટિવિટી જેવા વિષયો આવરી લેવામાં આવ્યા હતા.

✤ **શૈક્ષણિક સેમિનારઃ**

તા. ૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ ચિંચપોકલી મહાજન વાડી ખાતે આ સેમિનાર ભારે વરસાદના કારણે રદ થતા યુ-ટ્યૂબ દ્વારા આ સેમિનારનું આયોજન ઓનલાઈન કરવામાં આવેલ જેમાં વિદેશમાં ભણતર વિશે શૈક્ષણિક ગતિવિધિઓનું અને વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ અને રહેઠાણ વિષે પેનલ મેમ્બર ડૉ. પૂજા બૌઆ (ડોણ-સાંતાક્રુઝ), પુનાંગ છેડા (મોટા આસંબિયા-મુલુંડ), વિરલ પાસડ (દેઢિયા-સાંતાક્રુઝ), અમીષા શાહ (નરેડી-મુલુંડ) દ્વારા જાણકારી આપવામાં આવી હતી.

✤ **સાંસ્કૃતિક કાર્યક્રમઃ**

આ વર્ષે 'ખાલીપો' નાટકનો મુંબઈ ઉપરાંત પુના અને દેવલાલી મધ્યે યોજાયેલ અને નાટકનો ૨૫મો પ્રયોગ વિલે પાર્લે ખાતે યોજવામાં આવેલ જેમાં સમારોહના પ્રમુખપદ તરીકે શ્રી ચંદ્રકાંત વલ્લભજી ગોગરી (નાના ભાડિયા-પવઈ/મુલુંડ) એ શોભાવ્યું હતું અને વિશેષ આમંત્રિત તરીકે નાટ્ય જગતના શ્રી મનોજ જોષી, શ્રી દિલીપ રાવલ અને શ્રી પ્રતાપ સચદેવની ઉપસ્થિતિ રહી હતી.

✤ **સંજીવની સ્વાસ્થ્ય યોજના :**

૩૧ વર્ષથી સતત સમાજ હિત માટે સભ્યોને મેડિકલ ખર્ચમાં રાહત આપતી આ યોજનાનું પ્રીમિયમ આ વખતે તા.૧૩ જુલાઈથી તા. ૨૭ જુલાઈ ૨૦૨૬ દરમ્યાન સેવા સમાજ ઉપરાંત

✪ શ્રી ડોંબિવલી ક.વી.ઓ. સેવા સમાજ,
✪ શ્રી થાણા કચ્છી જૈન સેવા સમાજ,
✪ શ્રી મુલુંડ ક.વી.ઓ. સમાજ,
✪ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસર (ઘાટકોપર),
✪ શ્રી અંધેરી ક.વી.ઓ. સમાજ,
✪ શ્રી ગોરેગામ ક.વી.ઓ. જૈન પ્રગતિ મંડળ,
✪ શ્રી મલાડ કચ્છી જૈન યુવક મંડળ,
✪ શ્રી ક.વી.ઓ. જૈન મહાજન બોરીવલી,
✪ શ્રી કચ્છ યુવક સંઘ નાલાસોપારા

ઉપરાંત બહારગામ

✪ શ્રી સાંગલી કચ્છી જૈન સેવા સમાજ (કોલ્હાપુર) અને ✪ શ્રી પુના કચ્છી જૈન સમાજ ખાતે પ્રીમિયમ સ્વીકારવામાં આવ્યું હતું.

કુલ ૬૩૪૯ સભ્યોએ પોતાની મેડિકલ પૉલિસી રિન્યૂ કરાવી અને ઈન્શ્યોરન્સ કંપનીને લગભગ ૨૨ કરોડનું પ્રીમિયમ આપ્યું હતા. આ પ્રીમિયમ કલેક્શન માટે કુલ ૪૪ વૉલન્ટિયર મદદરૂપ થયા છે. આર્થિક રીતે અત્યંત જરૂરિયાતમંદ સભ્યોને પ્રીમિયમ ભરવા માટે રૂા. ૬,૪૮,૬૦૨/– રકમની રાહત અને રૂા. ૨૭,૧૮,૭૮૧/– રકમની લોન આપવામાં આવી હતી.

આ સંજીવની યોજનાને સફળ બનાવનાર : શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન, સંયુક્ત ખબરપત્રકિા, પ્રીમિયમમાં રાહત જાહેરાત કરનાક સર્વે ગામના મહાજન/મંડળ, લત્તાવાર મંડળ, કચ્છી મહિલા ફેડરેશન, સ્થાનિક સંસ્થાઓનો, જોડાનાર સભ્યો અને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદરૂપ થનાર સર્વેનો સેવા સમાજ આભાર માને છે.

✤ **પગદંડી મેળાવડો :**

પગદંડીમાં વર્ષોથી પોતાના વિશિષ્ટ, વિચારપ્રેરક અને સાતાત્યસભર લેખન દ્વારા અમૂલ્ય યોગદાન આપનારને **'પાર્શ્વચંદ્રસુરીજી શિલ્ડ'**અર્પણ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૫થી સુંદર લેખન માટે કુલ ૬ મહાનુભાવોને આ શિલ્ડ અર્પણ કરવાનો કાર્યક્રમ રવિવારના ૨૩ ઑગસ્ટ ૨૦૨૬ના રોજ ચિંચપોકલી મહાજન વાડી ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં **'ખાલીપોને આપો ખો'**ના વિષય પર નિબંધ સ્પર્ધા વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવેલ તેમ જ બે દાયકાની ઉપર પગદંડીના તંત્રીસ્થાનેથી રહીને સેવા આપનાર તંત્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વધુ અહેવાલ સપ્ટેમ્બર ૨૦૨૬ માસની પગદંડીમાં પ્રકાશિત થયેલ છે.

✤ **બુક બૅન્ક :**

દર મહિનાના બીજા અઠવાડિયે રવિવારે વિવિધ ધોરણોનાં પુસ્તકોની આપ-લે માટે સેવા સમાજ ચિંચબંદર ખાતે બુક બૅન્ક ચાલુ રહે છે.

✤ **રહેઠાણ લોન યોજના:**

તા. ૧૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ મળેલ મિટિંગમાં પોતીકા રહેઠાણ માટે મોટા આસંબિયા, કપાયા, તલવાણા, કોટડા રોહા, પ્રાગપુર, છસરા ગામની કુલ ૬ વ્યક્તિઓને રૂા.૨૨,૫૦,૦૦૦/- રકમની લોન આપવામાં આવી.

✤ **સ્ત્રીઉત્કર્ષ યોજના :**

તા. ૧૭ ઑગસ્ટ ૨૦૨૬ના રોજ મળેલ મિટિંગમાં પોતાના ગૃહઉદ્યોગમાં પગભર થવા અને ગૃહઉદ્યોગ વધારવા અથવા નવો ઉદ્યોગ શરૂ કરવા કારાઘોઘા, કપાયા, ભુજપુર ગામની ત્રણ બહેનોને રૂા. ૧,૯૫,૦૦૦ ની રકમની લોન આપવામાં આવી.

✤ **શૈક્ષણિક લોન યોજના :**

તા. ૧૮ જુલાઈ, ૨૨ ઑગસ્ટના તથા ૧૯ અને ૨૬ સ્પટેમ્બર રોજ મળેલ મિટિંગમાં ભારતમાં રહીને ઉચ્ચ અભ્યાસાર્થે ૪૦ વિદ્યાર્થીઓને રૂા. ૯૦,૬૦,૭૦૦/- તથા વિદેશ અભ્યાસાર્થે ૯ વિદ્યાર્થીઓનો રૂા. ૨૫,૦૦,૦૦૦/- રકમની લોન આપવામાં આવેલ.

❖ **વૈદ્યકીય રાહત યોજના:**

તા. ૧૧ ઑગસ્ટ અને ૯ સપ્ટેમ્બરના રોજ મળેલ મિટિંગમાં ગામ કોટડી મહાદેવપુરી, રાયધણજર, મેરાઉ (૨), ડુમરા, નરેડી, મોટા લાયજા, બાંભડાઈ, નવાવાસ, ભુજપુર (૫), કોટડા રોહા, દુર્ગાપુર, બિદડા (૨), કુંદરોડી, છસરા (૨), મકડા, બેરાજા, કોડાય, ગઢશીશા, ભોજાય, મોખા, દેવપુર (૨), નાની તુંબડી, મોટી રાયણ, નાંગલપુર, મોટી ઉનડોઠ (૨), વિઢ, ગુંદાલા, તલવાણા, સમાઘોઘા, હમલામંજલ (૨)ની કુલ ૪૦ જરૂરિયાતમંદ વ્યક્તિઓને રૂા. ૧૦,૦૮,૮૦૦/- રકમની સહાય વૈદ્યકીય ખર્ચ પેઠે આપવામાં આવી હતી.

## અનુદાન - આભાર

**તા. ૧૬ જૂન, ૨૦૨૬ થી તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી આવેલ અનુદાનની યાદી**

| | |
|---|---|
| **રૂા.૧૦,૦૦,૦૦૦/-** | **નવનીત ફાઉન્ડેશન (રાયણ - દાદર) તરફથી - શૈક્ષણિક ફંડ દર વર્ષે** |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | એક સદ્‌ગૃહસ્થ તરફથી - બુક બૅન્ક |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | શ્રી શિવજી દામજી કેનિયા (બારોઈ) હસ્તે રેખાબેન વસંત કેનિયા - શૈક્ષણિક ફંડ |
| રૂા. ૫૦,૦૦૦/- | માતુશ્રી લક્ષ્મીબેન અને પિતાશ્રી વેલજી હીરજી માલદે (ભુજપુર)ના સ્મરણાર્થે હસ્તે પરિવારજનો તરફથી - શૈક્ષણિક ફંડ |
| રૂા. ૫૦,૦૦૦/- | શ્રીમતી કુસુમ મણિલાલ પોલડિયા (બિદડા - પરેલ) - શૈક્ષણિક ફંડ |
| રૂા. ૨૫,૦૦૦/- | શ્રી અનંત જેઠાલાલ મારુ (હાલાપુર - ડોંબિવલી) - શૈક્ષણિક ફંડ |
| રૂા. ૧૧,૧૧૧/- | ડૉ. દેવચંદ ટોકરશી શાહ (નાંગલપુર - માટુંગા) - તા. ૨૯ સપ્ટેમ્બરનાં ૯૦માં જન્મદિન નીમીત્તે - વૈદ્યકીય સહાય |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી હંસરાજ એસ. ગડા - વિવિધ પ્રવૃત્તિ |
| રૂા. ૨,૫૦૦/- | શ્રી ભાવેશ વસંત શાહ (પત્રી - પરેલ) - વૈદ્યકીય સહાય |

**દાતાશ્રીઓનો આભાર**

મળેલ અનુદાન નિમિત્તે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ દાતાશ્રીઓનો આભાર માને છે. સંસ્થાની સ્ત્રીઉત્કર્ષ યોજના, રહેઠાણ યોજના, વૈદ્યકીય સહાય, શૈક્ષણિક લોન, બુક બૅન્ક જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ અનુદાનમાં આયકર કલમ 80-G બાદ મળે છે.

# સાંત્વન

(તા. ૧ ઑગસ્ટ, ૨૦૨૬ થી તા. ૩૧ ઑગસ્ટ, ૨૦૨૬)

**ચક્ષુદાન : 👁   દેહ /ત્વચાદાન : ✪   અવયવદાન : ✷**

## પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| પ્રીતિ કાંતિલાલ ભાણજી નિસર | ૫૬ | દેવપુર | વિલે પાર્લે |
| કલાવતી શામજી ભાણજી મારુ | ૭૬ | લાખાપુર | મલાડ |
| વસનજી કાનજી તેજશી વીરા | ૮૭ | રતાડિયા ગણેશ | સાયન |
| ગ.સ્વ. સાકરબેન મૂલચંદ શિવજી રાંભિયા | ૮૦ | ગોધરા | ભાંડુપ |
| ઍડ. નેહા નવીન કુંવરજી ગડા | ૪૮ | બાડા | મુલુંડ |
| ધીરજ પોપટલાલ ટોકરશી છેડા | ૬૬ | રતાડિયા ગણેશ | નાલાસોપારા |
| પુષ્પા તારાચંદ રાયશી ગડા | ૬૯ | નાના રતાડિયા | ડોંબિવલી |
| તુષાર જગશી માવજી શાહ/ગોગરી | ૭૩ | બિદડા | સાંતાક્રુઝ |
| રતનબેન નવીનચંદ્ર રાયશી શાહ/ગડા | ૮૩ | બાડા | મલાડ |
| કેસરબેન મોરારજી કાનજી રાંભિયા | ૯૦ | નાના ભાડિયા | વાપી |
| મણિબેન મોતીલાલ હંસરાજ રાંભિયા | ૮૪ | નાંગલપુર | મીરા રોડ |
| અમૃતબેન રસિક તેજશી ગાલા | ૭૬ | લુણી | ડોંબિવલી |
| હંસાબેન વૃધ્ધીચંદ શામજી પાસડ | ૭૮ | શેરડી | ઘાટકોપર |
| રતનબેન વલ્લભજી વેરશી હરિયા | ૮૨ | શેરડી | મરીન ડ્રાઈવ |
| અ.સૌ. નીતા (નાનીતુંબડીનાં મા.પુષ્પાબેન પ્રેમજી શામજી દેઢિયાની સુપુત્રી) | ૫૯ | – | દહિંસર |
| મા. સાકરબેન રવજી નરશી ગાલા | ૮૪ | ભુજપુર | થાણા |
| અમરીશ જયંતીલાલ શાહ (મારુ) | ૬૦ | હાલાપુર 👁 ✪ | મુલુંડ (ટીશ્યુ, બોન) |
| રમેશ લાલજી ધારશી ગાલા | ૬૪ | વડાલા | નાલાસોપારા |
| તરુલતાબેન વિનોદ ખીમજી ભુજપુરિયા (ગાલા) | ૭૭ | ભુજપુર | સાયન |
| મણિબેન મગનલાલ ગણશી નંદુ | ૭૮ | વાંઢ | કાંદિવલી |
| ગુણવંતીબેન મોહનલાલ ચના ગોસર | ૮૮ | હમલામંજલ | ડોંબિવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| રતનબાઈ પાસુ હરિયા | ૯૪ | ભારાપુર | ભારાપુર |
| નિર્મળાબેન પ્રવીણ રતનશી છેડા | ૭૭ | ગોધરા | થાણા |
| શાંતિલાલ કેશવજી વીરજી ગાલા | ૯૦ | કપાયા | માટુંગા |
| કુ. નીપા હસમુખ ભાણજી સાવલા | ૫૧ | નાની તુંબડી | કાંદિવલી |
| ધીરજ નાનજી ધનજી કેનિયા | ૭૩ | બારોઈ | ડોંબિવલી |
| મા. લક્ષ્મીબેન રાયશી રવજી ગડા | ૮૯ | નાના રતડિયા | હૈદરાબાદ |
| લક્ષ્મીચંદ ભારમલ લધા સાવલા | ૭૪ | ભીંસરા | ગોરેગામ |
| મા. પ્રેમીલાબેન પ્રેમજી જગશી દેઢિયા | ૮૪ | બિદડા | પાલિતાણા |
| શાંતાબેન પોપટલાલ ઉમરશી ગાલા | ૮૪ | મેરાઉ | મુલુંડ (૧૬ઉ) |
| ભાઈલાલ મોહનલાલ ભવાનજી ગડા | ૯૦ | મોટા રતાડિયા | ડોંબિવલી |
| અ.સૌ. મંજુલાબેન રમેન્દ્ર કુંવરજી મામણિયા /શાહ | ૭૧ | ડેપા (ઉ.૧) | બાલાઘાટ (મ.પ્ર.) |
| મેઘજી કચરાભાઈ છેડા | ૮૧ | મોટા લાયજા | અમદાવાદ |
| મા. હંસાબેન ઠાકરશી લધા દેઢિયા | ૮૯ | ગઢશીશા | દાદર ✪ |
| પ્રેમીલા મેઘજી રતનશી દેઢિયા | ૭૨ | ગઢશીશા | ડોંબિવલી |
| રતિલાલ રામજી નાગશી રાંભિયા | ૮૩ | ગુંદાલા | મલાડ ✪ |
| મા. મણિબેન શામજી રામજી વીરા | ૯૬ | દેશલપુર (કંઠી) | દાદર |
| મધુ ચુનીલાલ નેણશી ગંગર | ૬૫ | મોટી ખાખર | વાશી |
| મંજુલા વેલજી ગાલા | ૭૫ | દેવપુર | અંબરનાથ |
| ધનલક્ષ્મી લાલજી ગણપત છેડા | ૯૨ | નાની ખાખર | થાણા |
| દિલીપ ખીમજી ઉમરશી સતરા | ૬૮ | મોખા | કાંદિવલી |
| શશિકાંત રામજી કરમશી ગાલા | ૬૮ | સાડાઉ | ડોંબિવલી 👁 ✪ |
| બા.બ્ર. શાંતાબાઈ લાલજી અરજણ સોની | ૭૫ | વડાલા | થાણા |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| શાંતિલાલ ધનજી કચરા ગડા | ૭૫ | મોટા લાયજા | ઘાટકોપર |
| જયંતીલાલ કુંવરજી દેવજી ધરોડ | ૯૦ | પત્રી | મલાડ |
| વિરલ (મોટા આસંબિયાના નલિની જયંતીલાલ નંદુની પુત્રી) | ૪૧ | — | વિરાર |
| ચંદ્રાબેન મોણશી વેરશી દેઢિયા | ૭૪ | ભુજપુર | બોરીવલી |
| અરુશ મેહુલ નવીન ગંગર | ૫ | મોટી ખાખર | ભુજપુર |
| ઉદય પ્રકાશ ડુંગરશી છેડા / શાહ | ૪૬ | માપર | પુના |
| શાંતિલાલ રતનશી કેશવજી ખીમસરિયા | ૭૬ | મોટી ઉનડોઠ | વિરાર |
| મા. કાંતાબેન કોરશી ખીંયશી દેઢિયા | ૮૦ | ટુંડા | મલાડ |
| જયંતીલાલ પાસુ કચરા ગડા | ૮૧ | મોટા લાયજા | થાણા |
| પ્રભાવતી કલ્યાણજી લીલાધર ખીમસરિયા | ૮૩ | મોટી ઉનડોઠ | બાંદરા |
| કુસુમબેન જયેશ લીલાધર સાવલા | ૪૯ | મોટા લાયજા | ડોંબિવલી |
| જયેશ રવજી પુંજા શેઠિયા | ૫૯ | લાખાપર | ગ્રાન્ટ રોડ |
| અનિલ અમૃતલાલ મગનલાલ ગડા | ૬૧ | મોટી રાયણ | વસઈ |
| પ્રેમીલા પ્રફુલ્લ ઉમરશી છેડા | ૬૬ | વાંકી | ડોંબિવલી |
| હરખચંદ મેઘજી માલશી ગાલા | ૬૯ | વડાલા | કાંદિવલી |
| પુષ્પાબેન રમેશ શિવજી છેડા | ૬૯ | લાયજા | મલાડ |
| હેમલતા લક્ષ્મીચંદ રામજી છેડા | ૭૯ | મોટા લાયજા | સાંતાક્રુઝ |
| ગોવિંદજી જીવન કાનજી છેડા | ૮૦ | નાના આસંબિયા | બિદડા |
| મંજુલાબેન વલભજી ભવાનજી માલદે | ૮૧ | બેરાજા | ડોંબિવલી |
| અ.સૌ. રસીલાબેન હસમુખ જેઠાલાલ મારુ | ૬૨ | ડોણ | અંબરનાથ |
| ઉષાબેન વીરચંદ લાલજી ગાલા | ૭૨ | કાંડાગરા | ડોંબિવલી |
| લક્ષ્મીચંદ લાલજી નાગજી સાવલા | ૭૪ | નાની તુંબડી | વસઈ |
| હરિલાલ ખીમજી માલશી દેઢિયા | ૭૯ | બગડા | અંધેરી |
| વસંતલાલ દામજી લાલજી દેઢિયા | ૮૩ | નાની ખાખર | પુના |
| મા. ઝવેરબેન દેવજી કોરશી સંગોઈ | ૯૬ | કપાયા | ઘાટકોપર |
| રાજેન્દ્ર લક્ષ્મીચંદ કાનજી વોરા | ૬૫ | બિદડા | ઘાટકોપર |
| ગંગાબેન ડુંગરશી તલકશી ધરોડ | ૯૦ | બેરાજા | નાના ભાડિયા |
| ઈંદિરા તલકશી હીરજી છેડા | ૯૬ | મોટા આસંબિયા | મલાડ |
| આકાશ નીતિન નેમજી ધરોડ | ૩૫ | લુણી | ગાંધીધામ |
| દેવચંદ વીજપાર રણશી દેઢિયા | ૭૮ | ભુજપુર | ડોંબિવલી |
| પ્રીતિ વિપુલ કલ્યાણજી લાલન | ૬૩ | કોડાય | દહિંસર |
| નીરંજના તારાચંદ ખીમજી નાગડા/શાહ | ૮૨ | કોટડી મહા. | ઘાટકોપર |
| મણિલાલ કાનજી વીરજી પોલડિયા | ૭૬ | બિદડા | પરેલ |
| અ.સૌ. અનીતાબેન હિંમતકુમાર નાનજી મારુ | ૫૮ | શેરડી | ડોંબિવલી |
| કુ. નિરવી તેજશ પ્રવીણ દેઢિયા | દિ.૧ | પ્રાગપુર | મુલુંડ |
| કાંતિલાલ વસનજી ખીમજી છેડા | ૯૨ | નાના આસંબિયા | જુહુ |
| પ્રેમજી જેસંગ ટોકરશી ગાલા | ૯૬ | નાના આસંબિયા | ભાઈંદર |
| સંગીતાબેન ગુલાબ વરજાંગ છેડા | ૬૧ | મોટા આસંબિયા | પુના |
| ઉમરશી હેમરાજ દેવજી ગાલા | ૮૦ | મોટી ઉનડોઠ | દેવલાલી |
| રતનશી રામજી આસુ ફુરિયા | ૮૭ | બિદડા | ઘાટકોપર |
| મા. રતનબેન કુંવરજી મુરજી નાગડા | ૯૨ | નરેડી | કાંદિવલી |

## પ્રાર્થના રાખેલ છે

| | | | |
|---|---|---|---|
| રમણીક વેલજી લધુ દેઢિયા | ૬૭ | મોખા | મુલુંડ |
| તલકશી રામજી રવજી મામણિયા | ૭૧ | કુંદરોડી | બોરીવલી |
| લહેરચંદ મેઘજી લાલજી કેનિયા | ૮૩ | બારોઈ | મુલુંડ |
| નિર્મળાબેન નાનજી નથુ સૈયા | ૮૦ | મોખા | નાલાસોપારા |
| નાગજી ગાંગજી શિવજી ગાલા | ૮૬ | પત્રી | ભાંડુપ |
| રાજેશ નેમજી કાનજી છેડા | ૫૬ | રતાડિયા ગણેશ | મલાડ |
| મા. હેમલતાબેન શાંતિલાલ ખીમજી સતરા | ૭૯ | લાખાપુર | નાગપુર |
| ગાંગજી લીલાધર ખેરાજ દેઢિયા | ૮૭ | ભોજાય | માટુંગા |
| કિશોર વલ્લભજી ઉમરશી પોલડિયા | ૬૩ | તલવાણા | ખેતવાડી |
| ઍડ. દિવ્યબાલા વેલજી પુંજા શાહ /ગાલા | ૭૫ | મોટા લાયજા | વિલે પાર્લે |
| ભારતીબેન હરખચંદ રામજી દેઢિયા | ૭૫ | તલવાણા | ગોરેગામ |
| ઝવેરચંદ દેવજી રવજી નાગડા | ૮૩ | ગઢશીશા | ઘાટકોપર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| અ.સૌ.દિનાબેન મહેન્દ્ર મણિલાલ ગોગરી | ૬૨ | પત્રી | દહિંસર |
| જવેરીલાલ હરશી વેલજી છેડા | ૮૭ | મોટા લાયજા | મલાડ |
| મણિલાલ નાગજી જેઠા ગડા | ૭૬ | લઠેડી | મુલુંડ |
| કુસમબેન વલ્લભજી જેવત ગંગર | ૮૦ | બિદડા | માટુંગા |
| ગોવિંદજી નેણશી દેરાજ છેડા | ૮૩ | કુંદરોડી | બોરીવલી |
| જગશી જેઠાભાઈ ખેતુ છેડા | ૯૦ | મોટા લાયજા | માટુંગા |
| ભારતી ધીરજ લાલજી રાંભિયા | ૭૩ | નાના ભાડિયા | ઘાટકોપર |
| અ.સૌ. ભાનુમતીબેન હિંમતલાલ ખીમજી સાવલા | ૭૬ | રામાણિયા | મલાડ |
| અ.સૌ. હસ્તીબેન લક્ષ્મીચંદ પ્રેમજી દેઢિયા | ૭૪ | તલવાણા | મલાડ |
| ખીમજી શામજી લધા ગોસર | ૮૦ | સાભરાઈ | ખાર |
| જતીન મહેન્દ્ર ભાણજી દેઢિયા | ૫૪ | પત્રી | કાંદિવલી |
| પોપટલાલ કેશવજી શિવજી ગાલા | ૭૫ | કાંડાગરા | નાલાસોપારા |
| ડુંગરશી લખમશી કરમશી ગંગર | ૮૧ | બેરાજા | બોરીવલી |
| દિવ્યા પ્રવીણ લખમશી ગોગરી | ૭૨ | ભુજપુર | દહિંસર |
| હરિલાલ ભીમશી કેશવજી સાવલા | ૭૮ | પત્રી | ડોંબિવલી |
| મા. બાયાબાઈ શામજી મેઘજી ગાલા | ૮૬ | કોટડી મહા. | વસઈ |
| વેરશી હધુ વેલજી દેઢિયા | ૧૦૦ | ભુજપુર | બોરીવલી |
| વસંતલાલ ચના રણશી છેડા | ૭૮ | ગોધરા | ભાંડુપ |
| સાકરબેન વસનજી વેલજી છેડા | ૭૮ | રતાડિયા ગણેશ | મીરા રોડ |
| પીયૂષ કાનજી કુંવરજી ગડા | ૫૧ | ગુંદાલા | ગોવંડી |
| પ્રેમજી લાલજી નેણશી ગોસર | ૮૧ | હાલાપુર | ડોંબિવલી |
| અ.સૌ. લક્ષ્મીબેન નાનજી ભીમશી છેડા | ૮૩ | બિદડા | થાણા |
| કેશવજી કરમશી દેઢિયા | ૮૬ | મોટી ખાખર | મોટી ખાખર |
| રંજનબેન ખેરાજ પુંજા દેઢિયા | ૭૮ | રામાણિયા | મુલુંડ |
| ડૉ. ટીપીન વલ્લભજી હીરજી કારાણી | ૭૩ | સાભરાઈ | બોરીવલી |
| વસનજી પુનશી રવજી દેઢિયા | ૮૬ | લુણી | બોરીવલી |
| અ.સૌ. કલ્પના મૂલચંદ દેવજી ગડા | ૬૪ | વિંઝાણ | સાત રસ્તા |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| આનંદ (ગુંદાલાનાં જયશ્રી દિનેશ | ૩૮ | — | બોરીવલી |
| વીરજી સાવલાના જમાઈ) | | | |
| વલ્લભજી શિવજી ધનજી શાહ /ગડા | ૮૯ | નાના ભાડિયા | સાયન |
| અ.સૌ. પૂર્વી યોમેશ આણંદજી દેઢિયા | ૫૮ | પ્રાગપુર | મલાડ |
| સાકરબેન મેઘજી રાયશી રાંભિયા | ૮૩ | ગોધરા | દાદર |
| અ.સૌ. જ્યોતિબેન કિશોર રતનશી ગાલા | ૬૬ | કાંડાગરા | ગોરેગામ |
| ઉમેદચંદ નેણશી કાનજી સતિયા | ૬૮ | નાની ખાખર | ડોંબિવલી |
| દેવીકાબેન ગડા | ૬૮ | મોટા લાયજા | વડોદરા |
| હીરામણિ હરિલાલ કુંવરજી વોરા | ૮૪ | નારાણપુર | ગ્રાન્ટ રોડ |
| મા. મોંઘીબેન હેમરાજ ટોકરશી વિસરિયા | ૯૪ | કોટડા રોહા | સાયન કોલીવાડા |
| કનૈયાલાલ નેણશી મેપા બોરિચા | ૭૬ | આધોઈ | વલસાડ |
| અ.સૌ. કેસરબેન શાંતિલાલ પદમશી સંગોઈ | ૭૭ | ટોડા | ગોરેગામ |
| વસનજી ખીમજી વીરજી ગાલા | ૮૪ | વડાલા | પરેલ |
| સુંદરજી મુલજી હીરજી શાહ | ૮૪ | સણોસરા | પવઈ |
| મા. હાંસબાઈ રતનશી વેરશી દેઢિયા | ૯૩ | શેરડી | ઘાટકોપર |
| લલિત દેવચંદ તેજશી વીરા | ૫૨ | બાડા | ભાંડુપ |
| નરેન્દ્ર રતનશી વીરજી મામણિયા | ૬૪ | લાયજા | મલાડ |
| ઝવેરચંદ કુંવરજી રવજી છેડા | ૮૨ | ગોધરા | દહિંસર |
| તલકશી પાસુ ડાહ્યા ગડા | ૮૪ | સાભરાઈ | તામિલનાડુ |
| અ.સૌ. રાજુલ સંજય કેશવજી દેઢિયા | ૫૧ | નાના રતાડિયા | માટુંગા |

**કાળધર્મ પામેલ છે**

| | |
|---|---|
| પ.પૂ. સાધ્વી ભુવનહિતાશ્રીજી | ૭૩ |

**મા, પે જે કે સિકંધા મુઆ,**
**ઈ પુતર સેવામેં મોડા પેઆ,**
**પોય લૉકીક વૅવાર ભંધ રખ્યાં,**
**નેં જાધમેં ઈનીજી ઠૉડા થેઆ.**

network techlab
*Adding Values to Work*

# Is Your Data Centre Ready for Liquid Cooling?

As AI workloads grow and rack densities increase, air cooling is hitting its limits. Liquid cooling for data centre is no longer a future technology it's happening right now.

## Here's why leading enterprises are making the switch:

- Up to 40% reduction in cooling energy costs
- Handles high-density racks (20–30+ kW) with ease
- Extends hardware lifespan by reducing thermal stress
- Supports AI, GPU & HPC workloads effortlessly
- Helps meet sustainability & green data centre goals



Head- Office: - 41, Sarvodaya Ind. Est., Off. Mahakali Caves Road, Andheri (E.), Mumbai, 400093
Main Branch: - Plot no. A-142, Rd Number 23, Wagle Industrial Estate, Thane (W.), Thane, 400604

PAGDANDI (Monthly) OCTOBER 2026 RNI-14593/1957
Posted at Patrika Channel Sorting Office, Mumbai - 400 001

શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ
સમાજ ઉત્કર્ષના સાતત્યભર્યા ૭૮ વર્ષ
સંપ, સંગઠન, સમર્પણ

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ




# PAGDANDI

*If undelivered, please return to*

To,

**Shri K.V.O. Seva Samaj**
Shri C. V. O. D. Jain Mahajanwadi,
99/101, Keshavji Naik Road, Mumbai - 400 009.
Tel. : 022 2371 4674 / 4961 4242 / 4343
E-mail : ksevasamaj@gmail.com
Website : www.kvoss.org